ખુલાસો.

આ વિષય **સાંજ વર્તમાન** પત્રમાં પ્રગટ થઇ ગયો છે, પણ તે કેટલાક દયાળુ અને દીનદાર જરથોસ્તીઓને પસંદ પડવાથી આ આકારમાં ફરીથી પ્રગટ કરવામાં આવ્યો છે. આ વિષયમાં મૌસ ખાવાના સવાલ માટે પાધરી રીતે કાંઇ ઝાઝુ જણાવવામાં આવ્યું નથી, તોપણ ગોસ્પંદોને દુઃખ આપ્યા વગર તેમને મારી નખાતું નથી, અને મારી નાખ્યા વગર મૌસ મેળવી શકાતું નથી, તેથી આડકતરી રીતે લેતાં જરથોસ્તી ધર્મ બેશક મૌસ ખાવાની વિરૂદ્ધ મત આપે છે.

આ લખાણમાં જોકે ગોસ્પંદોની પરવરશી માટે અવસ્તા શું કહે છે તે દર્શાવવાની નેમ રાખી છે, તે છતાં પેહેલવી અને ફારસી લખાણો પાછલા વખતનાં ગણાવા છતાં, અવસ્તાનાં ફરમાનોને અનુસરતાં હોવાથી, તે સાહદતો પણ સામેલ કરવામાં આવી છે.

ઉમેદ છે કે દીનદાર જરથોસ્તીઓ એ ઉપર દરિયાફ્ત કરશે.

પ્રસિદ્ધ કરનાર.

અર્પણ પત્રીકા.

જેઓના વાહલા, અને એક પુરા બેટાઓ, કે જેઓ
એલમ, હુંન્નર શીખી, પોતાનાં ગરીબ માં બાપની,
પરવરશી કરવાની પુર ઉમેદ રાખી ભર જવાની-
માંજ પોતાના મા બાપને તવલતાં નાંખી,
મીનોઇ જેહાંન તરફ, કુચ કરી ગયા
હોય, તેઓની તરફનાં પ્યારની
ઇધાંની તરીકે, આ નાની ચોપડી
તેઓનાં અશો રૂહને અર્પણ
કરી છે.

કર્ત્તા.

સાંકળ્યું.

પ્રસ્તાવના.

હાલના વખતમાં ગરીબ પ્રાણીઓનો નાહકનો વધ થતો અટકાવવાની કોશેશને મારો અદના ટેકો આપતાં કેટલાકો જરથોસ્તી ધર્મમાં ગોસ્પંદને હલાલ કરી ખાવાનું ફરમાન સમજવાની ભુલ કરે છે તે આ વીશય મારફતે સુધારવાની રજા લઉં છું.

પાક પરવરદેગાર અજીમ કુદરતનો ધણી જેણે મીનો અને ગેતીની દુનિયાંને એવા નીયમથી બનાવી કે, તેઓ (એ દુનિયાં)માંની દરેક ચીજ દરેકનાં કામને મદદ કરતાં રેહ તો તેની જગત સંમતોલ ચાલે.

દાખલા તરીકે "આસમાન," તમામ ગ્રહમંડળો અને મીનોઇ શક્તિઓને બરાબર નીયમસર ફરહર કરવામાં મદદ કરે છે.

"જમીન," જે કુદરતી કરામતનો ગેબી ખજાણાનો એક ભંડાર છે, તે દુનીયાંને એવી રીતે મદદ કરે છે કે જેનું બ્યાંન કરવું મુશકેલ છે.

"પાણી" વનસ્પતીને ઉગાડવામાં તથા જાનદારોને તંદુરસ્તી આપવા વીગેરેને બેહદ મદદ કરે છે.

"વનસ્પતી" તરેહવાર ફળ ફળાદીની ઇનસાન તથા જાનવરોનાં ખોરાક તરીકેની અને તેઓનાં દુઃખ દરદો દફે કરવામાં મદદ કરે છે.

"આતશ" કંઇ અગણીત કામોમાં મદદ કરે છે કે જેનું બ્યાંન કદી પણ થઇ શકે નહી.

"ગોસ્પંદ" પોતાનાં દુધથી કુલ દુનીયાંને મદદ કરે છે કે જેની તરેહવાર ચીજો બનાવી ઇનસાનો પોતાની તંદુરસ્તીનું સુખ હાંસેલ કરે છે. ટુંકમાં એ પાંચે ચીજોનાં બ્યાંનની હદ છેજ નહી.

"ઇનસાન"ને દુનીયાંની દરેક ચીજપર સરદારી આપી છે કે તેઓ દરેક ચીજની પરવરશી ભરેલી સંભાળ કરવામાં મદદ કરે. જેમકે જમીન જે એક મટોડું છે પણ તેનીગી સંભાળ ન લીધી તો તે દુનીયાંને નુકસાન કરવાનો સબબ થઇ પડે છે. માટે ઇનસાનને દરેક ચીજની સંભાળ કરી તે સાહેબના કાયદા પ્રમાણે તે ચીજોને વાપરવા પેદા કીધું છે, ટુંકમાં

કોઇબી ચીજની કાયદાસર સંભાળ નહીં લીધી તો ખચીત તે દુનીયાંને નુકસાન પહોંચે છે અને એવાં મુસ્તકીમ કારણોસર પરવરદેગારે કંઇ એક ફરેસ્તાઇ શક્તીઓને દરેક ચીજની સંભાળ લેવા તથા તેઓનો વધારો કરવાને ખાતર મુકરર કીધેલી છે, અને એટલા માટે પવીત્ર જરથોસ્તી ધર્મમાં ગાએ ગોસ્પંદોની પરવરશી કરવાનાં તથા તેઓનો વધારો કરવાનાં ફરમાનો જગેજગ જોવામાં આવે છે.

તે છતાં **યજશ્નેનાં** ૯, ૧૦ અને ૧૧ મા હામાં હોમ યજદનું વર્ણન આવે છે ત્યાં (હા ૧૧ માં) હોમ યજદ દરૂનની સાથે ગોસ્પંદની જીભ, આંખ તથા ગોસ્તનો કટકો પોતે ખાવા માંગતા હોય એવા આકારમાં તરજુમાઓમાં માલમ પડે છે, અને તેબી વળી અશો હોરમજ્દ આપતો હોય તેમ જણાય છે. પણ અલબતાં એવા અર્થોમાં કંઇએક ભેદ બાતેનમાં સમાયલો દીસે છે, અને એવાજ બાહેરના અર્થો ઉપરથી એમ માનવામાં આવે છે કે, હોમ યજદને અથવા બીજા ફરેસ્તાઓને માટે ગોસ્પંદને હલાલ કરી તેના ભાગો યા ગોસ્ત ક્રીયામાં મુકી તેઓને નામે ઇજી અર્પણ કરવું જોઇએ, અને એટલાજ ઉપરથી ગોસ્પંદને કાપી તેનું ગોસ્ત ખોરાક તરીકે લેવાનું ફરમાન જાહેરના અર્થો ઉપરથી સમજવામાં આવે છે, એટલુંજ નહી પણ બહમન મહીનો અને બહમન રોજે કોઇનો ચોથો દીવસ પડે તે દહાડે ખાસ કરીને ગોસ્પંદને કાપી તેની ચરબી આતશબેહરામમાં ચહડાવી તેનું ગોસ્ત ખાવાનું ગોઆ જરથોસ્તી ધર્મનું ફરમાન હોય એમ કેટલીક રેવાએતો-ની ઉપરથી જોવામાં આવે છે, એટલી બધી હદ સુધી ગોસ્પંદોને હલાકી પોહોંચાડવાનું લખાયલું દીસે છે. માટે ગોસ્પંદને કાપીને તેનાં મુરદાર ગોસ્તનાં ભાગો ધર્મ ક્રીયામાં મુકવાનું અને તે ઉપરથી તેને ખોરાક તરીકે લેવાનું જરથોસ્તી ધર્મ પ્રમાણે વાજબી છે કે ગેરવાજબી તે તપાસવાની મકસદથી અને આયંદેહ વખતમાં કોઇ દુરઅંદેશ અભ્યારી એવી બાબદમાં શોધખોળ કરવા ચાહે તો તેને કાંઇક સહેલ થઇ પડે, એવા વીચારથી આ ગોસ્પંદની બાબદનું લખાણ, અવસ્તાનાં તથા ધર્મને લગતી બીજી કેતાબોના દાખલા દલીલોની સરખામણીથી અદનાંની સમજ શક્તી પ્રમાણે કીધું છે, માટે વાંચનારા સાહેબોની નજરમાં કાંઇ હેરફેર યા કંઇ ખતા જેવું માલમ પડે તો આ લખાણની ઢપ યાને ઇબારત તરફ ન જોતાં અદનાની મુલ નેમ શું છે તે ઉપર ધ્યાંન પુગાડી દરગુજર ફરમાવવી.

ગોસ્પંદને લગતી બાબત સંપુર્ણ લખવામાં આવે તો તેનું એક મહાભારત પુસ્તક બને, વાસ્તે બનતાં સુધી આ સંગ્રહ ઘણોજ ટુંકમાં કરી તેને નીચલા નવ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે:—

૧—ગોસ્પંદોથી માણસ જાતને થતા ફાયદા તથા તેઓની પરવરશી કરવાનું જરથોસ્તી ધર્મનું ફરમાન.

૨—જીંદગી ગુજારવાનાં બાબમાં ગોસ્પંદો તથા માણસોનો સરખો હક.

૩—ગોસ્પંદોને દુઃખ દેવાનું તથા હલાક કરવાનું કામ જરથોસ્તી ધર્મે ગુનાહભરેલું ગણ્યું છે.

૪—હોરમજ્દની નઇયતે ગોસ્ત અથવા ગોસ્પંદોના ભાગો ઇજાવવાનું અથવા અર્પણ કરવાનું કહેવાતું અવસ્તાનું ફરમાન.

૫—હોમ યજદ તથા બીજા ફરેસ્તાઓ દુનીયાંમાં આબાદી તથા વધારો કરનારા છે તે વીશેનાં જરથોસ્તી ધર્મનાં ફરમાનો.

૬—બાજ ઇજતી વખતે દરૂન ઉપર "ગોશોદો" તરીકે ગોસ્ત અથવા કવાબ મુકવાનો ભુલ ભરેલો વીચાર.

૭—ખોરાક તરીક ગોસ્ત લેવાના અવસ્તાના શક ઉપજાવનારા તરજુમા.

૮—વનસ્પતી તથા અનાજ અને ફળફળાદી મેવો તથા દુધને ખોરાક તરીકે લેવાનાં જરથોસ્તી ધર્મનાં ફરમાનો.

૯—ગોસ્તના ખોરાક વીશે વીદ્વાન ફીલસુફોનાં મતો, તથા ખ્રીસ્તી, હીંદુ અને ઇસલામી ધર્મમાં ગોસ્પંદ વીશેના ફરમાનોનો ટુંક સાર.

આ લખાણમાં અવસ્તાની સાહદતો મરહુમ એરવદ સાહેબ કાવસજી એદલજી કાંગાના તરજુમાઓને આધારે આપવામાં આવી છે.



અવસ્તા અને ગોસ્પંદની પરવરશી.

બાબ ૧ લો.

ગોસ્પંદોથી માણુસજાતને થતા ફાયદા તથા તેઓની પરવરશી કરવાનું જરથોશ્તી ધર્મનું ફરમાન.

આપણા પાક જરથોસ્તી ધર્મ પ્રમાણે ગોસ્પંદોને સંભાળી તેઓની પરવરશી કરવી, તેઓ તરફ માનની નજરથી જોવું તેઓ વીશેની વાતચીતમાં સારા સખુનો વાપરવા, ઠંડી અને ગરમીમાં જેમ આપણે સંભાળથી રહીએ છીએ તેમ તેઓને સંભાળથી રાખવાં, વખતસર ઘાસ દાણો આપવો, ખોરાક સારો આપવો, પાણી સ્વચ્છ પાવું, અને વસ્ત્રથી તેઓને ઢાંકેલાં રાખવાં, ઇત્યાદી ફરમાનો પાક અવસ્તા મધે જગેજગ જોવામાં આવે છે. જેમકે **યજશ્ને**ના ૧૦ મા હાના ૨૦ માં ફકરામાં લખે છે કે—

ગાએ-ગોસ્પંદને માટે નમાજ (હોજો)
ગાએ-ગોસ્પંદને માટે નમાજ (હોજો)
ગાએ-ગોસ્પંદને માટે (સારા) સખુન (હોજો)
ગાએ-ગોસ્પંદને માટે ફતેહ (હોજો)
ગાએ-ગોસ્પંદને માટે ખોરાક (હોજો)
ગાએ-ગોસ્પંદને માટે વસ્ત્ર (હોજો)

ગોસ્પંદની પરવરશી અને સંભાળ કેવી કેવી રીતે કરવી તે ઉપલા અવસ્તામાં વીગતવારે સમજાવવામાં આવ્યું છે, પણ એનાથીગી આગળ વધીને પવિત્ર **ગાથા** વાણીમાં એમ સમજાવે છે કે—

"ગાએ ગોસ્પંદને માટે આપણે મહેનત કરવી જોઇએ, (સબબ કે) તેઓ આપણા ખોરાકને માટે વધારો કરનારાં છે, કારણ કે તે (યાને ગાએ ઢોર) આપણી કીમતી મતા (છે) તથા નેક નૈયતની મુરાદમાં તે આપણને કૌવત (તથા) જોર બક્ષે છે" (હા ૪૮, ફ૦ ૫-૬.)

ઉપલા ગાથાના કલામો ઉપરથી જણાય છે કે, ગોસ્પંદોની પરવરશી કરવા માટે માણસોએ મેહનત કરવી જોઇએ, અને તે મેહનત કરવાનું કારણ એમ જણાવે છે કે તેઓ યાને ગોસ્પંદો આપણા ખોરાકને માટે વધારો કરનારાં છે, પણ જ્યારે અવસ્તાને નામે તેઓને હલાક કરવામાં આવે છે ત્યારે તેઓ આપણે માટે વધારો તે ક્યાંથી કરી શકે? માટે મજકુર **ગાથા**ના ફકત ત્રણજ દાખલાઓથી ગોસ્પંદોને હલાકી પહોંચાડવાનાં ફરમાનો ખોટાં ઠરે છે, કારણ કે ગોસ્પંદો માટે જે મહેનત કરવા ફરમાવે છે તે નેક અને ભલી નૈયત રાખી કરવા કહે છે, નહી કે તેઓને કાપી ખાવાની બુરી નીયતથી; અને તે નેક નૈયતથી કીધેલી પરવરશીના બદલામાં આપણને જોર તથા કૌવત બક્ષે છે એટલે તેઓ પોતાના દુધના ઉત્તમમાં ઉત્તમ ખોરાકની આપણને બક્ષેશ કરે છે, કે જેમાંથી તરેહવાર ચીજો બનાવી આપણે કૌવત મેળવીયે છીએ. એટલા માટે ગોસ્પંદોને ઇનસાનોની કીમતી મતા તરીકે ગણેલાં છે, અને ખરેખર એ અવસ્તા પ્રમાણે દુધનો ધંધો કરી લેકો પોતાનાં ગુજરાનની મતા જમા કરે છે. ગોસ્પંદોને ઇનસાનોની કીમતી મતા તરીકે ગણેલાં છે તે કારણે તેની ઘટતી સંભાલ કરવા ફરમાવે છે. જેમ કે ગીસ્તાસ્પ નુશકની ૬ ઠી ફર્ગરદમાં જરથોસ્ત સાહેબ એમ સમજાવે છે કે,—

"તું હીંમત પકડીને પોતાનાં તનને નેક પેદા કીધેલાં ગોસ્પંદોની પરવરશી કીધામાં સપુરદ કર (યાને પાછલી રાતના ઉઠીને ગોસ્પંદોની પરવરશી કીધામાં તારાં તનને સોંપ) જેથી તું સવાબના માર્ગમાંનો માર્ગ પામે."

'(અએ નર તથા નારી) તમારે માટે દાદાર હોરમજદની યજશ્નેને તથા આરાધના તથા ગાય ઢોરની પરવરશી (હમો) સૌથી ઉત્તમ ગણીએ છીએ.'

યજશ્ને, હા ૩૫, ફ. ૭ મો.

વીસ્પરદના પાક અવસ્તામાં જણાવે છે કે,

"આએ જોર તથા બરસમે કરીને ઘાસચારાથી ભરપુર મકાન રાખનારને યજશ્નેમાં હું યાદ કરૂં છું, સારી પેદાએશવાલાં ગાય ઢોરને માટે ઘાસચારો

ઉત્પન્ન કરનારને યજશ્નેમાં હું યાદ કરૂં છું, ગાય ઢોરની પરવરસી કરનાર અશો માણસને યજશ્નેમાં હું યાદ કરૂં છું." (કરદો ૨ જો, ફ. ૧૧, તથા કરદો ૧, ફ. ૯)

"ઘણાંજ મહેનતુ (તથા) ગાએ ગોસ્પંદના ઘાસચારાને માટે ઘણુંજ કામ કરનાર અશો માણસોના (સરદારને) (તથા દેશની) આબાદી કરનાર ખેડુતના સરદારને હું યાદ કરૂં છું."—યજશ્ને, હા ૧૩, ફ. ૨ જો.

"રાસ્ત (માણસ) (દુનીયાંની) આબાદી કરનાર, ફત્તેહમંદ તથા સર્વ ઉત્તમ છે (તે પ્રમાણે) (દુનીયાંની) આબાદી હમોબી કરીયે, તે રાસ્ત માણસ અશોઇની પુઠે ચાલવાએ કરીને ગાય ગોસ્પંદોના (તથા) અશો (હોરમજ્દ)ની અશોઇની મરજી પ્રમાણે ચાલનારી પેદાયશનો પીતા છે."—યજશ્ને, હા ૫૮, ફ. ૪.

ઉપલા અવસ્તાના દાખલાઓથી દીનદાર જરથોસ્તીઓ જોઇ શકશે કે, ગોસ્પંદ જેવી ઉત્તમ ચીજ તે પાક પરવરદેગારની નજરમાં બીજી કોઇ નહી હશે, કારણ કે જગેજગે ગોસ્પંદો માટે એમ કહે છે કે 'સારી પેદાયશનાં,' 'ઉત્તમ પ્રકારના,' 'નેક પેદા કીધેલાં,' એવા નેકી ભરેલા સખુનોથી બોલવામાં આવે છે, અને તેની પરવરશી સઉથી ઉત્તમ અને સરસ ગણવામાં આવી છે. તેની પરવરશી કરનારને વખાણી યજશ્નેમાં યાદ કરવામાં આવે છે; તેઓ માટે ઘાસચારો ઉત્પન કરનારને અશો માણસ તરીકે ગણેલો છે; અને વળી પોતે અશોઇવાળો થઇ ગોસ્પંદની પરવરશી કરે તેને અવસ્તામાં ગાય ગોસ્પંદોનો પીતા સમાન ગણ્યો છે. વળી જેમ દાદાર હોરમજ્દની આરાધના ઉત્તમ ગણી છે તેમ ગોસ્પંદોની પરવરશી કરવાનું કામ સૌથી ઉત્તમ ગણ્યું છે. એ ઉપરથી માલમ પડે છે કે, માણસો પોતાનાં વાહલાં બાળકોની જેમ પરવરશી કરે છે તેમ ગોસ્પંદોની પણ પરવરશી કરવાની ફરજ તેને માથે નાંખેલી છે. માટે એક જરથોસ્તી તરીકે આપણી ફરજ છે કે, ગાય ગોસ્પંદો જેવાં કીંમતી પ્રાણીઓનું રક્ષણ કરવું કે જેનો બદલો આપણનેજ મળે છે. આ દુનીયાંમાં તેઓનાં દુધ વીગેરેનો આપણને જે બદલો મળે છે, તેથી તે પરવરશી કરનારનું કુટુંબ તંદરોસ્ત રહી શકે છે, તેમજ મીનોઇ દુનીયામાં બેહસ્તનો દરવાજો ખુલ્લો થવાના બદલાની ઉમેદ રહે છે. આપણા જરથોસ્તી ધર્મમાં એકલાં ગોસ્પંદોનેજ યાદ કરી આરાધેલાં છે, એમ નથી, પણ દુનીયાનાં કોઇબી જાતનાં, એટલે તમામ જાનદાર હસ્તીને વખાણવામાં આવી છે, કે જે માટે યજશ્નેમાં એમ કહે છે કે—

"પાણીમાં રહેનારાં, જમીન ઉપર રહેનારાં, ઉડનારાં, લાંબી ફલંગ મારનારાં તથા ખરી ઉપર ચાલનારાં તમામ જાનવરોને હમો વખાણીએ છીએ."—(હા ૭૧, ફ ૯)

વળી એ જાનવરોની ઉપર જે જે સરદારો યાને મીનોઇ ફરેસ્તાઇ શકિતઓ નેમેલી તેઓને ઇજન કરી વખાણવા ફરમાવે છે. (જુઓ **વીસ્પરદ**, ક. ૧, ફ ૧.)

મજકુર ૭૧ માં હા પ્રમાણે તમામ જાનવરોની વખાણ કરવી તેમાં પાણીમાં રહેનારાંઓમાં એક કીડી જેટલાં નાનાથી તે એક મોટું મગર-મચ્છ સુધી આવે છે. જમીન ઉપર રહેનારાંઓમાં એક નાનામાં નાના જંતુ યાને ખરીવાળું યાને લાંબી ફલંગ મારનારૂં હોય અથવાતો તે એક વીકાળ વાઘ યા સીંહ યા અજદાહ હોય તે સમાય છે, માટે એઓમાંથી કોઇબી જાતનાં જાનવરને દુઃખ પહોંચાડવું નહી, એવી સાબેતી ઉપલા અવસ્તા આપે છે, અને જો તેઓને અથવા ગોસ્પંદોની જાતનાને ઇજા દેવામાં આવે તો ઉપર દર્શાવેલા **વીસ્પરદ** (ક૦ ૧, ફ૦ ૧) પ્રમાણે તેઓનાં યાને ગાય ગોસ્પંદ-ના સરદાર બેહમન અમશાસ્પંદને અજોરદેહ કીધા બરાબર છે. સબબ કે આપણા અશો **જરથોસ્ત** પેગમ્બર સાહેબે તે પાક દાદારની મુલાકાત લઇ મીનો અને ગેતી એ બંને જેહાનનું જ્ઞાન હાંસલ કીધું હતું તે વખતે ફરેસ્તાઓ કે જેઓ આ દુનીયામાં ઓક્કસ ચીજોની ઉપર મવક્કલ છે, તેઓએ પોતાની સરદારી હેઠળની વસ્તુઓની સંભાળ કરવા ફરમાવ્યું હતું, તેમાં બેહમન અમશાસ્પંદ ફરેસ્તાએ જરથોસ્ત સાહેબને તાકીદ કરી ફરમાવ્યું હતું કે, આલમનાં લોકોને સમજાવજે કે તેઓ ગાય ગોસ્પંદોની સંભાલ કરે અને તેઓને કોઇબી પ્રકારની ઇજા દેવાથી પરહેજ રહે, જે વીશે મરહુમ દસ્તુર પેશોતન બેરામજી સંજાણાવાળા **જરથોસ્ત નામા**માં જણાવે છે કે,—

"ચું જરથોસ્ત અજ પીશે યજદાં બેનાજ, બકામે મુરાદે દીલશ ગશત બાજ,
પજીરે શુદશ બેહમન અમશાસ્પંદ, કજો બુદ સાલારે બર ગુસફંદ.
બહુ ગોફત કીન ગુસફંદાં હમાં, સપુરદમ બતો હરફુન્ન બુદ રમાહ.
બેગુ તા બરે મુબદાંનો રદાં, બગુ તા બગુઇઅંદ બા ખેરદાં.
બનેકુ નેગેહદાશ તન ગુસફંદ, કજા દર જેહાંની બુવદ સુદ મંદ.
બકોશ તંન નયારંદ કસફુ દરેહ, નઆં ગુસફંદાં કે બાશદ બરેહ.
હમા કોશતને ગુશફંદે જવાંન, કજો સુદ મંદી બુવદ દર જેહાંન.
પસંદેહ ન બાશદ બનજદે ખુદાએ, કઝન ગુનેહ બોકુશદ કસી ચાર પાએ.
હમીકું નશાએદ બઇસરાફ કોસ્ત, બગુ ઇન સોખુનહા દરૂસ્તો દરૂસ્ત.
નેકોબાએદ ઇ ચારપા દાશતાન, પસ ઉંગેહ અજઉ બેહેરે બરદાશતંન.
જે મન ચું શનીદી સખુનહાય પંદ, કે હસતમ નીગેહબાને ઇ ગુસફંદ.
હમે ગુસફંદે જેહાંન સારબસર, પજી રફતમ અજ યઝદે દાદગાર.
બદીસાં કે ગુફતમ ત્રેમન દરપજીર, બગો ઇન સખુનહા બબરના ઓ પીર.

બબદ જીનહારા નશાએદ સપુરદ, બબાએદ કે દારી તુ ઇનકાર ખુરદ.
બગુફ્તમ હકાયક હમેકારે ખીશ, અજી પસ તુદાંની એ દાદારે ખીશ.
સું પઝીરફ્ત જરથોસ્ત અઝ અમશાસ્પંદ, કે હીમ્મત કુનદ અઝ પએ ગુસફંદ"

"જ્યારે હજરત જરથોશ્ત યજદાંને પાકની દરગાહથી પોતાનાં દીલની મુરાદ હાંસેલ કરીને ખુશી થતા પાછા ફર્યા, ત્યારે બેહમન અમશાસ્પંદ કે જે ગોસપંદોનો સરદાર છે તે આગલ આવીને મલ્યા, અને એમ કહ્યું કે, જે જગોએ ગોસ્પંદોનો ટોળો હોય તે સઘળાંને મેં તમોને સોંપ્યાં છે, તેથી અકલમંદો તથા મોબેદોને તમો કેહજો કે, તેવા દાનાવોને કહે કે, ગોસ્પંદોની સારી પેઠે નગેહબાની રાખે કે તેઓથી દુનિયાંમાં ઘણોએક નફો થાય છે અને અગર તેઓ મોટાં અને જઇફ થયાં હોય તો તેઓને અથવા જુવાન યા નાનાં હોય તો તેઓનેબી બેજાન નહી કરે કાંય જે જુવાન જાનવર કે જેથી જેહાનમાં ઘણા ફાયદાઓ હાંસેલ થાય, તેને કાપવું અને તેવાં બીચારાં ચોપગાંને બેજાન કરવું, તે કાંઇ ખોદાતાલાની હજુરમાં પસંદ પડવા જોગ કામ નથી અને પોતાને ખાવાને વાસ્તે પણ ગોસ્પંદ મારવું નહીં જોઇએ. તે વાત લોકોને સમજાવી-ને નરમાસથી તથા સખનીથી કેહવી. એ ચોપગાંઓને પહેલાં આરામથી રાખવાં જોઇએ, અને પછી તેઓથી ફાયદાઓ ઉઠાવવા. અએ જરથોશ્ત! જે સખુનો તમોએ મારેથી સાંભળ્યા છે, કે હું ગોસ્પંદોનો નગેહબાન છું, તે તમો કબુલ રાખો અને એ વાત જેહાનમાં સઘળાં નાના મોટાંને જાહેર કરો અને જેઓ બદ લોકો તથા કોલ તોડનારાઓ હોય તેઓનાં હસતકમાં ગોસ્પંદોને તમો હરગેજ ના સોંપતા, તથા એ વાતને કાંઇ હલકી ના જાણતા, અને જે કાંઇ મારે તમોને ભલામણ અથવા અરજ કરવી હતી તે સર્વે મેં કીધી છે. હવે પછી તમો જાણો અને તમારો ખોદા જાણે. તે વાત પછી હજરત જરથોશ્તે બેહમન અમ-શાસ્પંદથી એ વાત કબુલ કીધી કે "ગોસ્પંદોનો બચાવ કરવા પછવાડે હું કોશેશ કરવાની હીમ્મત રાખીશ."

ઉપલી બેહમન અમશાસ્પંદની નસીહત અને ઇચ્છા પ્રમાણે અશો જરથોશ્તે આલમના લોકોને ગોસ્પંદોની પરવરશી કરવાની સમજાવટ કીધી હતી, જે અવસ્તા ઉપરથી પણ જણાય છે, અને અશો જરથોશ્તે પોતે દાદાર હોરમજદની બંદગી કરી પોતાના દીલમાં ગાય ગોસ્પંદોની પરવરશી કરવાની ખાસીઅત ઉત્પન્ન થાય, એવી દુવા ગુજારી હતી, કે જે વીશે ગાથાના પવીત્ર કલામોમાં જણાવે છે કે –

"નાફરમાનબરદારી તથા બદ મનશનીને તારી આગળથી અએ હોરમજદ બંદગીની મારફતે હું દુર કરૂં, (વળી) મારા ખેસી સાથની તુંદી, સાથે કામ કરનારાની સાથની (મારી) ઠગાઇ, તથા ગાય ઢોરના ઘાસચારા બાબેની (મારી) ઘણીજ બેદરકારી (એ બધી જાતની મારી બદ ચાલનો), અએ હોરમજદ, બંદગીની મારફતે હું મારામાંથી દુર કરૂં." (હા ૩૩, ફ૦ ૪.)

અશો જરથોસ્તે ઉપર પ્રમાણેની ભલી મુરાદની બંદગી કીધા પછી પહેલવહેલાં શેહનશાહ ગુસ્તાસ્પને સમજાવ્યું હતું તેમાં ગાય ગોસ્પંદોથી ભરપુર રહેવાની દુવા ગુસ્તાસ્પને ગુજારે છે કે—

"આથ્વીઆનના ખાનદાનવાળાની માફક તું ગાય ઢોરથી ભરપુર થજે."—**આફ્રીને પેગમ્બર જરથોશ્ત.**

"જે કોઇ રાસ્ત (માણુસ) તરફ ઘણો સારો (હોય છે) (યાને સદ્‌ગુણી માણસની સાથે ઘણી સારી ચાલ ચલાવે છે) તથા ચાલાકીથી તેનાં ગાય ઢોરને સંભાળ રાખનારો (થાય તો) તે શખસ પોતે રાસ્તીનાં તથા નેક મનશનીનાં કામમાં હોય (એમ ગણાય છે)"—**ગાથા,** હા ૩૩, ફ૦ ૩.

ઉપલા અવસ્તાના દાખલાઓથી માલમ પડે છે કે, પાક દાદાર હોરમજ્‌દે ગાએ ગોસ્પંદો પેદા કરી તેઓને બેહમન અમશાસ્પંદ ફરેસ્તાને સોંપ્યાં છે કે તે તેઓની સંભાળ કરે, અને તેથી તે યાને બેહમન ગોસ્પંદોનો સરદાર ગણાય છે, તે કારણસર જરથોસ્તને બેહમન અમશાસ્પંદે ગોસ્પંદોની પરવરશી કરવા માટે સમજાવ્યું હતું, અને તે સમજાવટ પ્રમાણે ચાલવાને તેણે કબુલ કીધું, એટલુંજ નહીં પણ ગાય ગોસ્પંદની પરવરશી અને તેઓ માટે ઘાસચારો ઉત્પન્ન કરવા તે સાહેબ પાસે ગોસ્પંદોની પરવરશી કરવાની ઉલટભરી ભલી ખાસીયત માંગે છે, અને તે ભલી ખાસીયત મુજબ તે આલમનાં લોકોને સમજાવે છે. તે આપણને આપણા પાક જરથોસ્તી ધર્મના અવસ્તાના કલામો જગેજગ સમજાવે છે, અને તે સમજાવટ ઉપર મુસ્તકીમ સાબેતીઓ મળે છે કે, ગાય ગોસ્પંદોને ઇજા કે દુઃખ નહીં પહોંચાડવું, બલકે તેઓની પરવરશી આપણાં બચ્ચાંની માફક કરવી. વળી પેગમબર જરથોસ્ત સાહેબે આપણી ઉપર એવીબી ફરજ નાખેલી છે કે, જો આપણથી નહી બની આવે તો, કોઇ ગોસ્પંદની પરવરશી કરતું હોય તેને ઉત્તેજન આપી તેનાં કામમાં મદદ કરવી, કે જેથી આપણે પણ ભલું કામ કીધેલું કહેવાય. એ પ્રમાણે તેઓની પરવરશી કીધાથી અશો જરથોસ્તનું રૂહ અને બેહમન અમશાસ્પંદ ખુશી થાય છે, અને બેહમન અમશાસ્પંદને ખુશી કરવા એ ખુદ ખુદાતાલાને ખુશી કરવા બરાબર છે, કારણ કે, હોરમજ્‌દ યશ્તમાં દાદાર હોરમજ્‌દ જરથોસ્ત સાહેબને કહે છે કે—

"અએ જરથોશ્ત, બેહમંન અમશાસ્પંદ મારી પેદાયશ છે, અર્દીબેહસ્ત અમશાસ્પંદ મારી પેદાયશ છે." (ફકરો ૨૫.)

હવે અરદીબેહસ્ત અમશાસ્પંદ તે સાહેબની પેદાયશ છે અને તેને આતશની ઉપર મવકલ ફરેસ્તો બનાવેલો છે, ત્યારે આતશ જેવી પવીત્ર ચીજ કે જે તે સાહેબનાં નુરની પુર ઇધાની આપનારો છે, તેની કાયદેસર જાળવણી અને સંભાળ કીધાથી તેનો સરદાર અરદીબેહસ્ત ખુશી થયો એટલે ખુદાને ખુશી કરવા બરાબર છે. તેજ મીસાલે ગોસ્પંદની પરવરશીથી બેહમન અમશાસ્પંદ ખુશી થયો તે ગોયા પરવરદેગારને ખુશી કરવા સમાન છે, અને તે સાહેબ ખુશી થયો એટલે પરવરશી કરનારનું સેવટે ભલુંજ થાય છે.

એજ કારણસર ઇરાનમાં પરણતાં જરથોસ્તી જોડાંને દસ્તુર નશીયત કરે છે, તેમાં એક નશીયત સમજાવે છે કે—

"જંગબાર જાનવર યાને ગોસ્પંદોને પાલી પરવરશ કરી દર વખતે ઘાસ પાણી પહોંચાડી, સરદી ગરમીથી નેગાહ રાખે, અંદાજાથી વધારે મહેનત નહી આપે, એમ ઇનસાન તથા હેવાન તારાથી રાજી રહે તો, જાણ કે બેહમન અમશાસ્પંદને તું એ ખુશનુદ કર્યો." (જુઓ **એજહારે શીહાતે ઇરાન**, બાબ ૮ મો, સફે ૨૮ મે.)

જરથોસ્તી ધર્મમાં ગોસ્પંદોની પરવરશી કરવાનાં ફરમાનો આપે છે, એટલુંજ નહીં પણ તેઓનું ફક્ત નામ પણ ઉત્તમ પ્રકારનું જોવામાં આવે છે, કારણ કે તેઓનાં નામને તીર યસ્તમાં ક્રીયા સાથે આરાધવાનું ફરમાન આપે છે, જેમકે—

"દુર સુધી સંભલાતાં બોહલાં દરીયાવવાળાં અને ભલાં પાણીને તથા હોરમજ્દનાં પેદા કરેલાં ગોસ્પંદોનાં નામને હમો ક્રીયા સાથે આરાધીએ." (કરદો ૧ ફ. ૨ જો)

વળી **યજશ્નેની** પવિત્ર ક્રીયા માટે "જીવાંમ" યાને દુધ લેવામાં આવે છે તે વખતે તેની ક્રીયાથી અવસ્તા ભણી ગોસ્પંદાનાં તન અને રવાનને યાદ કરી જીવાંમ લીધા પછી તેઓને દુઆના સખુનો કહેવામાં આવે છે કે— "હજંઘરેમ બએશજનામ બએવરે બએશજનામ," યાને "હજાર ઘણી તંદરોસ્તી અને દસ હજાર ઘણી તંદરોસ્તી તમુને થાઓ."

ઉપલા બે દાખલાઓમાં ગાય ગોસ્પંદનાં નામને માન સાથે હોરમજ્દને નામે આરાધવામાં આવ્યું છે અને વળી ક્રીયામાં તેઓનું દુધ લેવા માટે પેહેલાં તેઓનાં તન અને રવાનને યાદ કરી દુધ "જીવાંમ" લઇ છેલ્લે તેઓને અવસ્તાથી હજારો હજાર તંદરોસ્તીના સખુનો કહી નમવામાં આવે છે, કે જેવી રીતની દુઆ માણસો પોતાનાં બચ્ચાંઓને કવચીતજ ચાહતાં હશે. એ પ્રમાણે તંદરોસ્તી અને આબાદીને લગતાં લખાણો અવસ્તામાં

જરૂર છે, અને એજ સબબથી આપણી દીનની બીજી મોતેબર કેતાબોમાં ગોસ્પંદોની પરવરશી અને સંભાળ લેવાનાં લખાણોની સાબેતીઓ જોવામાં આવે છે, જેમકે **દીનકર્દના** ૮ માં પુસ્તકમાં કહે છે કે—

"જે કોઇ ગોસ્પંદ, આતશ તથા પાણી ઇત્યાદીને સારી રીતે રાખે છે તે શખ્સ તેવાં ઉત્તમ કામથી ચઢતો દરજ્જો મેળવનારો છે." (સફે ૪૯૧)

"ગોસ્પંદોની વખાણ કરવી (યાને તેઓથી માણસ જાતને થતા ફાયદાઓ સ્વીકારવા) તથા દીનનાં ફરમાન મુજબ તેઓને ખોરાક આપવો."

"હરેક ભલી પેદાયશ તરફ વેર રાખવું નહી અને તેને ઇજા દેવી નહી, ગોસ્પંદોને વગર બાસ્તીએ રાખવાં અને તેની પાણી તથા ઘાસ દાણો આપીને સંભાલ કરવી, તથા બીજી કાયદાસરની સંભાલ રાખવી."—**દીનકર્દ** પુ૦ ૯ સફે ૫૯૭–૫૯૮.

ઉપલી સાબેતીઓથી તથા **બુન્દેહેશ** ઉપરથી જણાય છે કે, દુનીઆંની શરૂઆતમાં ગાગ ગોસ્પંદોને પરવરશી કરવાનાંજ કાયદાઓ માણસ જાતમાં જાએજ થયેલા હતા, પણ પાછળથી ગોસ્પંદોને હલાકી પોંહચાડ વાનું કામ એહરેમનની ઉશ્કેરણીથી માણસ જાતમાં ફેલાયું હતું, જે વીશે **બુન્દેહેશ** કેતાબમાં એમ સમજાવે છે કે—

"હોરમજદે 'મશી મશીઆન'ને કહયું કે તમો માણસ છો, દુનીઆનાં વડવા છો, મારાથી તમો પેદા થયા છો, સારાં કામ કરજો, દેવોને ઇજતા ના. તેઓ (મશી મશીઆન) બોલ્યાં કે પાણી, જમીન, ઝાડપાન, ગોસ્પંદ હોરમજદે પેદા કીધું છે.

"આખરે તેઓનાં વીચારમાં એહેરેમનની હરીફાઇ આવી, યાને તેઓનાં વીચાર એહેરેમને ફેરવ્યા. તેથી તેઓએ વીચાર ફેરવ્યો, કે સઘળું ગનામીનોએ પેદા કીધું.

"માણસ જાતની હાજતો દેવો વધારવા લાગા, પેહલાં તેઓ દુધ પીવા લાગાં, પણ તે દુધ પીતાં કંટાલે એવો એહેરેમને વસુવસો નાંખી ગોશ્ત ખાવા ઉપર તેઓનું મન એહેરેમને ફેરવ્યું."

—**બુન્દેહેશ** બાબ ૧૫ મો એરવદ જીવનજી જમશેદજી મોદીવાળી તથા ડા૦ વેસ્ટનો ઇંગ્રેજી તરજુમો, ભાગ ૩૦ મો, ફ. ૧ લો.

સરનામે રાઝે યઝદાંન નામની ચોપડી કે જેમાં "સુદરેહ અને કુશ્તી"ની ક્રિયા, તેની ખુબી તથા ભેદભરમના ખુલાસા સાથે સમજાવવામાં આવી છે, તેમાં સુદરેહની જમણી બાજુની 'તીરી'ની ખુબી સમજાવતાં ગોસ્પંદ વીશે એમ સમજાવે છે કે—

"પાક પરવરદેગારે દુનીયાંનો કારોબાર ભલી રીતે ચલાવવા સારૂ તથા માણુસોનાં સુખને સારૂ કેટલાંક ચીજો બક્ષી છે, જેમાં નિર્દોષ ચોપગાં

જાનવરો પેદા કીધાં છે, જેવાં કે દુધ, દહી, ઘી અને ઉનને સારૂ ગાય તથા ગેટાં, બકરાં વીગેરે, અને સવારી કરવા તથા બોજો ઉંચકવા સારૂ ઘોડા, ખચર વીગેરે બારબરદારી જાનવરો સરજ્યાં છે, તેથી એવાં જાનવરોને બરાબર પુરતો ખોરાક આપવો, નહવાડી ધોવાડી પાક રાખવું, જંગલી જાનવરોથી તેમનું રક્ષણ કરવું, અને ટુંકમાં, તેઓને દરેક રીતનું સુખ દેખાડવું, અને તેઓની સાથે કશીએ ઘાતકી ચાલ ચલાવવી નહીં, અને નહીં તો તે પાક દાદાર આગળ તેનો આપણને જવાબ આપવો પડશે, કેમકે તેઓ ખોદા પાસ દાદ ચાહનારાં છે."

ઉપલાં બુન્દેહેશનાં લખાણ પ્રમાણે ગોસ્પંદોને દુઃખ દેવાનું કામ હેરેમનને લગતું છે, ત્યારે જો કોઇએ તેઓને દુઃખ દીધું તો તે હેરેમનની ખસલતનો ઠરે છે. માટે ગાય ગોસ્પંદોની પરવરશી કરવી સજાવાર છે. અગર તેઓને રંજીદેહ અને દુઃખી કરવામાં આવે તો જેમ ઇનસાન જાતની ઉપર પડતાં દુઃખની ફરીયાદ કરી તે સાહેબ પાસે ઇનસાફ માગે છે, તેમ ગાય ગોસ્પંદો પોતા ઉપર દુઃખ પાડનાર વીશે ફર્યાદ કરી ખોદાતાલા પાસે દાદ ચાહે છે. જેમ આપણે ઉપર વાંચી ગયા છીયે. માટે આપણે તેઓ સાથે ભલાઇથી વર્તવું જોઇએ, એટલુંજ નહીં પણ તે પાક દાદારની કુલ પેદાયસ સાથે દોસ્તીનાં ગાંઠથી રેહેવું સજાવાર છે, કારણ કે તે પ્રમાણે ચાલવા માટે આપણો જરથોસ્તી ધર્મ સમજાવે છે:

"અશો હોરમજ્દની તમામ પેદાયશનાં દોસ્તદારોને હમો વખાણીએ છીએ." (સરોશ હાદોખત યસ્ત, કરદો ૪, ફ. ૧૫)

જેઓને પરવરદેગારે પૈસાથી આબાદ હાલતમાં રાખેલાં હોય તેઓને માટે કહે છે કે,—

"અથોરનાન, રથેસ્તાર અને વાસ્તરીઓસના ધંધામાં જે કાંઇ વધારે દોલતમંદ હોય તેણે તેની વધારે દોલતને (આદમી તથા ગોસ્પંદની) પરવરશી-ના નેક કામની અંદર વાપરવી, અને જે જગાએ ગોસ્પંદો તથા આદમીઓ જેટલાં રહી શકે તેથી વધારે હોય તો તેઓને ખીલતાં રાખવા સારૂ બીજી લાયક જગા ખરીદવી, શા સબબથી કે તેને લીધે ગોસ્પંદો તથા આદમીઓને ઘણી મદદ મલે, તથા લોકોમાં એકબીજાને કૌવત આપવાનું કામ ચાલુ રહેવાથી દુનીયાંનો વધારો થાય." (દીનકર્દ, પુસ્તક ૨ જું, સફે ૭૧.)

ઉપલા ટુંક દાખલાઓથી જરથોસ્તી સાહેબો જોઇ શકશે કે, ગરીબ અને માયાળુ તથા નીર્દોષ ગોસ્પંદોની સંભાળ અને પરવરશી કરવાની તાકીદ પાક દાદાર હોરમજ્દે ફરમાવ્યાં છતાં જો તેઓને દુઃખ પોહચાડવામાં આવે તો, અવસ્તા પ્રમાણે તે મોટા ગુનેહગાર ઠરી ચુકે છે, કારણ કે અવસ્તામાં માણસોની ઉપરજ ફરજ નાંખેલી છે એટલુંજ નહીં પણ યજદ, અમશાસ્પંદો-

ની ઉપર પણ ગોસ્પંદોની સંભાળ લઇ તેઓનો વધારો અને આબાદાની કરવાની ફરજ તે પાક દાદાર તરફથી નાંખવામાં આવેલી છે. તે વીષે આ જગ્યાએ એકજ દાખલો બસ થશે:—

"હુંદીને રસ કાઢવા લાયક હોમમાનાં જે (હોમને) ચઢતે દરજ્જેનાં સરદાર અશો હોરમજ્દને માટે (તથા) સ્પેતમાંન જરથોશ્તને માટે (જ્યારે) (ક્રીયાથી) હુંદવામાં આવે છે ત્યારે ગાય ઢોરની જીયાદતી તથા માણસોનો વધારો થાય છે." (વીસ્પરદ, કરદો ૧૨, ફ. ૧ લો.)

ઉપલો દાખલો આપણા મનમાં એમ ઠસાવે છે કે, ફરેસ્તાઇ શક્તીઓ ગોસ્પંદોની આબાદી તથા સંભાળ કરે છે, માટે આપણી પણ ફરજ છે કે તેઓને સંભાળથી રાખવાં અને કંઇબી રીતની હલાકી તેઓને નહીં પહોંચે તેવી સાવચેતી રાખવી. પણ અગર કંઇબી રીતની તેઓ સાથે કસુર કરવામાં આવી હોય તો તેનાં તકસીરવાર ઠરી તે દાદારની નજરમાં ધીક્કાર ભરેલા થઇ તેની શીક્ષા ખમવી પડે છે, એટલુંજ નહીં પણ જો ગોસ્પંદોને વખતસર ઘાસ દાણો નહીં આપ્યો હોય, યાતો પુરતો ખોરાક નહીં આપવામાં આવતો હોય, તો તેઓ પોતે બદ દુઆ દે છે કે જેની સાબેતી યજશ્નેનાં પાક અવસ્તા નીચે પ્રમાણે આપે છે—

"ગાય ઢોર પોતાનાં માલેકને બદ દુઆ દે છે કે, (તું) કે જે મને ખોરાક આપતો નથી અને તે છતાં તારી બાયડી, છોકરાં અથવા તારા પોતાનાં પેટને માટે મારી પાસે તું મહેનત કરાવે છે, એટલા માટે (તું) ફરજંદ વગરનો તથા બદનામી ભરેલો થજે." (હા ૧૧, ફ. ૧ લો.)

ગોસ્પંદોને વખતસર અથવા તો પુરતો ખોરાક નહીં પુરો પાડે તેને માટે તેઓ આવી કમકમાટ ઉપજે તેવી બદ દુઆ દે છે, ત્યારે તેઓને હલાકી પહોંચાડનારને કેવી બદ દુઆ દેતાં હશે તે વીચારવું મુશકેલ નથી અને તેની શીક્ષા કેવી ખમવી પડતી હશે તે બાબ ત્રીજામાં જોવામાં આવશે.

બાબ ૨ જો.

જીંદગી ગુજારવાના બાબમાં ગોસ્પંદો તથા માણસોનો સરખો હક.

આપણા જરથોશ્તી ધર્મનાં ફરમાન પ્રમાણે ગોસ્પંદોની પરવરશી કરવી તે પહેલા બાબમાં તપાસ્યું પણ તેઓની પરવરશી શા માટે કરવી તે આ બીજા બાબ ઉપરથી આપણને માલમ પડે છે, કે તેઓ જીંદગી ગુજારવાની બાબતમાં માણસોની બરાબર સરખો હક ધરાવે છે, યાને તેઓ આસાયશ

લેવામાં, ફરહર કરવામાં, બચ્ચાંનો વધારો કરવામાં, દુઃખ દરદથી આઝાદ થવામાં વીગેરે માણસોની બરાબર હક ધરાવે છે. માણસ પોતાનાં બચ્ચાંને માટે ભલી દુઆ માંગે છે તેવીજ દુઆ ગોસ્પંદો માટે પણ ગુજારે છે. એ બંને એકેકના આધારપર જીંદગી ગુજારનારાં છે. માણસોને ગોસ્પંદો વગર ચાલે નહીં તેમજ ગોસ્પંદોની માણસો વગર બરદાસ્ત થાય નહીં અને તેની બરદાસ્ત નહી થાય એટલે માણસો તેના પુષ્ટીકારક ખોરાક વગર ઘણી અડચણમાં આવી પડે છે, કે જે વીષે પાક અવસ્તામાં જગેજગ બયાંન કરે છે કે—

"હમારાં તેમજ પશુઓનાં રવાનોને હમો યાદ કરીએ છીએ, જે (પશુઓ) આપણને માટે જીવવાને ઇચ્છે છે, (યાને આપણાં પોષણને માટે જીંદગી ગુજારે છે,) જેઓને માટે તેઓ તથા તેઓને માટે જેઓ છે." (યજશ્ને, હા ૩૯, ફ. ૧.)

દીનકર્દમાં પણ કહે છે કે,

"ગોસ્પંદોની મદદને લીધે આદમી છે." (પુસ્તક ૩, સફે ૧૬૪.)

ઉપલા દાખલા પ્રમાણે માણસો જેમ ગોસ્પંદોની પરવરશી કરે છે, તેમ ગોસ્પંદોથી માણસોને પોષણ મલે છે. એ રીતે આપણ સઘળાં એકબીજાને મદદ કરનારાં છે. જો ગોસ્પંદોની બરાબર બરદાસ્ત નહીં લઇયે તો તેઓને દુઃખ સેહવવું પડે છે અને તેથી તેઓ પુરતું દુધ આપી શકે નહી, જેથી ઇનસાનો ને તેનાં પુષ્ટીકારક ખોરાક વગર પોતાનાં સંસારમાં અડચણ ખમવી પડે છે. માટેજ કહે છે કે, "જેઓને માટે તેઓ અને તેઓને માટે જેઓ છે," યાને ગોસ્પંદો માણસોના આધારપર જીંદગી ગુજારે છે તેમજ ગોસ્પંદોના આધારપર ઇનસાનો પોતાનું ગુજરાન કરે છે, યાને ગોસ્પંદો પોતાનાં દુધથી માણસ જાતને એક ઉત્તમ પ્રકારનો ખોરાક પુરો પાડે છે. દુધના ખોરાકથી માણસ તંદરોસ્ત અને આસુદ્દ રહી શકે છે. દુધના ખોરાકને સઘળા ખોરાકોમાં સર્વેથી ચઢતે દરજ્જેનો ગણેલો છે, જે વીશે **મીનો ખેરદ** નામની નામીચી કેતાબ મધે નીચે પ્રમાણેનું જાણવાજોગ ફરમાન આપણને મલે છે. ત્યાં એમ લખે છે કે—

"પુછયું કે (ખોરાકોમાંનો) માણસો જે ખોરાક ખાય છે તેમાંનો કયો (ખોરાક) વધારે કીંમતી છે."

જવાબ—કે જે ખોરાક માણસો ખાય છે તે (સર્વે ખોરાકોમાં) ગોસ્પંદોનું દુધ (ખોદાએ) સારૂં પેદા કીધું છે, કારણ કે માણસો તથા ચોપગાંઓ (પોતાની) માતાથી જન્મ પામે છે, ત્યારથી તે તેઓ (મોટાં થઇ) ખોરાક ખાય છે ત્યાં સુધી તેઓની વધ અને પરવરશી દુધથી છે, અને દુધપર (જ)

તેઓ સારી રીતે જીવી શકે છે, અને જો માણસો (પોતાની) માયનાં દુધથી છુટા પડે અને ગોસ્પંદોનું દુધ અખત્યાર કરે તો તેઓને રોટલી (પણ) (ખાવાના) કામમાં લેવી પડે નહીં. જે દુધ પીવાવાળો માણસ છે તે વધારે તંદરોસ્ત અને વધારે જોરેમંદ રહે છે, અને (દુધનો ખોરાક લેનારાઓમાં) ફરજંદોનું પેદા થવુંબી ઇજા વગરનું હોય છે." (બાબ ૧૬ મો.)

દુધના ખોરાકમાં આટલી બધી ખુબી હોવાના સબબથીજ આપણાં જરથોસ્તીઓ ગહમબારના વખત ઉપર "ગહમબારની પાવી" એવે નામની કીયા કરે છે તે કીયાના ભણુતરમાં ગોસ્પંદોના દુધની આબાદાની ચાહી છે, જેમ કે--

"આવેરદાન, બરે ઉરવરન, શીરે ચેહાર પાયેયાન, વજોરે જોરમદાન, આવાદાન બાદ."

"યાને નદીનું પાણી, ઝાડના ફળ, ચોપગાં ગોસ્પંદોનાં દુધ, અને જોરેમંદો-ની શક્તિ કાયમ અથવા આબાદ રહેજો."

એજ પ્રમાણે વળી દુધની વખાણુ યજશ્નેના અવસ્તા ઉપરથી પણ માલમ પડે છે કે—

"દેવની રાહના ચાલનારા, આજી (દેવ)ના હરીફ તરીકે સામે થવાને માટે, તેમજ નાપાક આશમોગની તથા પુર મરકીવાળા જુલમગારની ખરાબીને દુર કરવાને માટે, દુધ અને પોશણને, વેહતાં પાણીને, ઉગતાં ઝાડને હમો વખાણીએ છીએ." (હા ૧૬, ફ. ૮)

આપણુા જરથોસ્તી ધર્મે નાપાક એહેરેમનની ખરાબીને દુર કરવાં તથા ગોસ્પંદોને હલાકી પહોંચાડવાની તેની નીષ્ટાને તોડી પાડવા ગોસ્પંદોના દુધનીજ વખાણુ, અને દુધથી જે પોષણુ મળે છે તે પોષણુની તારીફ કરેલી છે. એ ઉપરથી આપણુને જણાય છે કે, દુધ એ એક એવી ચીજ છે કે જેનું માણસોને તો પોષણુ મલે છે, પણ નાપાક અહેરેમનનો તે એક દુશમન ગણાય છે. સબબકે નાપાક અહેરેમન તે દુધની નાબુદી એટલે ગોસ્પંદોનીજ નાબુદી ચાહે છે. ત્યારે જો માણસો ગોસ્પંદોની સંભાળ લઇ તેનાં દુધની આબાદાની કરયાં જાય તો તે દુધનો ખોરાક અહેરેમંદી બુરી શક્તીઓને નાઉમેદ કરી તેને ખાકમાં નાંખે છે, એમાં કાંઇજ શક નથી. પણ જો માણસોજ તેની નાબુદી ઇચ્છે તો પછી નાપાક અહેરેમન પોતાનું કામ કર્યો જાય એટલે ઇનસાનોમાં પોતાની બુરી ખાસીયત નાંખતો જાય એમાં પણ કાંઇ સંદેહ નથી. પણ હવે ઉપલાં ભણુતરોમાં દુધની

આબાદાની ચાહી છે, પણ તે આબાદાની ક્યારે હોય કે જ્યારે ગોસ્પંદોની આબાદી હોય. પવીત્ર **ગાથા** વાણીમાં સમજાવે છે કે—

"જે કોઇ સ્પેતમાન જરથોશ્તને ખુશી કરશે તેને હોરમજ્દ બેહેસ્ત આપશે, તથા નેક મનશનીને લીધે તેનાં બચ્ચાં, છોકરાં, પશુ, ઢોરો આબાદ કરશે." (હા ૪૬, ફ. ૧૩.)

"હમારાં માણસો તથા ગાય ઢોરને આબાદ કરવા સારૂ હોરમજ્દ હમુને (જોઇતું) કૌવત બક્ષે." (હા ૪૫, ફ. ૯.)

મજકુર **ગાથા**ના અવસ્તામાં એમ સમજાવવામાં આવ્યું છે કે—

"જે કોઇ સ્પેતમાન જરથોસ્તને ખુશી કરશે તેને હોરમજ્દ બેહેસ્ત આપશે," એટલે કે અશો જરથોસ્ત સાહેબના ફરમાન મુજબ ચાલી ગોસ્પંદોની પરવરશી નેક નૈયતથી કરે તેને તેનાં કુટુંબ, કબીલા અને ગોસ્પંદો સાથે આબાદ હાલતમાં રાખે, કે જેથી તેનાં બચ્ચાંઓનું પોષણ ગોસ્પંદોનાં દુધથી થાય અને ગોસ્પંદોની તેઓથી બરદાસ્ત થાય; અને તેજ પ્રમાણે ચાલવાને ઇચ્છી ભણનાર પોતાનાં બચ્ચાંની મીસાલે ગાએ ગોસ્પંદોને ચાહી તેની આબાદી ચાહે છે, અને તેની આબાદાની કરવા માટે દાદાર હોરમજ્દ પાસે દુઆ ગુજારી કૌવત માંગે છે, પણ તે કૌવત અને સઘળી રીતની આબાદાની ક્યારે મલે કે જ્યારે જરથોસ્તની ઉપલી સમજાવટ પ્રમાણે નેક અને ભલી મનશની રાખી દુઆ ગુજારે. ત્યારે એ ઉપરથી સાબેત થાય છે કે, અવસ્તા મધે ગોસ્પંદોને આપણાં બચ્ચાંની માફક ગણવાની આપણે માથે ફરજ નાંખેલી છે, અને તે ફરજ બજાવવાને માટે આપણે જરથોસ્તી દાખલ બંધાયલા છીએ.

યજશ્નેના ૧૨ માં હામાં એક જરથોસ્તી તરીકેની ફરજ બજાવવા માટે તે કબુલાત આપે છે કે—

"ચોર તથા લુટારાથી ગાએ ગોસ્પંદોને (હોરમજ્દની) સ્તુતી (અથવા બંદગી) કરીને બચાવું." (ફ. ૨ જો; વળી **દીનકર્દ**, પુ. ૭, સફે ૪૨૧)

"આએ ઘેરની આબાદીને માટે, આએ ઘેરની પીડા દુર કરવાને માટે, આએ ઘેરનાં ગાય ઢોર તથા માણસો (છે) તેઓની આબાદીને માટે, તથા તેઓની પીડા દુર કરવાને માટે, આએ (ભેટો) વધારે ને વધારે હમો અર્પણ કરીએ છીએ." (**વીસ્પરદ**, કરદો ૧૧, ફ. ૧૩, તથા **યજ્શ્ને**, હા ૪, ફ. ૫.)

વળી ભણનાર સખાવત અને સારાં કામો કરી પરવરદેગાર પાસે સુખ માંગે છે, તેમજ ગોસ્પદો માટે પણ સુખ માંગે છે, જેમકે—

"સખાવત અને ઉત્તમ કામોની મારફતે (હમારે માટે) સુખ તથા (હમારાં) ગાય ઢોરને માટે ઘાસચારો હમો ઇચ્છીએ છીએ." (**યજ્શ્ને**, હા ૩૫, ફ. ૪.)

એ ઉપરથી જણાય છે કે, જેમ માણુસો પોતાનાં બચ્ચાં માટેનો જેવો હક ધરાવે છે, તેવોજ હક ગોસ્પંદો માટે પણ ધરાવે છે, અથવા તો જેમ બચ્ચાંઓ પોતાની પરવરશી કરવાનો હક પોતાનાં માબાપપર ધરાવે છે તેમ ગોસ્પંદો પણ પોતાની પરવરશીનો હક ધરાવે છે. માણુસોની બરોબર તેઓ હક ધરાવે છે તે વીષેના વધુ દાખલાઓ નીચે પ્રમાણે છે:--

પવીત્ર આતશની જો આપણે કાયદાસર જાળવણી કીધી હોય તો તે પણ એવી દુવા દે છે કે—

"તારે ત્યાં (યાને તારા કબીલામાં) ગાય ઢોરનું ટોળું જીયાદેહ થજો, તારે ત્યાં બહાદુર માણુસોનો વધારો થજો." (**યજશ્ને,** હા ૬૨, ફ. ૧૦.)

જરથોસ્તી ધર્મની ક્રીયામાં જેમ માણુસોનાં રવાનોને તથા ફરોહરોને આરાધવામાં આવેલાં છે તેમ ગોસ્પંદોનાં રવાનોને તથા ફરોહરોને પણ આરાધેલાં છે—

"હમારાં તેમજ પશુઓનાં રવાનોને હમો યાદ કરીએ છીએ." (**યજશ્ને,** હા ૩૯, ફ. ૧.)

"ભલી પેદાએશનાં ગોધાનાં તથા ગયોમરદનાં ફરોહરોને હમો યાદ કરીએ છીએ." (**યજશ્ને,** હા ૧૩, ફ. ૭; હા ૧૬, ફ. ૪; ફરવરદીન યશ્ત, ફ. ૭૪, વીગેરે.)

વળી આપણા જરથોસ્તી ધર્મ પ્રમાણે જે જગા ઉપર માણુસો પોતાનાં બચ્ચાં–છોકરાં સાથે રહે છે તે જગા જેમ ખુશાલ છે તેમ ગોસ્પંદો રહીને બચ્ચાંનો વધારો કરે છે તે જગા પણ ખુશાલ હોય છે, કે જે વીષે આપણાં **પાક વંદીદાદ**ના **અવસ્તા**ના પવીત્ર કલામોમાં અશો જરથોસ્ત પાક દાદારને પુછે છે કે—

"આએ જમીનની ચોથી કઇ (જગો) (ઘણીજ ખુશાલ છે)? ત્યારે હોરમજ્દે જવાબ આપ્યો કે જે જગા ઉપર ખચીત પશુઓ તથા ઢોરો પુષ્કળ બચ્ચાં જણે છે, તે જગા ઘણીજ ખુશાલ છે." (પર્ગરદ ૩ જો, ફ. ૫ મો.)

દુ:ખ દરદથી સાજાં થવામાં માણુસોને તેમજ ગોસ્પંદોને સરખો હક બક્ષેલો છે (જુઓ **વંદીદાદ** પ. ૭, ફ. ૪૩; તથા **મીનો ખેરદ**, બાબ ૨૭ મો; **દીનકર્દ**, પુ. ૪ થું.)

તેમજ **વીસ્પરદ**ના ૭ માં કરદામાં ગોસ્પંદોને આશાએશ લેવા માટે કહે છે કે—

"હોરમજ્દની પેદા કીધેલી ઉંઘ (જે) ગાએ ઢોરની તથા માણુસોની આસુદગી (અથવા સુખ) તેને હમો વખાણીએ છીએ." (ફ. ૩; તથા રપીથવન અને એવેસરુથરેમ ગેહ.)

દીનકર્દમાં એમ કહેલું છે કે—

"જેમ આદમીના ટોળાને વાજબી રસ્તે ચલાવનારો અંજુમનનો વડો છે અને વડાની નસીહતને આદમીઓ માને છે તેમ ગોસ્પંદોનાં ટોળાંનો વડો ભરવાડ છે, અને તે ભરવાડ પોતાની જાતી બુદ્ધીથી ગોસ્પંદોને ફેરવવા તથા ચરાવવાથી તેઓના પેસ્રવા તરીકે છે." (પુ. ૭ મું, સફે ૪૪ મે.)

ચોકસ દવાઓની ખાસીયતનું બ્યાન કરતાં **દીનકર્દ**નો લખનાર ગોસ્પંદો અને માણસોને એકસરખાં ગણે છે. ત્યાં એક દવાની ખાસીયત લખતાં લખે છે કે—

"અને માણસ તથા ગોસ્પંદોનાં ખાણાંમાં જે કાંઇ ઝેર પહોંચેલું હોય તો આએ દવાથી સઘળું ચડતે દરજ્જેનું ઝેર દુર કરવામાં આવે છે." (પુ. ૪, સફે ૨૨૫ મે.)

ગોસ્પંદોની પેદાયશને માણસની બરાબર ઉત્તમ પ્રકારની પેદાયશ ગણવામાં આવી છે. (જુવો **વંદીદાદ**, પ્ર. ૨, ફ. ૩૫ મો.)

ઉપલા અવસ્તાનાં દાખલાઓ સાબેત કરી આપે છે કે, ગોસ્પંદોની જાત માણસોની બરોબર જીંદગી ગુજારવાની બાબદમાં સરખો હક ધરાવે છે, યાને જેમ આપણે પોતાને અથવા આપણાં બચ્ચાંઓને બુરાં માણસોથી અથવા કંઇબી રીતની આફતમાંથી બચાવ કરી આપણા જીવને બચાવીએ છીએ, તેમ ગાય ગોસ્પંદોને લુચ્ચા તથા બુરા માણસોથી આપણો બચાવ કરીએ છીએ. તોબી વળી હોરમજ્દની સ્તુતી ને બંદગી કરીને આપણી મેહનત મજુરી કરી આપણાં બચ્ચાંઓનું પુરૂં કરી તેઓને સુખમાં રાખીએ છીએ, તેમજ ગોસ્પદોને માટે પણ મહેનત કરી ઘાસચારો મેળવીએ છીએ. જેમ આપણે આપણાં ગુજર પામેલાં નેઆગાનોને યાને તેઓના રવાનો તથા ફ્રેરોહરોને માન સાથની ક્રીયાથી યાદ કરીએ છીએ, તેજ પ્રમાણે ગાય ગોસ્પંદોનાં રવાનો તથા ફ્રેરોહરોને પણ મોટાં માન સાથ આરાધીએ છીયે.

માણસો પોતાનાં બચ્ચાં સાથે જે જગાપર રહે છે તે જગા જેમ ખુશાલ છે, તેમ ગોસ્પંદો રહીને જે જગાપર બચ્ચાંનો વધારો કરે છે તે જગા ઘણીજ ખુશાલ રહે છે.

જેમ આપણને કંઇ દુઃખ થવાથી હકીમની જરૂર પડે છે, તેમ ગાય ઢોરને માટે પણ સલાહ લઇ તેઓની દવા કરવાની ફરજ છે. બપોર અને રાતના આપણે આસાયશ લઇએ છીએ, તેમજ ગાએ ગોસ્પંદો પણ આસાએશ મેળવે છે. એ પ્રમાણે અવસ્તા સાબેત કરે છે કે ગોસ્પંદોનો હક માણસોની

બરાબર છે. અને તેટલાજ માટે તેઓને "ઉત્તમ પ્રકારનાં પેદા કીધેલાં" કહે છે, કે જેને માટે દાદાર હોરમજ્દ પોતે કહે છે કે—

"અગર જો અશો લોકોના ગાલેબ ફરોહરો મને મદદ નહી આપતે તો મારાં પશુ તથા માણસો જે ઉત્તમ જાતનાં છે તેઓ હાં (યાને આ દુનીયાંમાં) હૈયાતી ભોગવતે નહી." (ફરવરદીન યશ્ત, ફ. ૧૨ મો.)

વંદીદાદમાં કહે છે કે—

"તે (વધેલી) જગા તરફ પશુ તથા ઢોરો તથા માણસો પોતાની મરજી તથા ખુશી પ્રમાણે જીંદગી ગુજારતાં હતાં." (પ. ૨ જો, ફ. ૧૯ મો.)

વળી દરએક જરથોસ્તી પોતે યજશ્નેનાં ૧૨માં હામાં કબુલ કરે છે કે,—

"જેવાં ભલી પેદાયશનાં ગોસ્પંદો છે તેની રીતનો હું છું, જેવી રીતનાં ઉરવર છે, જેવી રીતનાં સારી પેદાયશનાં ગોસ્પંદો છે, જેવી રીત ધરાવતો હોરમજ્દ છે, ઇત્યાદી, તેવીજ રીતનો તથા મહજબનો હું પણ છું." (ફ. ૭ મો.)

એટલુંજ નહી પણ કેટલીક બાબતમાં ગોસ્પંદો માણસોથી પણ ચઢીયાંતાં હોય એવું અવસ્તા ઉપરથી માલમ પડે છે, સબબ કે માણસોની ચોક્કસ મુરડાળ ચીજો જેવી કે બાલ, નખ, વીગેરેને અવસ્તામાં "નસો" યાને કોહવાટવાળી ચીજ ગણી છે, ત્યારે ગાય ગોસ્પંદોના નેરંગને અને તેઓ ખાતર કરે છે તેને સૌથી ઉત્તમ પ્રકારનું ગણ્યું છે, અને તે વીશે જરથોસ્ત સાહેબ દાદાર હોરમજ્દને પુછે છે કે—

"અએ દાદાર, તે નીરંગ કે જેથી નશેશાલારો પોતાનાં બાલને તથા નખને ધોય તે કોણનો હોવો જોઇએ, પશુનો કે ઢોરનો કે મરદનો? ત્યારે હોરમજ્દે કહ્યું કે પશુઓનો (નેરંગ) અથવા તો ઢોરોનો (નેરંગ)—મરદનો નેરંગ નહીં,— પોતે રાખેલા (પાલેલાં) નર (પશુ તથા ઢોર) તથા માદા (પશુ તથા ઢોર) જે હોએ તે બેમાંથી નીકલતો (નેરંગ) તે નેરંગ મુતરાવે." (**વંદીદાદ**, પ૦ ૮, ફ૦ ૧૨-૧૩.)

વળી એજ પ્રમાણે જે જગાપર તેઓ ખાતર તથા નેરંગ રેડે છે તે જગા ઘણીજ ખુસાલ થાય છે. તે વીશે પણ આપણા પેગમ્બર જરથોસ્ત દાદારને પુછતા માલમ પડે છે કે—

"પાંચમી કેહી જગા ઘણીજ ખુશાલ છે, ત્યારે હોરમજ્દે જવાબ આપ્યો કે, જે જગાપર પશુઓ તથા ઢોરો ઘણુંજ ખાતર કરે તે જગા ખુશાલ છે." (**વંદીદાદ**, પ૦ ૩, ફ૦ ૬.)

એજ કારણસર નસો આમેજ થયલું પાણી જેમ માણસોને પીવા તથા વાપરવાની મનાઇ ફરમાવી છે, તેમ ગોસ્પંદો માટે પણ ફરમાવી છે. (જુવો **વંદીદાદ**, પ૦ ૬, ફ૦ ૩૫.)

આએ ગોસ્પંદો સૌથી ઉત્તમ પ્રકારનાં હોવાથીજ રાતને વખત તેઓને જંગલી જાનવરો અથવા બુરા માણુસો તેઓને નુકસાન નહી કરે તે માટે તેઓની પાસબાની કરવા સારૂ કુતરાઓને પેદા કીધા છે. તેને માટે દાદાર હોરમજ્દ જરથોસ્તને કહે છે કે—

"અએ જરથોસ્ત, હું કે જે હોરમજ્દ (તેણે) ગાય ઢોરનાં વાડાઓનાં બચાવ માટે પોતાના વસ્ત્ર સાથનો માણુસની સાથે દોડનારો કુતરો પેદા કીધો." (વંદીદાદ, ૫૦ ૧૩, ફ૦ ૩૯.)

ઉપલા મુસ્તકીમ દાખલાઓથી સાબેતી મલે છે કે, કેટલીક રીતે દાદાર હોરમજ્દે ગાય ઢોરોને માણુસો કરતાં ચઢીયાતાં પેદા કીધાં છે. અને તેઓનો માલેક અથવા સરદાર જે મીનોઇ જેહાંનનો રહેનારો તે બેહમન અમશાસ્પંદ છે, અને આ ફાની દુનીયામાં તેઓને સરદાર તેને ઠેહરાવેલો છે કે જે તેઓની પાસબાની અને પરવરશી તથા સંભાળ લેય. અને તે આ દુનીયાનો ગોસ્પંદો-નો સરદાર, ભરવાડ યાને ગવાળીઓ તે માણુસ છે. એ ઉપરથી મુકરર થાય છે કે, જે કોઇ ઢોરોની જાતના પોતાનાં બચ્ચાંની માફક પરવરશી લે તે બેહમન અમશાસ્પંદનો પ્રતીનીધી યાને બેહમનને પસંદ પડતો ગોસ્પંદોનો આ દુનીયાનો સરદાર ગણાય છે, જે અવસ્તા તથા બીજી શાહદતોથી પુરવાર થાય છે. આપણુ પોતે તેવી સરદારી કરવા દરરોજ **આતશ નીયાએશમાં** ઇચ્છીએ છીએ—

"હોરમજ્દ ! અષ (અરદીબેહેશ્ત)ની મારફતે હીમ્મતવાલુ જોર તથા બેહમનની મારફતે ગાય ઢોર ઉપર સરદારી (મને આપ.)"

માટે જરથોસ્તી ધર્મ પાલનારા સાહેબોને લાજમ છે કે, પોતાનાં બચ્ચાંઓની જેમ પરવરશી કરે તેમ ગાય ગોસ્પંદોની પરવરશી કરવી જેથી બેહમનને દરજાજે પહોંચી સેતરટનું સુખ હાંસલ કરે.

બાબ ૩ જો.

ગોસ્પંદોને દુઃખ દેવાનું તથા તેઓને હલાક કરવાનુ કામ જરથોસ્તી ધર્મે ગુનાહભર્યું ગણ્યું છે.

આપણે ઉપર બે ભાગોમાં તપાસ્યું છે કે, ઉત્તમ પ્રકારનાં ગોસ્પદોની પરવરશી કરવી, અને તેનું કારણ આપણુને એમ જણાયું છે કે, તેઓ ઇનસાનો-ની બરાબર જીંદગી ગુજારનારાં છે, એટલુંજ નહીં પણ કેટલીક બાબદમાં ઇન-

સાનો કરતાં તેઓનો દરજ્જો વધારે ઉંચો ગણેલો છે. હવે જ્યારે ગોસ્પંદોને એવાં ઉત્તમ ગણ્યા છે, ત્યારે તેઓને ઇજા કે દુઃખ પહોંચાડવું, એ વાજબી દેખતું નથી, અને તેઓને દુઃખ દેવામાં આવે તો તેનો ગુનાહ લાગુ પડી શકે છે, એ સેહલાઇથી જણાઇ આવે છે. આ ત્રીજા ભાગમાં અવસ્તાથી તપાસ્યે કે ગોસપંદોને દુઃખ દેવાનાં કામને કેવી રીતનું ગણ્યું છે, અને તેની શીક્ષા કેવી ફરમાવવામાં આવી છે, અને તેઓને દુઃખ કેવાં માણસો તરફથી પોહચાડવામાં આવે છે.

પાક દાદારની હજુરમાં ગોસ્પંદોનો આત્મા પોતા માટે ફરીયાદ કરે છે, જેનુ બ્યાન **બુન્દેહશ** નામની કેતાબમાં લંબાણથી આપે છે, જેનો સાર નીચે પ્રમાણે છે:—

"શરૂઆતમાં ગાય ગોસ્પંદોનાં રવાને પોતા ઉપર આએ દુનીયાંમાં આજાબ પડતો જોયો ત્યારે હોરમઝ્દ આગળ પોતાની હાલત માટે ફરીયાદ કીધી, ત્યારે હોરમઝ્દે પેગમબર જરથોસ્તનું ફરોહર દેખાડી તેને દીલાસો દીઓ કે થોડા વખત પછી ઘટતે વખતે એનો દુનીયાંમાં જન્મ થશે, અને એ તમો ગોસ્પંદોને દુઃખ દેવાથી પરહેજ રહેવાને માણસ જાતને શીખામણ દેશે." (બાબ ૪ થો.)

વળી વધારે મુસ્તકીમ ટેકો તો પવીત્ર **ગાથા** વાણીજ આપે છે, કે જેમાં ગોસ્પંદોનો આત્મા યાને "ગેઉશ ઉર્વાન" દાદારની હજુર પોતાની પર પડતા જુલમ વીષે ફરીયાદ કરે છે. તેને માટે પેગમબર સાહેબ જરથોસ્ત પાક દાદાર સાથની વાતચીતમાં આપણને એમ કહે છે કે—

"તમારી આગલ ગોસ્પંદોના મીનોએ મોટે અવાજે ફરીયાદ કરી કે શા માટે તમે મને બનાવ્યો, કોણે મને બનાવ્યો, મારા ઉપર ખુની જુસ્સો, નાપાક શખ્સનું કૈવત, અને જસ્તી, સખતાઇ અને કરૂરતા ગુજારવામાં આવે છે. તમો સીવાય મારો કોઇ ભરવાડ નથી." (**ગાથા,** હા ૨૯ મો, ફ. ૧ લો, પ્રોફેસર હારલેનો તરજુમો.)

હવે ગોસ્પંદોને દુઃખ પહોંચાડવાપર માણસજાતનું મન **એહરેમને** લલચાવ્યું હતું તેથી એ દુઃખ દેવાનું કામ એહરેમનને લગતું ગણેલું છે, કે જે પણ એજ **બુન્દેહેશ** ઉપરથી માલમ પડે છે, અને તે પેહેલા ભાગમાં વીગતવારે આપણે વાંચી ગયા. આ જગે તેનો મતલબ નીચે પ્રમાણે છે:—

"હોરમઝ્દે 'મશી મશીઆન'ને કહ્યું કે, તમો માણસ છઓ, મારાથી તમો પેદા થયા છો, સારાં કામ કરજો, દેવોને ઇજતા ના, અથવા દેવોની ઉશકેરણીથી બુરાં કામ કરતા ના.

"આખરે તેઓનાં વીચારમાં એહરેમને વસવસો પેદા કીધો. તેઓ સઘળુ એહરેમનથી પેદા થયલું સમજવા લાગા, પહેલાં તેઓ દુધ પીતા હતા, પણ તેમાં એહરેમને ખલલ નાંખી, દુધ પીતાં અટકાવી તેઓને ગોસ્પંદોને હલાક કરી તેઓનું માંસ ખાવા ઉપર લલચાવ્યા, તેથી તેઓ દુધ છોડી ગોસ્પંદોને કાપી તેનું ગોસ્ત એહેરેમનની ઉશકેરણીથી ખાવા લાગા." (**બુન્દેહેશ**, બાબ ૧૫ મો, જી. જં. મોદીવાલી.)

એજ પ્રમાણે "બહુમન યશ્ત" પણ **બુન્દેહેશને** ટેકો આપે છે, તેમાં પણ એમજ કહે છે કે—

"એહેરેમન દેવોને (યાને પોતાના સાથીઓને) કહે છે કે, દર રાત્રે દુનીયાંમાં જાવો, અને દરીયાને, સફેદ હોમને, ઓરવરોને સુકવી નાંખો, પછી તમામ માણસોને તથા ગોસ્પંદોને મારો."

ઉપલા મુસ્તકીમ દાખલાઓથી આપણને માલમ પડે છે કે, ગોસ્પંદોને દુઃખ તથા આજાબ દેવાનું કામ દુનીયાંની શરૂઆતથી એહેરેમનની ઉશકેરણીથી બુરા લોકોમાં જાએજ થયલું હતું, અને જેમ જેમ દુનીયાંમાં બુરાઇ વધતી ગઇ તેમ તેમ ગોસ્પંદોને હલાકી પહોંચાડવાનું કામ લંબાતું ગયું, અને જેમ તે લંબાતું ગયું તેમ દુનીયાંનાં ભલાં અને નેક લોકો તે બુરી રસમની સામે થઇ સેંકડો રીતનાં લખાણો કરી સમજાવતા ગયા, તે આપણને પુરાણાં લખાણો ઉપરથી જણાય છે. આપણું **વંદીદાદ** પુસ્તક પણ કહે છે કે—

"જેઓ નસાને ઉત્પન્ન કરનારા દરવંદો (છે તેઓ) દેવની રાહના ગાય ઢોરોનો નાશ કરનારા ઘાતકી ખરાબીવાલા છે." (૫ ૭, ફ. ૨૭.)

હવે પાક પરવરદેગારે પોતાની કબુલાત મુજબ આપણાં પેગંમબર અશો જરથોસ્તને આ દુનીયાંમાં જન્મ આપ્યો કે જેથી તે રાહબર દુનીયાંનાં લોકોને સમજાવી ગોસ્પંદોને તેઓનાં આજાબ માંથી છોડવે, અને તેજ પ્રમાણે રાહબર જરથોસ્તે ગોસ્પંદોને ઇજા દેવાનું કામ કેટલું ગુનાહભર્યું તથા બુરૂં છે, અને તેથી શું શું ગેરફાયદા હાંસેલ થાય છે, તે સઘળું લોકોને સમજાવ્યું કે જે વીષે પાક અવસ્તામાં નીચે પ્રમાણે બ્યાંન આવે છે. **અહુનવદ ગાથામાં** જરથોસ્ત સાહેબ સમજાવે છે કે—

"જે શખસ મારી દીનનાં કલામોને તદન ઉંધા વાળે છે, જે કોઇ આએ પૃથ્વીને તથા સુર્યને (પોતાની) બે આંખોથી જોવાને ઘણું ખરાબ ગણે છે, તથા જે શખસ દુષ્ટ માણસોને બક્ષેશ આપે છે, જેઓ બુરી નસીહતથી માણસોને સૌથી સરસ કામ (કરવા)થી અટકાવે છે, (તથા) જેઓ ગાય ઢોરની જીંદગીને ઠઠા મશકરીમાં (યાને વગર કારણે) હલાક કરે છે, તથા જેઓ રાસ્તી છોડીને લુચ્ચાઇને પસંદ કરે છે, તેઓને હોરમજ્દ બુરા ગણે છે" (હા ૩૨, ફ૦ ૧૦-૧૨)

તેમજ વોહુક્ષથ્ર ગાથામાં કહે છે કે—

"કરપો (યાને જરથોસ્તી દીનનાં ફરમાનો કબુલ નહી કરનારા) પોતાના કામમાં યા શીખામણમાં ગાય ઢોરની સંભાળ રાખવાને શીખવતા નથી. તેઓની એવી રીતને લીધે સેવટે તેઓ દરૂજનાં મુકામમાં (યાને દોજખમાં) જશે." (હા ૫૧, ફ૦ ૧૪.)

વળી જુઓ જરથોસ્તની ગોસ્પંદ વીશેની સમજાવટ—

"ખરાબ કૌવતવાળો (યાને પોતાનાં કૌવતને ખરાબ મારગે વાપરનાર) તથા પોતાનાં બદકામોથી જીંદગીને પાયમાલ કરનાર પાપી શખસ રાસ્તીનાં મદદગારોને તથા શેહેરનાં તેમજ દેશનાં ગાય ઢોરોને ફરવા હરવાથી અડચણ કરે છે. અએ હોરમજ્દ, જે કોઇ તે (દુષ્ટ માણસ)ને ગગડાવી નાંખે છે તે શખસ તેઓને (યાને) ગાય ઢોરોને તથા સારા ડાહપણના મારગોને યાને ગાય ગોસ્પંદોને ફરહર કરવા તથા ખોરાક ચરવાના રસ્તા મોકળા કરે છે." (હા ૪૬, ફ૦ ૪)

યુરોપીયન વીદ્વાનોના અર્થો તરફ જોતાં જરથોસ્તની સમજાવટ એવી મતલબની દીસે છે કે, જરથોસ્તી ધર્મનાં સમજાવેલાં ફરમાનો પ્રમાણે જે કોઇ નહી ચાલે તે જરથોસ્તના કલામોને ઉંધાં મારે છે, તથા જે કોઇ ગાય ગોસ્પંદોને તનદરોસ્ત હાલતમાં જોઇ શકતા નથી, પણ બુરી નીષ્ટાથી યાને હલાક કરવાની નીષ્ટાથી જુએ છે, તથા પોતાના જેવાજ નીચ ખવાસનાં માણસોને મદદ કરે છે, પોતાની બુરી નીષ્ટાથી કોઇનાં ભલાં કામમાં ખલલ નાંખી તેનો અટકાવ કરે છે, તથા ગાય ઢોરને હલાક કરવામાં પોતાને મોજ જેવું સમજે છે, લુચાઇને પસંદ કરે છે, એવી રીતનાં માણસોને હોરમજ્દ પોતે બુરા ગણે છે. વળી દીનનાં ફરમાન નહી માનનારાઓ ગાય ગોસ્પંદોની સંભાળ રાખવા બીજાઓને શીખવતા નથી; તેવા માણસોનું મુકામ છેવટે દોજખ ગણેલું છે. વળી જે કોઇ રાસ્તી રાહપર ચાલનાર હોય, અથવા તેઓનો કોઇ મદદગાર હોય, તેઓને તથા ગાય ઢોરને ફરહર કરવામાં અડચણ કરે છે, યાને તેઓને જોઇએ ત્યાંથી હાડમાર કરે છે, તેવા પાપી અને બુરા શખસને બીજો કોઇ ગગડાવી નાંખે, એટલે તેનો અથવા તો તેનાં પાપી કામનો નાશ કરે, તે નાશ કરનાર શખસ ગાય ગોસ્પંદોના મારગોને મોકળા કરે છે, યાને તેઓને ફરવા હરવામાં તથા ખાવાપીવામાં સુખ કરી આપે છે, એ પ્રમાણે જરથોસ્ત સાહેબની સમજાવટ માલમ પડે છે.

એ ઉપરથી સાબેતી મળે છે કે ગોસ્પંદોને દુઃખ દેવાનું કામ બુરામાં બુરૂં ગણી તેની શીક્ષા પણ મોટી ફરમાવેલી છે અને એજ કારણસર એવા

માણુસોની શીક્ષા બાબે જરથોસ્ત સાહેબ દાદાર હોરમજ્દને પુછતા માલમ પડે છે કે જે **ગાથા** હા ૩૧ ઉપરથી જણાય છે. જરથોસ્ત પુછે છે કે--

"જે માણુસ દુષ્ટ કામ કરનાર પાપીને સતા મેલવી આપે છે, તથા જે શખસ ખેડુતના (તેના) ગાય ઢોરના, તથા કદીબી જુઠું નહી બોલનાર માણુસના દુ:ખને લીધે (યાને તેને ઇજા પોંહચાડે છે તેને માટે) (કોઇબી રીતે) જીવવાને લાયક હોતો નથી. (તેવા શખસની) શીક્ષા બાબે (તુને) ઓ હોરમજ્દ હું પુછું છું." (ફ૦ ૧૫)

ઉપલા અવસ્તામાં જરથોસ્ત એવી મતલબનો સવાલ કરે છે કે, જે કોઇ પાપી કામ કરનાર હમેશાં બુરાઇમાં ગીરફતાર હોય તેને બીજો શખસ સત્તા મેળવી આપે, યાને તેવા પાપીને તેનાં કામમાં ઉતેજન આપી વધારો કરી આપે, તેવા શખસની શીક્ષા શી છે, કારણ કે પેલા દુષ્ટ કામ કરનારનાં કરતાં તેને મદદ કરનારને વધારે શીક્ષા થવી જોઇએ. દાખલા તરીકે ચોરી કરનાર કરતાં ચોરીનો માલ લેનારને વધારે શીક્ષા ખમવી પડે છે. વળી જે શખસ ખેડુતને તથા તેનાં ગાય ઢોરને દુ:ખ દીએ અને તે દુ:ખ પેલો ખેડુત મુગે મોઢે સેહવે તો તેવો શખસ જીવવાને લાયક નથી યાને તે જીવ્યા કરતાં મુવેલો ભલો, એવી રીતનું ગોસ્પંદોને દુ:ખ દેવાનું કામ બુરૂં ગણેલું છે, તેને લીધે વળી રેહનુમા જરથોસ્ત દાદારને સવાલ કરે છે કે—

"અએ આરાધના પામેલા હોરમજ્દ! તું (મને) કહે કે, તું સીવાય (તથા) રાસ્તી તથા સઉથી નેક મનશની સીવાય મારાં પશુનો બંચાવનાર કોણ છે?" (**ગાથા,** હા ૫૦, ફ૦ ૧ લો.)

મજકુર પવીત્ર **ગાથા** વાણીના મુસ્તકીમ દાખલા અને સાબેતીઓથી જણાય છે કે, ગોસ્પંદોને સહેજબી દુ:ખ દેવામાં આવે તો તેનો ગુનાહ લાગુ પડી શીક્ષા ખમવી પડે છે.

દીનકર્દ ધર્મગુરૂઓને માટે એમ સમજાવે છે કે--

"જે ધર્મગુરૂઓ દીનને નામે ગોસ્પંદોને વગર કાયદે ઇજા દેનારા છે, તેઓ બદીને લગતાં અત્યંત નુકસાનો તથા ઉલટાં કામોને માટેનાં છે, અને આ બાલેશ દીનના બેહદ ફાયદા, નેકી અને નીતીનાં ફરમાનથી વેગળા છે." (પુસ્તક ૮, સફે ૪૮૯.)

ગોસ્પદો માણુસોની બરાબર હક ધરાવનારાં છે તેજ સબબથી **દશાતીર** નામની કેતાબ કે જે મીનોઇ જ્ઞાન સમજાવે છે, તેમાં કહે છે કે--

"કોઇબી જાતનાં બેઆજાર પશુઓને કાપવાં તે જાણે કે એક વગર ગુનાહના નાદાન માણુસને મારી નાંખવા બરાબર છે."

એજ પ્રમાણે સરનામે રાજે યજદાન નામની ચોપડી જેમાં સુદરેહ તથા કુસ્તીની ક્રીયા અને તેનાં ભેદની ખુબીનું બ્યાન સમજાવવામાં આવ્યું છે, તેમાં ગોસ્પંદ વીષે એમ સમજાવે છે કે—

આજોરદે ગરદદ ઝે તો જાનવર, શવદ રંજે દાદારે પીરોજગર.
હમેશા ચે તો કશો દરીઆબ અસ્ત, ખુરો પુસેશો જુમબેશો ખાબ અસ્ત.
હમી બેહરે સુદેહ તો શાં આફરીદ, જેહર એક અંજ સુદી આમદ પદીદ.
કે બે પસંદદ ઇન ઝેશત કેરદારરા, કે બદ પીશ આરી નેકુ કારરા.

યાને "જો તારેથી કોઇબી જાનવર દુઃખી થાય તો ખોદા તારેથી દલગીર થાય છે, તે સઘળાં જાનવરોને તારી માફક સમજશક્તી, ભુખ, ઢાંકણ, હીલચાલ અને ઉંઘ હોય છે. તેઓને તારા ફાયદાને માટે પેદા કીધાં છે, જેમાંનાં દરેક (દુધ, ઉન વીગેરે) ફાયદાઓ ઉત્પન થયા. એવું નાલાયક કામ કોણ પસંદ કરે કે, ભલાં કામ કરનારા ઉપર ભુંડાઇ પુગાડે."

ઉપલા દાખલાઓથી સાબેતી મલે છે કે, જે પ્રમાણે આપણા રહેનુમા પેગમ્બર અશો જરથોસ્તે પાક દાદારની તરફથી ગોસ્પંદોને પરવરશી કરવાની તથા તેઓને ઇજા નહી દેવાની કબુલાત આપી તેની ફરજ પોતે લઇ તેજ પ્રમાણે દુનીયાંનાં લોકોને સમજાવી હતી, તેજ મીસાલે વડા ધર્મગુરૂ યાને જરથોસ્ત સાહેબના પ્રતીનીધી અથવા જાએનશીન તરીકેના વડા દસ્તુરને માથે પણ ગોસ્પંદોને પરવરશી કરવાની, તથા તેઓને દુઃખ નહી પહોંચાડવાની તથા તે માફક લોકોને સમજાવવાની ફરજ નાંખેલી છે, તે ઉપલાં દીનકર્દનાં ૫કરા ઉપરથી જણાય છે. એવી રીતની ફરજ નાખવામાં આવેલી છે, તેજ સબબથી, જો તેઓ તરફથી ગોસ્પંદોની પરવરશીની સમજાવટ નહી આપવામાં આવે, તો તેઓને બદીને લગતા અત્યંત નુકસાન કરનારા તથા ઉલટાં કામો કરનારા અને નેકી તથા નીતીનાં ફરમાનોથી દુર રહેવાવાળા, યાને ભલાં ફરમાનોને દુર કરનારા ગણવામાં આવ્યા છે. જો ગોસ્પંદોને હલાક કરવામાં આવે તો તેનો ગુનાહ એક વગર તકસીરના માણસને મારી નાખવા જેટલો મોટો ગણ્યો છે, જેથી ખોદા પોતે દલગીર થાય છે, કારણ કે તેઓને ઇનસાનોનાં ફાયદાનેજ માટે પેદા કરેલાં છે. ત્યારે આપણને સજાવાર નથી કે, ફાયદા તથા ભલાઇ અને નેકીનો બદલો ગેરફાયદા, ભુંડાઇ તથા બદીથી વાળીએ. આપણો ધર્મ સમજાવે છે કે, નેકીનો બદલો નેકીથીજ વાળવો, અને તેજ મીસાલે ગોસ્પંદોને આપણા તરફથી સહેજબી ઇજા પહોંચી હોય તે માટે પસ્તાવો કરવાનું ફરમાન છે; કે જેમ આપણે દરરોજ પતેતમાં ભણીએ છીએ કે :— "હર ભાતનો ગુનાહ કે જેમાંનો બહમન અમશાસ્પંદની, અને આએ દુનીયાંમાં ગોસ્પંદોની, અને દરેક

જાતનાં ગોસ્પંદોની સાથે બુરી રવેશ ચાલ્યાથી મને પહોંચ્યો, અને ગોસ્પંદોને મેં માર્યાં અને તેઓને મેં આજાર દીધો, અને કાપ્યાં, અને મેં તેઓને વખતસર ઘાસ પાણી નહીં આપ્યું, અને તેઓનાં મેં હાડ ભાંજ્યાં, અને ચોર, અને વરૂ, અને રાહમારૂનાં આસેબથી મેં તેઓને નેગાહ નહી રાખ્યાં, અને ટાઢ અને ગરમીને મેં તેઓથી બેઅંદાજાથી પરહેજ નહી રાખી, અને ખેતીના બળદને, તથા જવાન ગોસ્પંદોને તથા લડાઇના ઘોડાને તથા ગોસ્પંદોના બચાવોને તથા મારગને મેં કાપ્યાં, તથા એ સઘળાં ભલાંઓની સાથે મારી ભલાઇ નહીં થાય તેને લીધે ભલો બહમન અમશાસ્પંદ મારેથી આજુરદેહ અને નાખુશ થયો, વાસ્તે તે દર ભાંતનાં ગુનાહથી તોબાહ કરૂં છું." (પતેત ઇરાની.)

એજ પ્રમાણે **મીનો ખેરદ** પણ લખે છે કે,—

"અને જો કદાચ મીનોનાં તથા ગેતીનાં યજદો તથા માણસો તથા ઢોરો તથા ગાયો તથા ગોસ્પંદો તરફ ગુનાહ કસુર થયો હોય તો પસ્તાવો તથા પશેમાની કરીને પતેત કરવી." (બાબ ૨૯ મો.)

વળી **દબેશતાન** વધારે આગળ વધીને જણાવે છે કે—

"ગોસ્પંદોને દુખીનો કરનાર અગર ઘણાંએક મોજેજા અને કરામત પેગમ્બરો-ની મીશાલે દેખાડે તોબી પણ તે શખસનો તે જેહાનમાં કશી રીતે છુટકારો નહી જાણવો." (નજર ૨૧ મી, પાનું ૧૨૪ મું.)

આપણા જરથોસ્તી ધર્મની **શાએસ્ત લા શાએસ્ત** નામની પહેલવી કેતાબ કે જેનો તરજુમો ડોકટર વેસ્ટે ઇંગ્રેજી ભાષામાં કીધો છે, તેના પ્રકરણ ૨૦ મા, ફ૦ ૪–૯ ઉપરથી એવું માલમ પડે છે કે—

"જેઓ ગોસ્પંદોને કાપે તેઓની સામે તેઓના મરણ બાદ તે ગોસ્પંદોનો દરેક વાલ એક્કા ભાલા સમાન થઇ પડે છે." (જુઓ **રાહે રોશન**, પુ૦ ૧, અંક ૬ ડો.)

ગોસ્પંદોને પોતાનાં શેહેરમાં રાખવા માટે જે કોઇ નારાજી બતાવે તે સખશને **દીનકર્દ**માં કુફ્ર તરીકે ગણેલો છે. (પુ. ૨, સફે ૭૨)

ભરવાડ જો ગોસ્પંદની સંભાળ લેવામાં કાળજી નહી રાખે, અને તેથી ગોસ્પંદોને ઇજા પહોંચે તો તે ભરવાડને માટે કહે છે કે તે પાપી રવાન-વાળો બને છે. (જુઓ **દીનકર્દ**, ફ. ૮, સફે ૪૮૭.)

"પશુનો મારનાર યજદાનનાં ગમમાં ગેરફતાર થશે. બેઆજાર પશુ જનવરો ઉપર મેહેર કીધા વગર ફરેસ્તાઓને મલવું મુશકેલ છે." (જુઓ ૧૨૧૭ ઇ૦ ૭૦ ની **દસાતીર**, સફે ૨૫—૨૬)

આદરબાદ મારારપંદ નામના મહાન દસ્તુર એમ સમજાવે છે કે—

"ગાયો તથા ગોસ્પંદોને કાપવાથી દુર રેહજો, કેમકે તેથી યાને ગાય ગોસ્પંદોને કાપવાથી, તેઓને આવતી દુનીયામાં ઇનસાફ વખતે દુખ થશે." (**દીનકર્દ**, પુ૦ ૫, સફે ૨૯૪.)

"ગોસ્પંદોને કાપવાથી ગુનાહ સીવાય આદમીઓને બીજો કંઇજ ફાયદો થતો નથી." (જુઓ **આઇને જરથોસ્તી**.)

મજકુર અવસ્તા તથા પહેલવી તથા ફારસી કેતાબોના મુસ્તકીમ દાખલાઓથી પુરવાર થાય છે કે, જીંદગી ગુજારવાના બાબમાં ગોસ્પંદો માણસોની બરોબર હક ધરાવે છે, તેટલા માટે જે કોઇ તેઓને દુખી કરે તેને માથે ગુનાહ લાગુ પાડી સખતમાં સખત શીક્ષા કરવાનાં ફરમાનો આપવામાં આવેલાં છે, અને કોઇ ગમે એવો બંદગી, રીઆજત અને તપજપનો કરનાર હોય, અને તેની તરફથી ગોસ્પંદોને દુખ પોંહચે તો તેની સઘળી તપ જપ ઉંધી વળી તે દાદારના ક્રોધમાં ગીરફ્તાર થાય છે, સબબ કે તે દાદારની ખલકતને કોઇ નુકસાન પોંહચાડે તો ખુદ દાદારને નુકસાન કીધા બરાબર છે, એવું આપણે ઘણી જગે દાખલા દલીલોથી વાંચી ગયા. **દીનકર્દ**માં પણ એજ પ્રમાણે સમજાવે છે કે--

"દાદારને ઘણુજ દુખ દેનારો તે શખસ છે કે જે દાદારની ખલકતને ઘણુંજ નુકસાન કરનારો છે. દાદારની ખલકતને ઘણુજ નુકસાન કરનારો તે સખસ છે કે જે બુરા જોહાકના સંબંધને લગતાં કામ કરાવનારો છે." (પુ૦ ૮, સફે ૫૨૪.)

માટે કોઇનેબી દુ:ખ નહી પણ સુખજ મળે એવી રીત વાપરવી સજાવાર છે, તોજ તેની તરફથી આપણને સુખ મળે છે, અને તે વીશે ખુદ દાદાર હોરમજ્દ પોતે **ગાથા**માં જરથોસ્ત સાહેબને સમજાવે છે કે,

"ત્યારે હોરમજ્દે કહયું કે, આબાદી (અથવા સુખાકારી) તે (સખશ) ને (હોજો) જેનાથી બીજાઓને સુખ (પહોંચે.)" (હા ૪૩, ફ. ૧, તથા હા ૨૧. ફ ૩ જો. **હાદોખ્ત નુસ્ક** ફ. ૬ ઠો)

ઉપલા **ગાથા**ના પવીત્ર કલામો એવી સાબેતી આપે છે કે એકની તરફથી બીજાને જો દુ:ખ મળે તો પછી તેને તે કયાંથી સુખ મળે ? તેમજ ગાય ગોસ્પંદોની આબાદી નહી પણ નાબુદી ચાહવામાં આવે તો તે અશો હોરમજ્દ તરફનું સુખ તે કયાંથી મળે? કોઇનેબી દુ:ખ નહી દેવાની બાબદમાં **શાહેર શેખ સાદી** એમ સમજાવે છે કે--

બતરસ અઝ ખોદાએ મઆજારકસ, કેરા દે રસ્તગારી હમીન અસ્તો બસ.
ગર બદાંની જીરે પાએન હાલે મુર, હમચું હાલે નોરત જીરેપાએ પીલ.

યાને "તું તે ખોદાતાલાથી બીહતો રેહ અને કોઇનેબી તું દુઃખ ના પોંહચાડ, કારણ કે તે પાક પરવરદેગારની ઇનસાફી દરગાહમાં તારો છુટકારો બસ એનાથીજ. (યાને કોઇને આઝાર નહી દેવાથીજ) છે."

તારા પગ નીચે કીડીના કેવા હાલ થાય છે તે તું કાંઇ જાણે છે? અગર જાણુતો હોય તો વીચાર કર કે, તેવોજ યાને કીડીના જેવોજ હાથીના પગ તળે તારો હાલ સમજવો, એટલે જેમ કીડી તારા પગ તલે મસળાઇ જાય છે તેની કાંઇ ગણત્રી પણ નથી તેજ મીસાલે એક હાથીને પોતાના પગ તળે તુંને મસલી નાંખતાં શું વાર?

બાબ ૪ થો.

હોમ યજદની નઇયતે ગોશ્ત અથવા ગોસ્પંદોના ભાગો ઇજાવવાનું અથવા અર્પણ કરવાનું કહેવાતું અવસ્તાનું ફરમાન.

ગોસ્પંદો માણસોની બરાબર જીંદગી ગુજારવાની બાબદમાં એકસરખી પંકતીનાં છે, માટે તેઓની પરવરશી કરવી, અને તેઓને સહેજબી દુઃખ નહી દેવું, અગર તેઓને દુઃખી કરવામાં આવે તો તેની તરેહવાર શીક્ષા ખમવી પડે છે, એ પ્રમાણે જરથોસ્તી ધર્મ સમજાવે છે તે આપણે ઉપલા ત્રણ બાબોમાં જોઇ ગયા. હવે તેજ જરથોસ્તી ધર્મનાં ફરમાનો મજે ગોસ્પંદોને હલાકી પહોંચાડી તેઓનાં ચોકસ ભાગો ચોકસ ફરેસ્તાઇ શક્તિઓને અર્પણ કરવાનાં ફરમાનો આવેલાં હોય તો, દુનીયાંની સપાટી ઉપર જરથોસ્તી ધર્મ જેવો વખાણ પામેલો છે તેવો વખાણ પામતે નહીં. સબબ કે જે ધર્મમાં એકેકથી ઉલટાં ફરમાનો જોવામાં આવે તે ધર્મ મોદે બોલનારો ઠરી તે ધર્મ પાળનારાઓનું એકીન ડામાડોલ બનાવે છે, પણ જરથોસ્તી ધર્મમાં તેમ નથીજ. જરથોસ્તી ધર્મ ભેદ અને ભરમનો એક ભંડાર છે, તેથી દુનીયાંનાં હજારો ફીલસુફોથી વખાણ પામેલો છે. માટે ગોસ્પંદોને ખરેખર કાપી તેઓના ભાગો અર્પણ કરવાનાં છે યા તેવાં ફરમાનોમાં કંઇ ભેદ છે, તે આ ચોથા ભાગમાં આપણે અવસ્તાની સરખામણીથી તપાસીએ. **યજશ્નેના** ૧૧મા હાનાં ચોકસ ફકરાઓનાં તરજુમા નીચે પ્રમાણે કરવામાં આવ્યા છે:—

"હોમને માટે મારા પીતા અશો હોરમજદે ખાવા સારૂં (ગોસ્પંદની) જીભ, તથા ડાબી આંખ સાથે દરૂન અર્પણ કીધો." (ફકરો ૪ થો.)

"જે કોઇ (ગોસ્પંદની) જીભ તથા ડાબી આંખ સાથનો તે દરૂન જે અશો હોરમજદે મને ખાવાને અર્પણ કીધો તે બરબાદ કરે, લઇ લે યા (તેને ધીકારે અથવા ઇજવાથી દુર રાખે) તે." (ફકરો ૫ મો.)

"તે ઘરમાં આયબન, સ્થેરતાર, અથવા દેસની આબાદી કરનાર એદુત નહી જનમે, પણ તે ઘરમાં દુઃખ દેનારા મોતકારક તથા મકસ્થાન (માણસો) પેદા થાય." (ફ૦ ૬ ૭ેા.)

"હોમને અર્ટે દરૂન (તથા) ગોસ્તમો (કટકો) સેતાબીથી તુને તેયાર કરવો જોઇએ." (ફ૦ ૭ મી.)

અવસ્તાનાં ઉપલા તરજુમા ઉપરથી જણાય છે કે, ખુદ અવસ્તાના ટૅક્સ્ટમાં 'ગોસ્પંદ'નો તો બીલકુલ શબ્દજ નથી, કારણ કે તે ગોસ્પંદ શબ્દને વલાયામાં મુકેલો છે. પણ જ્યારે હોમ યજદને અર્પણ કરવાની ચીજોમાં જીભ અને ડાબી આંખનાં નામ ઉપલા અવસ્તા મધે જણાવેલાં છે, ત્યારે તે ગોસ્પંદોનીજ કાંય હોય? માણસો અથવા બીજાં વીકાળ જાનવરોની કાંય નહી હોય? અને ડાબીજ આંખ અર્પણ કરવાનું શું કારણ? કાંય નહી જમણી આંખ હોય? અવસ્તાનાં દાખલાઓ અને બીજી મુસ્તકીમ દલીલોથી એવી સાબીતી મળે છે કે, ઉપલા અવસ્તાનાં ફરમાનો કોઇ ભેદી અને અલંકારી ભાષામાં લખાયલાં છે. સબબ કે એમાં જણાવેલી જીભ અને આંખ શારીરીક નહીં પણ રૂહાંની અને ભેદી અર્થ ધરાવનારી માલમ પડે છે. જો તેમ નહી હોય તો ડાબી આંખ અને જીભ એ બેજ અર્પણ કરવા શા માટે કહે? માટે ઉપલા અવસ્તાનો ખુલાસો મરહુમ ફરામજી અસ્પંદીયારજી રબાડી પોતાનાં યજશ્નેના તરજુમા મધે ઘણી સારી રીતે આપણને સમજાવે છે. તેઓ પોતાની નોટમાં સમજાવે છે કે—

"એ ઉપલી એબારતથી કેટલાએક દસ્તુરો એવી મતલબ કાઢે છે કે, જ્યારે ગોસ્પંદ કાપે ત્યારે એ ચીજો હોમના દરૂન સાથે ઇજવાની તાકીદ રાખે, પણ જાણવું જોઇએ છે કે, અવસ્તામાં કોઇ જગોએ ગોસ્પંદ કાપવાનો હુકમ ફરમાવેલો નથી. વાસ્તે એ જગોએ ગોસ્પંદની ગરજ નફસે હેવાની છે, કે જે હવા અને હવસથી ખમીર થયલો છે, અને જુબાનથી મુરાદ એ છે કે, તેને નાલાયક સખુનો બોલવાથી દુર રાખે, અને બેઉ કાનની મતલબ એ છે કે, બદ સખુનો સાંભળવાથી પરહેજ રાખે, અને ડાબી આંખની ગરજ એ છે જે પોતાની ચશમને બદી તરફથી નેગાહ રાખે."

"એ એબારતથી હાંસેલ કલામ એ છે કે, એ ઉપર કહેલા ત્રણ ઓજાઓને પાક અને સાફ રાખ્યા પછી દાદાર હોરમજદની યજશ્ને આરાધવાની અંદર હોમની સેતાએશ કરવામાં મશગુલ થાય, અને એવી રવેસથી અથવા એથી ઉલટી રીતે જે કોઇ યજશ્ને કરે અને હોમના દરૂન ઇજે તે ઉપર હોમ યજદ દુવા યા બદ દુવા કરે છે. 'આવંદાદ' અને 'દાદાર હોરમજદ' નામના દસ્તુર સાહેબોએ કહેલું છે કે, એ કરદાનું પદવું જે છે તે હોમનો ખોરાક છે."

ઉપલા ખુલાસા પ્રમાણે અવસ્તામાં પણ બીજે ઠેકાણે કહે છે કે,—

"અએ હોમ! આ ગાથા તારે માટે છે. આ રહુવીના વાચનો, આ સ્વાદદાર ભોજન (તારે માટે) છે. (તથા) આ સાચા બોલેલા (બંદગીનાં) કલામો (તારે માટે) છે." (યજશ્ને હા ૧૦, ફ. ૧૮.)

વીસ્પરદનાં અવસ્તામાં પણ એમ કહે છે કે—

"આએ શરીર તથા કોવત, આએ ખુબીવાળી કીયાની ભેટો, આએ પાક હોમ, સારી પેદાયશની ગાય, અશો નર, અશો (લોકો) ની જાતી અકલનાં વીચારો, અશોઇગી ઉચે ધરેલાં આએ જીવામને, તથા ઓસ્વર (એ બધું) હમો દાદાર હોરમજ્દને માટે, તથા યજદોને માટે જાહેર અથવા અર્પણ કરીયે છીયે." (કરદો ૧૧, ફ. ૩ જો.)

આ વીસ્પરદનાં અવસ્તા આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે એમ કે, એમાં દાદાર હોરમજ્દને તથા સઘળા યજદોને માટે જેવી રીતે અર્પણ કરવા કહે છે તેવીજ રીતે "યજદો" શબ્દમાં હોમ યજદ પણ સમાઇ ગયા છે, માટે એ બેજ દાખલા ઉપલી રજાદીની મોટને ટેકો આપતા જણાય છે.

એ અર્પણ કરવાની મતલબ જો ખરેખરી જાનવરના ભાગોનીજ હોય તો એજ ૧૧ મા હાનાં ૧૦ મા ફકરામાં "જોતી" યાને યજશ્નેની ક્રિયા કરનાર પોતાનાં કુટુંબની આબાદી તથા પોતાનું તન હોમને અરપણ કરે છે. વળી હા ૧૦ ફ૦ ૧૪ માં જરથોસ્ત સાહેબ પોતાનું શરીર હોમને અરપણ કરે છે. (વળી જુવો યજશ્ને, હા ૫૫; ફ. ૧, હા ૫૮; ફ. ૬, ખુરશેદ નીયાએશ, ૫. ૪, વીગેરે.) ત્યારે શું જોતીએ અથવા જરથોસ્ત સાહેબે પોતાનો જીવ ખરેખરો કાઢી નાખી અરપણ કીધો હસે? પણ અરપણ કરવું તે બાકી શરીરના ભાગો નહી, પણ બીજાં અંતઃકરણ અને સાચા એતેકાદથી પઢેલા અવસ્તાનાં બેદી કલામો છે, જેમ કે ઉસ્તવદ ગાથામાં કહે છે કે—

"જે કોઇ જણાયલી તાબેદારીથી આરાધનારૂપી ભેટ (હોરમજ્દને) હજેરાં (અરપણ) કરે છે, તથા જે કાંઇ વાજબી તથા જે કાંઇ ગેરવાજબી (યાને ખરૂં ખોટું) પીછાણી શકે છે, (તે ધણી ઉપર) હોરમજ્દ પોતાની સર્વ જ્ઞાની અક્કલથી મોહબત રાખશે." (હા ૪૬, ફ૦ ૧૭.)

તેમજ હાદોખત નુસ્કની પરગડે બેહેલીમાં પણ એમ સમજાવે છે કે—

"જે કોઇ ફીદા કીધેલાં દીલનાં સખુરણ એતેકાદથી અથવા દીલસોજ બાતરજમત તથા ફીદા થયલા જીવ સાથે રાસ્તીને વખાણે છે, યાને રાસ્તીને પસંદ કરીને તે પ્રમાણે પોતાની જીંદગી ગુજારે છે, તે શખસ (ગોયા) હોરમજ્દને વખાણે છે તે શખસ પાણીને, જમીનને, ગાય ઢોરને, ઝાડપાનોને, તમામ વસ્તુને વખાણે છે."

(વળી દાખલા તરીકે જુઓ મેહેર યશ્ત, ફ. ૯, ફરવરદીન યશ્ત, ફ. ૯૨, **ગાથા**, હા ૫૦, ફ. ૮–૯ વીગેરે.)

ઉપલા એજ દાખલા ઉપરથી સાબેતી મલે છે કે, હોમ યજદને યાને કોઇબી ફરેસ્તાઇ શક્તિઓને કોઇ જાનદારોનાં શરીરના ભાગો અરપણ અથવા ભેટ કરવાના નથી, પણ **યજશ્નને** કરનાર અશો મોબેદે તે મીનોઇ શક્તિઓ ઉપર પોતાનો જાન ફીદા કરવો જોઇએ, યાને તેણે પોતાનાં કાન, આંખ, અને જબાંને આ દુનીયાની ખાકી ચીજો ઉપરથી ખસેડી તે મીનોઇ ફરેસ્તાની આરાધનામાંજ ચકચુર રાખવું જોઇએ, યાને તે આરાધના કરનાર 'જોતી' પોતાની સુદ્ધી ખોઇ દે છે, એટલે કે પોતાની જાહેર દેખીતી આંખ, જીભ (જુબાન), કાન, તથા બીજા અવયવો ખોઇ દે છે. તેને તેનાં કાને આ ખાકી દુનીયાનું સમજાતું નથી, તેની ચશમ ખાકી ચીજ જોઇ શકતી નથી, તેની જબાન ખાકી ચીજ સાથે વાત કરી શકતી નથી, પણ અંતર જ્ઞાનની આંખથી તે મીનોઇ શક્તિઓને જુવે છે, તેનાં અંતરકાન ગેબી ફરેસ્તાઓનું સાંભળી શકે છે, તથા તેની જબાન પાક અવસ્તાના ભેદી મંત્રોથી તે ગેબી શક્તિઓની વાતચીતમાં રોકાય છે, અને એ પ્રમાણે તે આરાધના કરનાર પોતાની સંપુર્ણ અશોઇથી મીનોઇ શુદ્ધીમાં ગરકાવ થાય છે, અને ત્યારેજ તે મીનોઇ શક્તિઓ ખુશ થઇ ભલા આશીર્વાદ દે છે, અને એવીજ સંપુર્ણ અશોઇથી હોમની ક્રિયા કરવાનું અથવા તો બીજા ફરેસ્તાઓને આરાધવાનું ફરમાન છે.

એજ પ્રમાણે એ જીભ, ડાબી આંખ તથા કાન બાબેના ભેદની ખુબીની સમજાવટ ખુદાશનાસીનાં જ્ઞાનની મારફતે નીચે પ્રમાણે કરવામાં આવે છે, કે જેથી ઉપલા ખુલાસાને ટેકો મલે છે:—

"બુજરગ મારા પીતા (પતી) અશો હોરમજ્દે મારે હોમને માટે કાન યાને અંતઃકરણ નાદ, જબાન યાને અંતર મુખ વાચા, અને ડાબી આંખ યાને અંતર વામ દ્રષ્ટી સાથે દરૂન અરપણ કીધો." (ઉપલોજ હા ૧૧ મો, ફ. ૪ થો, જુઓ **રાહેરોશન**, પુ૦ ૩, અંક ૧૨ મો.)

વળી એજ પ્રકરાને વધારે ખુલાસો કરીને સમજાવવામાં આવ્યો છે, જે ઉપલા ખુલાસાઓને મળતો આવે છે:—

"હોમને જે ડાબી આંખ અશો હોરમજ્દ તરફથી અરપણ થઇ છે તેને ઉપમન સાથે ઘણોજ અતલગનો આકર્ષણીક સંબંધ છે, અને હાલના સારીરીક શાસ્ત્રોએ પુરવાર કીધું છે કે, માણસના શરીરમાં ચોકસ ચક્રો છે, જેમાનું એક આથાંનાં મધ્યમાં સહુથી ઉંચા ભાગ ઉપર છે. આ ચક્રને હીંદુ ધર્મશાસ્ત્રો

માં 'અહારંઘ' કરી કહે છે. આ ચક્કર સાથે એક માનો અવ્યવ જોડાયલો છે, જે 'જીભ'ના આકારનો છે. જેમ આપણી સાધારણ જીભ વગર ખાકી અવાજ ઉત્પન થઇ શકે નહી, તેમ આ જીભ વગર મીનોઇ અવાજ નીકળી શકે નહી. આટલા માટે આ બે અવ્યવોને ખીલવવાને બદલે જેઓ તેમનો નાશ કરે છે, "તેનાં ઘરમાં નહીં આથ્રવન, નહી લડવઇઆ, કે નહી ભરવાડ જન્મે, તે ઘરમાં નુકસાનકારક, નાશકારક, અને તરેહવાર જાતના ગુનાહ કરનારાઓ જનમે." (**યજશ્ને,** હા ૧૧, ફ. ૬) એટલે જેને ખોદાશનાસો "રવાન વગરનાં માણસો" કહે છે તેઓ જનમ પામે." (જુઓ **રાહેરોશન,** પુસ્તક ૧ લું, અંક ૬ ઠો.)

આ ખોદાશનાસીનાં જ્ઞાનને આધારે કીધેલા ખુલાસાની મુલ નેમ પણ તે આરાધના કરનારની સંપુર્ણ અશોઇની છે, અને તેજ પ્રમાણે અવસ્તામાં પણ ઘણાએક દાખલાઓ આવે છે, જેઓમાંથી આ જગે એકજ દાખલો વધારે ખાતરી માટે અદનાની તરફનાં ખુલાસા સાથે નીચે પ્રમાણે છે:—

"તેણીને (પેગમ્બર) અશો જરથોશ્તે વેહદાયતી (નદી આગળ)ના ઇરાનવેજમાં હોમ કે જે જીવામ (તથા) બરશમ સાથનો છે, (તથા જે હોમ) મન, વચન તથા કરણી સાથની જબાનની દાનેશ વતી (તથા જે હોમ) ક્રીયાના જોરને માટે રાસ્ત બોલેલા સખુનોથી (તૈયાર કરવામાં આવે છે તે વતી) આરાધી." (**આવાં યશ્ત,** ફકરો ૧૦૪, વીગેરે, વીગેરે.)

ઉપલા અવસ્તાનો વધારે ખુલાસો એમ થાય છે કે,—

"હોમ કે જે જીવામ સાથનો તથા બરશમ સાથનો છે," યાને કોઇબી ફરેસ્તાઇ શક્તીઓને **યજશ્ને**નાં પવીત્ર અવસ્તાથી આરાધતાં ગેસ્પંદોનું દુધ "જીવામ" આલાત તરીકે લેવાનું ફરમાન છે, તે લઇને તથા પાવ મહેલની ક્રીયાથી બરશમ બાંધ્યા પછી હોમની ક્રીયા જારી કરવી, અને તે આરાધના કરવામાં "મન" મનસની યાને જેના વીચારો પાક પવીત્ર હોય તે તથા "વચન" ગવશની યાને જેનું બોલવું નેકીભરેલું રાસ્ત હોય તે તથા "કરણી" એટલે કામ યાને જેનું કામ સવાબને લગતુંજ હોય તે તથા "જબાન ની દાનેસ વતે" એટલે કે દાનાઇભરેલી રાસ્તી જુબાન હોય તે તથા "જે હોમ ક્રીયાના જોરને માટે રાસ્ત બોલેલા સખુનોથી (તૈયાર કરવામાં આવે છે તે વતે) આરાધી" યાને ઉપલી રીતનો જે શખ્સ હોય એટલે કે સંપુર્ણ અશોઇ ધરાવનાર હોય તેવા શખ્શે પોતાની રાસ્તી જુબાનથી અવસ્તાના પવીત્ર કલામો ભણી "જોર" નામની ક્રીયા કરે, અને પછી તે ક્રીયાએ કોઇબી ફરેસ્તાને આરાધવાનું શરૂ કરે. એવીજ તરતીબ પ્રમાણે જરથોસ્ત સાહેબે તથા બીજા નામાંકીત પુરૂષોએ આરાધના કીધી હતી.

ઉપલી રીત પ્રમાણે આરાધનારની નેક મનશની, નેક ગવશની તથા નેક કુનશની હોય તેનીજ વખાણમાં **ગાથા** કલામ પણ કહે છે કે,—

"સંપુર્ણ મનશનીનો માણસ પોતે પોતાનાં ડાહાપણ (સારા) સખુન તથા (નેક) કામથી દુનીયાંની આબાદી કરનાર છે." (હા ૫૧, ફ૦ ૨૧.)

ઉપલા ખુલાસામાં જણાવેલી ચીજો અને તે સાથે આરાધના કરનારની અશોઇ અને ક્રીયા તથા બંદગી એ અર્પણ અથવા ભેટ કરવાનું છે. (જુઓ મેહેર યસ્ત, ૫૦ ૧૬, આવાં યસ્ત, ફ૦ ૨૩.)

વળી એ અર્પણ અથવા ભેટ કરવાનો વધારે ખુલાસો મેહેર યસ્તમાં નીચે પ્રમાણે સમજાવે છે:—

"જ્યારે એક સારી ભેટ આપનારો શખ્સ મેહેર યજદને માટે પોતાનાં પોહલાં તથા લાંબાં ખેતરો અર્પણ કરે છે, (ત્યારે) તે (યાને મેહેર યજદ) તે દેશમાં જાય છે. ત્યાર પછી પશુ તથા માણસો બેઉ પોતાની મરજી મુજબ તે (જગા) ઓમાં પોતાની મરજી પ્રમાણે ફરેહરે છે, યાને ઉપર જણાવ્યા પ્રમાણે ખેતરોને તેઓનાં ધણીઓએ મેહેર યજદને અર્પણ કીધાથી એટલે તેની પનાહમાં આવ્યાથી પશુ તથા માણસો તે ખેતરોમાં આરામથી હરફર કરે છે." (ફ૦ ૧૧૨.)

આપણા શેહેનશાહો અને નામાંકીત પુરૂષો માટે અવસ્તામાં જગેજગ જોવામાં આવે છે કે, તેઓ ફરેસ્તાઓની બંદગી કરી ભલી મુરાદ માંગતા હતા, તેમાં તેઓ જે દોલત તરીકે જાનવરો પાળતા હતા તે પણ ઉપલા મેહેર યસ્તના ખુલાસા પ્રમાણેજ કરતા હતા, કે જેથી તેઓનાં ગાય ગોસ્પંદો ઉપર ફરેસ્તાઓ નેગેહબાની રાખી તેઓને સુખી અને આબાદ હાલતમાં રાખે, નહી કે તે હજારોને કાપી અરપણ કરતા. દાખલા તરીકે, **આવાં યજદ** ફરેસ્તાને બાહાદુર જરીરે આરાધી કે—

"તેણીને ઘોડા ઉપર બેસીને લડાઇ કરનાર જરીરે વેહદાતી નદીની પેલી પાર સો ઘોડા, હજાર બળદ તથા દશ હજાર નાનાં ગોસ્પંદોથી આરાધી." (ફ. ૧૧૨)

ગાથામાં કહે છે કે—

"અએ હોરમજ્દ! આધીન નમસ્કાર સાથે તુને તથા અષને મીયઝદ હમો એનાયત કરીયે." (હા ૩૪, ફ૦ ૩)

આ **ગાથા**ના ફકરામાં 'મીઅજદ એનાએત' કરવા કહે છે તે ઉપલા ખુલાસા પ્રમાણે એનાએત અથવા ભેટ કરવાનું સમજવું જોઇએ અને એવી રીતી પ્રમાણેની ક્રીયા કરનારની પુર અશોઇ તે ગોયા મીનોઇ શક્તિઓને ખોરાક મળ્યા બરાબર છે, જેથી તેઓ દુઆ યા બદ દુઆ કરે છે, નહી કે હોમ યજદને માટે દરૂન સાથે ગોસ્તનો મુરદાર કટકો પાવ મેહેલની ક્રીયામાં નહીં મુકે તેથી તે બદ દુઆ દે છે.

હવે મજકુર આવાં યશ્ત ફ૦ ૧૦૪ વીગેરેની શાહદતો ઉપરથી ખુલે ખુલ્લું જણાઇ આવે છે કે, હોમ યજદને ગોસ્પંદોનાં મુરદાર ગોશ્ત સાથે કાંઇજ સંબંધ નથી. પણ તેઓનાં "જીવાંમ" (દુધ)ની સાથે નીસબત છે. કારણ કે ત્યાં યાને અવસ્તામાં પુષ્કળ ઠેકાણે એમ આવે છે કે, "હઓમ યોગન બરસમન" યાને હોમ કે જે જીવાંમ તથા બરસમ સાથનો છે, એટલે હોમ યજદનો સાથીજ જીવાંમ છે તેથીજ જીવાંમ સાથનો કહે છે, કે જેની બીજી મુસ્તકીમ સાબેતી **યજશ્નને** હા ૧૦ મધે હોમની આરાધનામાંજ આપે છે, તે એમ સમજાવે છે કે—

"અએ પીલા (સોનેરી) હોમ જે કોઇ તુને ખચીત ગાએમાંથી નીકળતી ચીજ (અથવા જીવાંમ) અરપણ કરે છે, તેને તુ નરથી ભરપુર વધારે ડહાપણ-વાળો તથા જ્ઞાનવાળો કરે છે. (ફ૦ ૧૩)

વળી મરહુમ કાંગા પોતાની નોટમાં એ ફકરા વીશે જુદી મતલબ સમજાવે છે કે—

"એનો અર્થ જે કોઇ જીવાંમ સાથે ભેલીને તુને ખાય છે તે થઇ શકે?"

આ બીજી રીતની સમજાવટ ઉપરથીબી હોમનો જીવાંમ સાથનોજ સંબંધ માલમ પડે છે.

ઉપલા ૧૩ મા ફકરામાં "ગાયમાંથી નીકળતી ચીજ" તે દુધનેજ કહે છે, કે જેને અરપણ કરવાથી હોમ ખુશનુદ થાય છે.

આપણે કબુલ રાખીએ કે "ગોશ્ત સાથનો દરૂન" હોમ યજદ માંગતા હોય તો મજકુર **યજશ્નને**ના ૧૦ મા હાનો ફ૦ ૧૩ મો ખોટો પડે છે, સબબ કે ગોસ્પંદમાંથી જે ચીજ નીકળે છે તે (દુધ) બંધ પડી જાય છે, કારણ કે તેઓની હૈયાતીમાંજ તે ચીજ યાને "જીવાંમ" (દુધ) નીકળી શકે છે.

વળી અવસ્તામાં જો પેહેલાં જીવાંમ શબ્દ આવે છે તો, તેની જોડમાં બીજું હોમનું નામ જોવામાં આવે છે, જે તીર યશ્તના કલાંમો ઉપરથી જણાય છે, જેમકે—

"એ તરફ તે તેસ્તર અંજુમન બોલાવે છે, (તથા) એ તરફ (ભીજલસી-ઓને) તે (નીચે પ્રમાણે) પુછે છે કે, હવે કોણ મને જીવામ સાથની (તથા) હોમ સાથની ક્રીયાની ભેટોથી મને ઇજશે, કોણને હું ગાયને લગતી દોલત તથા ગાય ઢોરનું ટોળું (તથા) પોતાના રવાનની પવીત્રાઇ બક્ષું" (કરદો ૬, ફ૦ ૧૫-૧૭-૧૯).

ઉપલા ફકરામાં "ગાયને લગતી દોલત" એવા શબ્દો આવેલા છે, તે તેઓ યાને ગાય ગોસ્પંદોનું દુધ અને દુધને લગતી બીજી ચીજો સમજવી કે જે માણસોની દોલત તરીકે ગણાય છે.

વળી પુરાતન જમાનામાં આપણાં કંઇએક મહાન અશોઇવાલા પુરૂશો થઇ ગયા છે તેઓ મીનોઇ શક્તિઓને આરાધવામાં અરપણ અથવા ભેટ તરીકે દુધનેજ વાપરતા હતા, તેની વળી તાજું દાખલો કે જેની સાબેતી રામ યશ્તના અવસ્તા આપે છે.

"તેને યાને વાએ યજદને પેશદાદ (ખાનદાનના) હોશંગ પાદશાહે મજબુત તથા લોઢાનાં જેવા સંગીન અલબુરજ (પાહાડ)ની તએર (નામની ટોચ) ઉપર સોનેરી બેઠક ઉપર સોનેરી ગાલીચા ઉપર (તથા) શોનેરી છત્ર તળે (બેસીને) પાંથરેલી બરસમથી તથા પુષ્કળ અને તાજા દોહજાડેલાં (દુધની ભેટો)થી આરાધ્યો. (ફકરો ૭ મો વીગેરે આખી રામ યશ્ત.)

એજ યશ્તમાં પહેલા કરદાની શરૂઆતમાં આરાધના કરનાર પોતે 'જીવામ'ની ભેટ કબુલ રાખવા જાહેર કરે છે કે—

"તે સર્વ ઉત્તમ (વાએ) યજદને હમો માન સાથે યાદ કરીએ છીએ (એવી મકસદથી કે) તે હમારી તરફની જીવામ (અથવા ધી) તથા બંદગીની (ભેટ) કબુલ રાખીને તેના બદલામાં દુશ્મનોને એકદમ દાબી નાખવાનું કૌવત હમુને બખશે."

ઉપલા રામ યશ્તનાં અવસ્તામાં પાવ મહેલની ક્રીયાથી ફરેસ્તાઇ શક્તિઓને આરાધવાની બાબત સમાવવામાં આવી છે, કે જે આપણે વાંચ્યું તેમ છેક હોશંગ પાદશાહના વખતથી બલકે તેથીબી પુરાણા વખતથી ચાલુ દીસે છે, અને એટલી લાંબી મુદતથી પાવ મહેલની ક્રીયામાં ગોસ્પંદોના જીવાંમ યાને દુધજ વાપરવામાં આવતું હતું.

આપણે ઉપર તપાસ કીધી કે મીનોઇ શક્તિઓને આરાધના રૂપી ભેટ તથા આરાધના કરનારની સંપુર્ણ અશોઇએ, અરપણ અથવા ભેટ કરવાનું છે, તે વીશે વળી વધારે મજબુત અને મુસ્તકીમ સાબેતીની દલીલ **આથા**વાણીજ પુરી પાડે છે, અને તે એમ સમજાવે છે કે—

"જે સઘળું અંતઃકરણથી તુને (અએ હોરમજ્દ) અરપણ કરવામાં આવ્યું છે તે, નેક વીચાર તથા દુનિયાંની આબાદી કરનાર માણસ જેનું રવાન રાસ્તીની પુઠે ચાલે છે તેનાં (નેક) કામો (છે)." (હા ૩૪, ફ૦ ૨ જો.)

ઉપલા સઘળા ખુલાસા પ્રમાણેની રીતીથી મીનોઇ શક્તિઓને આરાધવામાં આવે ત્યારેજ તેમને આરાધવાની મકસદ પાર પડી શકે છે, અને ત્યારેજ તેની આરાધનાથી મીનોઇ શક્તિઓ સંતોષ પામી શકે છે. બાકી "દાદાર હોરમજ્દે હોમ યજદને ખાવાને માટે (ગોસ્પંદની) જીભ અને ડાબી આંખ સાથનો દરૂન અરપણ કીધો" હોય એમ વીચારવું, અને તે

બીજાને ખરાબ કરનારને હોમ યજદ બદ દુઆ દે છે એમ માનવું, એ આપણી અક્કલથી દુર છે, બલકે જરથોસ્તનાં ફરમાનોને ખોટી રીતે કામમાં લેવા બરાબર છે. પણ અવસ્તાનાં કલામો પ્રમાણેની સંપુર્ણ અશોઇ અને ધ્યાનથી પાવ મેહેલની ક્રીયાથી હોમને નામે "ઇજેશો દરૂન" જે કોઇ અધર્મીથી એકીન વગર ખાય, અથવા વગર પાકી પવીત્રાઇએ ઇજે-ઇજાવે યા તે (પવીત્ર દરૂન) ને બરબાદ કરે તો, તેવા શખસને તે હોમ યજદ બદ દુવા દઇ તેને ત્યાં નેક ફરજંદની વૃધી આપતો નથી. નહી કે ગોસ્તના કટકા સાથનો દરૂન બરબાદ કરે તેને એવી બદ દુઆ દે. (જુઓ હા ૧૦, ફ૦ ૧૫, હા ૧૧, ફ૦ ૫-૬.)

ઉપલો દરૂન યજશ્નેની ક્રીયા માટે બનાવવામાં આવે છે, તે વખતે જો કોઇથી ભુલમાં ગોસ્તનો હાથ તે દરૂનને લાગો હોય છે તો તે સઘળું રદબાતેલ કરી ફરીથી બનાવવામાં આવે છે. એવો કાયદો જરથોશ્તીઓમાં ચાલુ છે, અને તે મોટે ભાગે આપણી બેહન બાઇઓમાં જોવામાં આવે છે, જે બતાવે છે કે દરૂનની સાથે ગોસ્ત નહી પણ ઘીજ મુકી ક્રીયા કરવાનું ફરમાન છે.

બાબ ૫ મો.

હોમ યજદ તથા બીજા ફરેસ્તાઓ દુનિયામાં આબાદી તથા વધારો કરનારા છે, તે વીશેના જરથોશ્તી ધર્મનાં ફરમાનો.

હોમ યજદને મુરદાર માંસનાં કટકા સાથે નીસબત નથી, પણ તેઓનાં યાને ગાય ગોસ્પંદોનાં દુધ "જીવામ" તથા આરાધનાં કરનારની સંપુર્ણ અશોઇ, તથા ક્રીયા અને અવસ્તાનાં કલામો સાથે સંબંધ ધરાવે છે, તે આપણે ચોથા બાબમાં લંબાણથી તપારી ગયા. હવે આપણે તપાસીએ કે ફરેસ્તાઇ શક્તીઓ દુનીયાંમાં વધારો કરનારી છે કે ઘટાડો?

યજશ્ને હા ૧૧ ફ૦ ૪ જેની આપણે લંબાણથી તપાસ કીધી તે પ્રમાણે જો હોમ યજદ પોતાની આરાધનામાં દરૂનની સાથે ગોસ્તના કટકાની ખાહેશ રાખતા હોય તો, તે હોમ દુનીયાંમાં આબાદીને બદલે ઘટાડો કરતા આપણને માલમ પડે, પણ હોમ યજદ તેમજ બીજા ફરેસ્તાઓ

દુનીયામાં તે પાક દાદારની પેદાયશનો વધારો કરી સર્વે ચીજોને આબાદ હાલતમાં રાખવા ઉપર હમેશાં રોકાયલા છે; તે તમામ અવસ્તા ઉપરથી માલમ પડે છે. જેમકે **યજશ્નેનાં** ૪૨ માં હામાં કહે છે કે—

"દુનીયાંની વૃદ્ધી કરનાર (તથા) આગળ વધારનાર હોમને હમો વખાણીએ છીએ, દરદને મુશકેલી આપનાર (યાને દરદને પછાત રાખનાર) હોમને હમો વખાણીએ છીએ." (ફ૦ ૫ મો.)

વળી હોમને તેની ક્રીયાથી છુંદીને રસ કહાડવામાં આવે છે ત્યારે મુખ્ય કરી ગાય ઢોરની તથા માણસની જીઆદતી થાય છે, કે જે વીષે **વીસ્પરદનાં** અવસ્તા ઉપરથી જણાય છે. તેમાં કહે છે કે—

"છુંદીને રસ કહાડવા લાયક હોમમાંના જે (હોમને) ચઢતે દરજ્જેનાં સરદાર અશો હોરમજ્દને માટે તથા સ્પીતંમાંન જરથોશ્તને માટે (જ્યારે) (ક્રીયાથી) છુંદવામાં આવે છે ત્યારે ગાય ઢોરની જીયાદતી તથા માણસોનો વધારો થાય છે." (કરદો ૧૨ ફ૦ ૧ લો.)

તેમજ બીજા ફરેસ્તાઓ પણ હોમની માફક ગોસ્પદોની જીયાદતી તથા આબાદી કરનારા છે. (**યજશ્ને** હા ૫૨, ૫૦ ૧–૨, હા ૧૬ ફ૦ ૧૦, હા ૫૭; (સરોશ યશ્ત) હા ૬૨, ૫૦ ૧૦; મેહેર યશ્ત ફ૦ ૨૮–૫૪ ૬૫, ૧૦૩; આવાં યશ્ત ફ૦ ૮૯, વીગેરે, વીગેરે.)

અને એજ પ્રમાણે દુનિયાંની સંભાળને ખાતર દાદાર હોરમજ્દે કંઇ અગણીત મીનોઇ શક્તિઓ યાને યજદ અમશાસ્પદોને પેદા કીધા છે, જે **વીસ્પરદના** કરદા ૮ ઉપરથી જણાય છે. તેમાં એમ સમજાવે છે કે,—

"પચાસથી સો તથા હજાર, દશ હજારથી અગણીત અને એથીબી વધારે (યજદો.)" (ફ૦ ૧ લો તથા **દીનકર્દ** પુ૦ ૩ જું, સફો ૧૬૬.)

ગાથાના કલામોમાં, એ યજદ અમશાસ્પંદોમાં મુખ્ય રક્ષણ કરનાર બહમન અમશાસ્પંદ જે ગોસ્પંદોનો સરદાર કહેવાય છે તેને ગણેલો છે કે—

"(તારાં) રાજ્યમાં (ઓ હોરમજ્દ) તમામ જીવજંતુઓ બહમનને લીધે રક્ષણ થયલાં છે." (હા ૩૪, ફ૦ ૩.)

એવી રીતે સંભાળ તથા રક્ષણ કરવામાં ગાય ગોસ્પંદોની વધારે કાળજીથી સંભાળ કરતા માલમ પડે છે, કારણ કે તેઓનાં રક્ષણ કરવામાં પહેલુ ગાય ઢોરનું અને પછી માણસોનું નામ જોવામાં આવે છે. જુઓ (**વીસ્પરદ** કરદો ૧૨, ફ૦ ૧, આવાં યશ્ત ફ૦ ૮૯, મેહેર યશ્ત ફ૦ ૧૫ ૨૮–૬૫, ફરવરદીન યશ્ત, ફ૦ ૧૦–૧૨–૭૪–૮૮–૧૦૦ વીગેરે.)

ઇનસાન જાતની પણ ફરજ છે જે દુનીયાંમાં ભલા વીચારથી આબાદાંની કરવી. જે વીષે **ગાથા**માં લખે છે જે—

"જે સઘળું અ:તકરણથી તુંને (ઓ હોરમજ્દ) અર્પણ કરવામાં આવ્યુ' છે તે નેક વીચાર તથા દુનિયાંની આબાદી કરનાર માણસ જેનું રવાન રાસ્તીની પુઠે ચાલે છે તેનાં નેક કામો (છે)" (હા ૩૪, ફ૦ ૨, હા ૪૯, ફ૦ ૫, હા ૫૧, ફ૦ ૨૧, વીગેરે, વીગેરે.)

મજકુર ટુંક દાખલાઓથી સાબેતી મળે છે કે, જ્યારે હોમ યજદ નામની મીનોઇ શક્તિ દુનીયાંની પેદાયશમાં વધારો અને આબાદાની કરવાનાં કામ ઉપર રોકાયલી છે, એટલુંજ નહી પણ કંઇ અગણીત ફરેસ્તાઇ શક્તિઓ આબાદી તથા જીયાદતી કરવાનાં કામ ઉપર તે સાહેબના હોકમથી હંમેશાં રોકાયલી રહે છે કે જેઓ ગોસ્પંદોની સંભાળ પેહેલાં લે છે, ત્યારે તેજ ફરેસ્તાઇ શક્તિઓ પોતાની આરાધનામાં દરૂન સાથે ગોસ્પંદના મુરદાર માંસની ખાહેશ રાખે એ કેમ બની શકે? માટે હોમ યજદની તથા બીજા ફરેસ્તાઓની આરાધનામાં "જીવામ" યાને દુધ અને ઘી લઇ આરાધનાં કરવાનું ફરમાન છે, કે જે વીષે આગળ આપણે તપાસ કરી ગયા અને તે દુધ "પાવ મેહેલ"નાં ભણતરની ક્રીયાથી મોટાં માન સાથે તેઓને હજારો હજાર દુવાનાં અવસ્તાનાં કલામો ભણી લેવામાં આવે છે. તેઓનાં શરીર, તથા રવાનોની યાદ કરી તેઓની ખુબી તથા વખાણ ગાવામાં આવે છે. પછી તે "જીવામ" નીહાલનાર મોબેદ પોતે અવસ્તા શબ્દોથી કબુલ કરતો જાય છે અને જીવામ (દુધ) દોહતો જાય છે કે, "હું અતીશે અશોઇવાલું 'મન,' અતીશે અશોઇવાલું 'વચન,' અતીશે અશોઇવાલું 'કામ' ધરાવનારો છું" અને તેથીજ હું તારૂં જીવામ લેવાને લાયક બની તારૂ જીવામ લેઉં છું. તારૂં જીવામ લીધા પછી સેવટે "હજંઘરેમ બએષજનામ બએવરે બએસજનામ"નાં અવસ્તાથી દુધ દઇ ત્રણ મરતબે તેને નમીને પાછો ફરે છે. ત્યારે એ સઘળી અવસ્તાની સરખામણી અને તપાસથી સાબેત થાય છે કે, પાંવ મહેલની ક્રીયામાં અથવા તો જરથોસ્તી ધર્મની કોઇબી પવીત્ર ક્રીયામાં માંસ જેવી ચીજ મુકવી નારવા છે, અને તેટલા માટે તે જરથોસ્તી ધર્મની મુળ નેમને ઉંધી મારનારી યાને મીનોઇ શક્તિઓનાં ખેચાંણને બદલે શેતાંની અને દરૂજી શક્તિઓનું ખેંચાણ થઇ ક્રીયા કરનારની નેમ પાર પાડી શક્તી નથી યાને તેની ક્રીયા રદ જાય છે.

બાબ ૬ ઠો.

બાજ ઇજતી વખતે દરૂન ઉપર "ગોશેદો" તરીકે ગોસ્ત અથવા કવાબ મુકવાનો ભુલભરેલો વીચાર.

આપણે ચોથા ભાગમાં જોયું કે, હોમ યજદ પોતાની ક્રીયામાં ઇજાતા દરૂનની સાથે ગોસ્તનાં કટકાની ખાહેશ રાખતા હોય તેમ **યજશ્નેના**ં ૧૧ માં હાના તરજુમાંની સમજાવત હતી, અને તે માટે દાખલા દલીલોથી આપણે તપાસ કીધી. અને તેજ પ્રમાણે કોઇની યજદ અમશાસ્પંદ કે, અશોના ફરોહરોની નૈયતે આપણે જે દરૂન બાજ કરીયે છીએ તે દરૂન સાથે કુદરતી પેદાયશોનાં પ્રતીનીધી તરીકે ચોકસ પદાર્થો મુકવામાં આવે છે, તેમાંના ગોસ્પંદી ખોરાક, એટલે પ્રાણીમાથી મલતા ખોરાકના પ્રતીનીધી તરીકે ઘી અથવા ગોસ્તનો કવાબ મુકવાની સમજાવત કરવામાં આવી છે, તેને માટે આપણે આ છઠ્ઠા બાબમાં તપાસીએ કે, બાજ ઇજવાની ક્રીયામાં દરૂનની ઉપર ગોસ્તનો કવાબ મુકવો વાજબી છે કે, ગેરવાજબી? તથા જરથોસ્તી ધર્મની મુલ નેમ શાથી સચવાય છે? ગોસ્પંદોની હૈયાતીમાં તેઓનાં દુધનું ઘી બને છે તેથી કે, તેઓને હલાક કરી તેનાં માંસનો કવાબ બનાવીને મુકે તેથી? જેમકે એરવદ સાહેબ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચા દરૂન બાજ ઇજવાની મકસદ સમજાવતાં લખે છે કે,—

"આરાધના કરતી વખતે મુખ્ય છ ચીજો મુકવામાં આવે છે, તે હૈયાતી કાયમ રાખવાની સર્વે ચીજોનાં છ પ્રતીનીધીઓ તરીકે મુકવામાં આવે છે જેમ કે દરૂનને અનાજના પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે; તેની ઉપર 'ગોશેદો' એટલે ઘી અથવા ગોસ્તનો કવાબ મુકવામાં આવે છે, તેને અવસ્તામાં 'ગાવશ હુદાઓ' કરી કહે છે. એ 'ગોશેદો' ગોસ્પંદી ખોરાક એટલે પ્રાણીમાંથી મલતા ખોરાકના પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે. દરૂનની પાસે 'આબ' એટલે કે પાણી મુકવામાં આવે છે. તે પીવાનાં પાણીનાં પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે. દરૂનની વચ્ચે દરેક મેવાની એક કકડી મુકવામાં આવે છે કે જેને 'ઉરવરામ' કરી કહે છે. તે વનસ્પતીના અથવા ભાજી તરકારી-નાં ખોરાકનાં પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે. દરૂન ઇજતી વખતે સુખડ અને લોબાન મુકવામાં આવે છે, જેને 'અએસમ' અને 'બોએ' કરી કહે છે, તેને ધુપ કરીને હવાને ચોખી કરવાનાં સાધનને પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે. અને છેલ્લે તે ક્રીયામાં આતશને રોશની તથા ગરમીના પ્રતીનીધી તરીકે મુકવામાં આવે છે." ("રાહનુમાએ માઝદીઅસનાન," પુ૦ ૪ અંક ૧૦ સફે ૮૭ મે.)

એરવદ શહેરીઆરજીએ ઉપલા ખુલાસામાં "ગોશેદો" જેને અવસ્તામાં "ગાઉશ હુદાઓ" કહે છે તેનો અર્થ ઘી અથવા ગોસ્તનો કવાબ કરી કીધો છે અને તેજ પ્રમાણેનો અર્થ મરહુમ એરવદ સાહેબ કાવસજી કાંગાએ પણ સમજાવ્યો છે. (જુઓ **યજશ્ને** હા ૩ જામા સફે ૨૩ મે આપેલી ૫ મી નોટ.)

પહેલવી સરેહ કરનારા સાહેબો "ગાઉશ હુદાઓ"નો અર્થ "ગોસ્પંદેહુદાક" યાને **સારી પેદાયશનું ગોસ્પંદ** કરે છે.

ડાકટર સ્પીગલ એ શબ્દનો અર્થ "સારી પેદા કીધેલી ગાય, તથા સારૂં પેદા કીધેલું ગોસ્ત" એવા બે પ્રકારનાં અર્થો કરી વાંચનારને ગુંચવાડામાં નાંખે છે.

પ્રોફેસર હાર્લે પણ એ શબ્દનાં બે અર્થો "બલદ અને ગોસ્ત" કરે છે.

મરહુમ દસ્તુર એરચજી સોરાબજી મેહેરજીરાણાં અને ફરામજી અસ્પંદીયારજી રબાડી એ શબ્દનો અર્થ ફક્ત ઘીનાં અર્થે લખી ગયા છે.

એ પ્રમાણે દરૂન બાજ ઇજવાની ક્રીયામાં ભણાતાં "ગાઉશહુદાઓ" શબ્દનો અર્થ જુદા જુદા વીદ્વાનોએ જુદો જુદો કીધો છે, માટે આપણે તપાસીએ કે કયો અર્થ જરથોસ્તી ધર્મની પવીત્ર ક્રીયાને અનુસરતો છે.

એ દરૂન બાજની ક્રીયામાં મુકવામાં આવતી જુદી જુદી ચીજોની ફીલસુફી સમજાવતાં એરવદ શેહરીઆરજી વળી લખે છે કે—

"એ છ પ્રતીનીધીઓ મુકવાનું કારણ એ કે અશોઓનાં ફરોહરો અને ભલા મીનોઓ માણસોનાં ઉપયોગની સર્વે વસ્તુઓ જેવી કે પાણી, ઝાડ પાન, ગોસ્પંદો વીગેરેની પાસબાની તથા વૃદ્ધી કરે છે જેથી માણસ જાતને અતીશય ફાયદાઓ થાય છે. વળી ફરોહરોનું મુખ્ય કામ એ છે કે પ્રાણીને જીવતું રાખવું, કે જે કામ તે ફરોહરો ખોરાક તથા હવાનું શરીરમાં રૂપાંતર કરીને બજાવે છે, અને સર્વે ભલા મીનો આપણને તે ખોરાકો અને બીજી બધી આબાદી પોંહચાડે છે અને આપણું રક્ષણ કરે છે, તેઓનાં કામોની નીશાન અને નમુના તરીકે ખોરાક તથા હવા અને રોશની તથા ગરમીનાં એ છ પ્રતીનીધીઓ નજર આગળ રાખીને તેઓની ઉપર ફરોહરોની તથા ભલા મીનોઓની આરાધના કરવામાં આવે છે." (રા. મા., પુ. ૪ થું અંક ૧૦, સફે ૮૮ મે.)

ઉપલી સમજાવટ પ્રમાણે યજદ, અમશાસ્પંદો અને અશોના ફરોહરો પાણી, ઝાડ પાન, **ગોસ્પંદો** વગેરેની પાસબાની તથા વૃદ્ધી કરે છે, જેથી માણસ જાતને ફાયદો હાંસલ થાય છે. તેની યાદ મનમાં તાજી રાખવા તે

પેદાશોની થોડી થોડી ચીજો આપણી સનમુખ રાખી સેતાયશ તથા આરાધના કરવામાં આવે છે. પણ જો ગોસ્પંદોનાં પ્રતીનીધી તરીકે તેમાંથી ઉત્પન થતું ઘી જેવી માણસને ફાયદો કરનારી વસ્તુ દરૂન ઉપર મુકી ઇજવાને બદલે ગોસ્પંદોને કાપી તેનાં માંસ મધેથી બનાવેલો કવાબ યાને ગોસ્તનો કટકો ઇજવા મુકીએ તો ગોસ્પંદોની વૃદ્ધીને બદલે તેઓનો નાશ થતો જોવાની ઇચ્છા ધરાવતા તરીકે ગણાઇએ. જ્યારે ફ્રેરોહરો ગોસ્પંદ ઇત્યાદીની વૃદ્ધી અને પાસબાની કરે છે તેનો ખ્યાલ આપણા દીલમાં લાવવાની મકસદ છે તો, તે મકસદ ગોસ્પંદમાંથી ઉત્પન થયલી ફાયદામંદ વસ્તુ જે ઘી તેને ગોસ્પંદોના પ્રતીનીધી તરીકે દરૂન ઉપર મુકવાથીજ જળવાય છે, નહી કે ગોસ્પંદોનો નાશ કરી તેનું મુરદાર માંસ પવીત્ર ક્રીયામાં મુકવાથી.

વળી ઉપલાજ સફામાં એરવદ શેહરીયારજી જણાવે છે કે,—

"એક જણે આપણી ઉપર કીધેલા ઉપકારની માત્ર એખલી સ્તુતી કરવા કરતાં જે ચીજ આપણી ઉપર તેણે બક્ષેશ કીધી હોય અથવા જે રીતે આપણી ઉપર ઉપકાર કીધો હોય તે ચીજ અથવા તે રીતીની કોઇ નીશાન અને નમુનો નજર આગળ રાખીને જો તે સ્તુતી કીધી હોય તો, તે વધારે અસરકારક થઇ પડે છે." (સફે ૮૮.)

ઉપલી સમજાવટની મતલબ એ છે કે, પરવરદેગારે ઇનસાનો માટે જે ચીજો પેદા કીધી છે, જેવી કે અનાજ, પાણી, વનસ્પતી, ગાય ગોસ્પંદો ઇત્યાદી કે, જેઓથી સર્વે જાનદારોની હૈયાતી કાયમ રહે છે, અને એ સઘળી ચીજો બનાવી તેઓની ઉપર યજદ, અમશાસ્પંદોને પાસબાની તરીકે રાખી ઇનસાન જાતની હૈયાતી ટકાવી રાખવા બેહદ ઉપકાર પરવરદેગારનો કહેવાય છે, અને એ છએ ચીજો હમેશાં કાયમ અને આબાદ હાલતમાં હોય તોજ ઇનસાનની હૈયાતી પણ કાયમ અથવા આબાદ રહી શકે છે અને તેજ કારણુસર દરૂન બાજની ક્રીયામાં તે ચીજો સનમુખ રાખી તેઓની અને તેઓ ઉપર મવકલ યજદોની સ્તુતી ગાઇએ છીએ, અને ભણુતી વખતે તે ચીજોની ઉપર દર વખતે નેગાહ કરી તેની કાયમી ઇચ્છવામાં આવે છે. આટલું છતાં જો દરૂન ઉપર કવાબ મુકવામાં આવે તો ગોસ્પંદોના પ્રતીનીધી તરીકેનો ઉપકાર માનવાની આગમચ આપણે તો તેને રેંહસાવી નાંખીયે તો પછી તેનો ઉપકાર માનવાનું રહે કે આથી જ્યારે તેઓની હૈયાતીજ ખતમ કરવામાં આવે, ત્યારે તેઓની તરફથી પ્રતીનીધી કોણુને અથવા કઇ ચીજને ગણુવામાં આવે ? માટે ગોસ્પંદો આપણી હૈયાતી ટકાવી રાખવાની ચીજોમાંનું એક સાધણુ છે, કે જેઓ પોતાનાં દુધ વગેરેની

ચીજો ઇનસાનોની આબાદ હાલતમાં રહેવા માટે બખશેશ કરે છે, તેટલા માટે તેઓએ બક્ષેસ કરેલી ચીજ "ઘી" આપણી સનમુખ રાખી તેઓનો ઉપકાર માની આપણી સાથે તેઓની પણ હૈયાતીની કાયમી ઇચ્છવામાં આવે, તોજ તે "વધારે અસરકારક રીતે તેઓનો ઉપકાર માનેલો કહેવાય છે," અને એવી રીતે તેઓનો ઉપકાર માનવો તે ગોયા તેઓના મવકલ યજદ અમશાસ્પંદોનો અને ખુદ દાદાર હોરમજ્દનો ઉપકાર માનવા બરાબર છે, કારણ કે તે સાહેબ તમામ પેદાયશનો માલેકજ છે. નહીં કે ગોસ્પંદોને કાપી તેનાં માંસનો કવાબ બનાવી ગોસ્પંદોનો તથા યજદોનો ઉપકાર માનવો.

વળી જ્યારે "ફ્રેરોહર અને મીનોઇ ફરેસ્તાઓ પ્રાણીઓને જીવતાં રાખી તેઓની વૃદ્ધી કરે છે" ત્યારે ખાકી બંદાને શું હક છે કે તેઓનો જીવ લેઇ–લેવડાવી તેઓની વધતી જતી ઓલાદનો નાશ કરી ઘટાડો કરે?

જો ઘડીભર કવાબનો અર્થ કબુલ રાખવામાં આવે તો "ગોશેદો," ગોસ્પંદી ખોરાક, એટલે "પ્રાણીમાંથી મળતા ખોરાક," એવી રીતની એરવદ શેહરીઆરજીની સમજાવત ખોટી ઠરે છે, સબબ કે તેના કવાબ બનાવવામાં આવે તો તેમાંથી મલતો ખોરાક બંધ પડે છે.

વળી ઘી કવાબની સરખામણી કરતાં આસમાન અને જમીન જેટલો તફાવત જોવામાં આવે છે. ઘી જ્યારે હયાતી ભોગવતાં અથવા જીવતાં પ્રાણી ગોસ્પંદોમાંથી મલતાં દુધનું બનાવવામાં આવે છે એટલા માટે તે એક હૈયાતી ધરાવનાર, જીવતો તથા નીર્દોષ ખોરાક પાક જરથોસ્તી ધર્મને અનુસરતો ઠરે છે; ત્યારે કવાબ તે પ્રાણીનો જીવ લીધા પછી તેનાં મુરદાર માંસમાંથી બનાવવામાં આવે છે, તે કારણે તે એક મુરદાર અને નીતીને માર્ગથી ઉલટો છે, એટલા માટે તે જરથોસ્તી ધર્મ પ્રમાણે ગેરવાજબી અને મુરદાર વસ્તુ ઠરે છે.

વળી જો પવીત્ર દરૂનની ઉપર નીમેજ ઘી મુકવામાં આવે તો, તે ગોસ્પંદોના પ્રતીનીધી તરીકે ગણી શકાય છે, પણ ઘીને બદલે કવાબ મુકવામાં આવે તો, તે ગોસ્પંદોના પ્રતીનીધી તરીકે કેમ ગણી શકાય? કારણ કે હૈયાતી ભોગવનારાં પ્રાણીઓ તરફનોજ પ્રતીનીધી ગણી શકાય નહી કે મુરદાર પ્રાણીઓનો; માટે "ગોસ્પંદી ખોરાક" અથવા "પ્રાણીમાંથી મળતો ખોરાક" તે તેઓનાં દુધ, ઘી વીગેરેની ચીજો સમજવી જોઇએ, નહી કે તેઓને કાપી કવાબ બનાવે તો તેને "પ્રાણીમાંથી મલતો ખોરાક" કહે. માટે મજકુર "ગાઉશહુદાઓ" શબ્દનો અર્થ ઉપલા બે

દસ્તુર સાહેબોએ વાજબી રીતે ઘીનો કીધો છે. પહેલવીવાલા સાહેબોએ જે "સારી પેદાએશનું ગોસ્પંદ" કરી કીધો છે, તેને પણ "ગોસ્પંદની સારી પેદાએશ" એમ કરવામાં આવે તો તે વધારે સહી એબારતમાં અને અકલ પસંદ માલમ પડે. દુધ, ઘી, ઇત્યાદી ગોસ્પંદોની સારી પેદાએશ ગણાય છે.

એ "ગાઉશ" અને "હુદાઓ" શબ્દોનો અર્થ "ગોશેદો" એટલે ઘી અથવા કબાબ ઇત્યાદી કરવામાં આવ્યો છે. પણ "ગાઉશ"નો અર્થ જયારે ગાય ગોસ્પંદ એવો કરવામાં આવે છે, ત્યારે "હુદાઓ"નો અર્થ જોવામાં આવતો નથી. એ "હુદાઓ"ની મતલબ બીજી જગેથી મલી આવે છે. જેમકે ગાથા હા ૪૧ ફ. ૩ મા "હુદાઓ" યાને સારી નેઆમત બખશનાર, એ ઉપરથી "ગાઉશહુદાઓ" એટલે "ગોસ્પંદની સારી બખશેશ, ગોસ્પંદની સારી નીયામત અથવા ગોસ્પંદની બખશેશ" એમ જો કરવામાં આવે તો તે અર્થ બંધ બેસતો અને સમજમાં ઉતરી શકે તેવો તથા આપણાં ધર્મની પવીત્રાઇ સાચવનારો ઠરે છે; અને એ ગોસ્પંદની સારી બખશેશ અથવા ગોસ્પંદી નેઆમત જે તેઓની હૈયાતીમાં દુધ ઘી ઇત્યાદીની આપણને આપણી સુખાકારી માટે બખશેશ કરે છે તેને કહે છે, અને એજ વસ્તુ પ્રાણીઓના પ્રતીનીધી તરીકે દરૂન બાજ તથા યજશ્નેને લગતી પવીત્ર ક્રીયામાં આપણી સનમુખ રાખી અવસ્તાના કલામો-થી તેઓની સ્તુતી કરવાનું આપણા પાક ધર્મનું ફરમાન સાબેત કરે છે, નહી કે તેઓના મુરદાર ગોસ્ત મુકી. હીંદુ શાસ્ત્રમાં પણ "ગેનુંપ્રસાદ" શબ્દો આવે છે, જે અવસ્તાના "ગાઉશહુદાઓ"ને મલતો આવે છે, તેનો અર્થ "ગાએનો પ્રસાદ" એટલે કે તેઓનાં દુધ, ઘી, દહી, માખણ વગેરેને કહેવામાં આવે છે.

દાખલા તરીકે "દરૂન"ની ઉપર "ઉરવર" મુકવામાં આવે છે, તે ઉરવર શબ્દ અવસ્તાનો છે અને તેનો અર્થ ઝાડ-પાન થાય છે. હવે "ઉરવર" એટલે ઝાડ કરીને દરૂનપર મુકવું, તે કાંઇ આખાં ઝાડનેજ ઉખેરીને અથવા તો કાપીકુપીને દરૂનપર મુકવામાં આવતું નથી, પણ તે ઝાડમાંથી જે ફુલ ઉત્પન થાય છે તે ફુલને ઉરવર (ના પ્રતીનીધી) તરીકે મુકવામાં આવે છે. તેજ મીસાલે "ગોશેદો"નો અર્થ ગોસ્પંદ કરી કંઇ આખું ગોસ્પંદ અથવા તેને કાપી પકાવીને નથી મુકવાનું, પણ ગોસ્પંદ-માંથી ઉત્પન થતું ઘી કે જેને "ગોશેદો" કહેવામાં આવે છે તે ગોસ્પંદોના પ્રતીનીધી તરીકે મુકવાનું છે.

વળી "ગોશેદો" એ શબ્દ ઘીનીજ મતલબે યોજદા બેગર મોબેદોમાં સાધારણ રીતે વપરાય છે. અવસ્તામાં ઘીને ગાઉશહુદાઓ કહે છે કે જેનો

ઉચ્ચાર ટુંકો થઇ "ગોશેદો" શબ્દ બન્યો છે, અને એજ શબ્દ સાધારણ રીતે તેઓ (યોજદાથ્રેગરો)માં વપરાય છે. જેમકે દરૂનપર ઘી મુકવા માટે એમ પુછવામાં આવે છે કે, "દરૂનપર ગોશેદો" છે કે નહીં. સામો ધણી "ગોશેદો"નો અર્થ ઘીજ સમજી તેને હા કે નાનો જવાબ દે છે, પણ એનો અર્થ કવાબ સમજવામાં આવતો નથી. ગુજરાતી તરજુમા કરવામાં પણ એજ "ગોશેદો" જે "ગાઉશહુદાઓ"નો ટુંકો શબ્દ બની ગયલો તેજ વાપરવામાં આવે છે, માટે એનો બીજો અર્થ કવાબ બની શકેજ નહીં.

એજ પ્રમાણે અવસ્તામાં "જીવયાંમ" શબ્દ દુધને વાસ્તે આવે છે. એનો પણ ઉચ્ચાર બદલાઇને ટુંકમા "જીવાંમ" શબ્દ બનેલો છે અને દુધને માટે એજ શબ્દ મજકુર મોબેદોમાં વપરાય છે.

અગરજો ઘી અથવા કવાબ એ બેઉ અર્થો કરવામાં આવે તો એ ઉપરથી એમ બની શકે છે કે, સૌ પોતપોતાની મરજી મુવાફેક ઘી અથવા તો કવાબ મુકે. ત્યારે એમાંથી પરીણામ શું નીપજે? એજ કે દરૂન ઉપર કવાબ મુકયો યાને માંસ જેવી ચીજ ક્રીયામાં યંજવા મુકી એટલે મીનોઇની શક્તીઓને બદલે હેરેમંદી શક્તી હાજરી આપે, કે જેથી દરૂન યંજવાની પવીત્ર ક્રીયા કરી કરાવી સવાબ મેલવવાની અને અશો ફ્રરોહરો તથા અશો રવાનોની દુઆ તથા ફ્રરેસ્તાઇ શક્તીઓની છુપી મદદ મેળવવાની જગ્યાએ અજીમ ગુનાહનું કામ કીધેલું અવસ્તા ઉપરથી સાબેત થયલું માલમ પડે છે.

એરવદ શેહરીઆરજી અને મરહુમ કાવસજી કાંગા એ બેઉ વીદ્વાન સાહેબોની સમજાવટ એવી છે કે, "ગાઉશહુદાઓ" એટલે "ગોશેદો" યાને ઘી અથવા ગોસ્તનો કવાબ એટલે કે દરૂનની ઉપર ઘીને બદલે ગોસ્તનો કવાબ મુકે તો તેબી ચાલી શકે, પણ માંસ જેવી ચીજ આપણી જરથોસ્તી ધર્મની પવીત્ર અને મોતેબર ક્રીયામાં મુકવામાં આવે તો તે જગ્યાએ ફ્રરેસ્તાઇ શક્તીઓનું ખેંચાણ થવાને બદલે દરૂજી શક્તીઓનું ખેંચાણ થાય, કારણ કે ગોસ્પંદોને હલાકી પોંહચાડવાનું કામ હેરેમનને લગતું ગણવામાં આવેલું છે, કે જે બુન્દેહેશ તથા બહમન યસ્ત અને ખુદ અવસ્તા પ્રમાણે આપણે આગળ વાંચી ગયા.

હવે દરૂજી શક્તીઓનું ખેંચાણ થાય છે તે વીષેનો પુરાવો પુરાતન તવારીખો ઉપરથી પણ મલે છે કે, મેહમુદ ગજનવી પાદશાહના વખતમાં આપણા જરથોસ્તીઓને ઇસલામી ધર્મ કબુલ કરવાનો હુકમ થયો હતો, અગર નહી તો તેઓને મારી નાંખવાનો હુકમ થયો. આપણાં લોકોએ તે હુકમ કબુલ નહી

કરવાથી પાદશાહે આપણી દીનનો મોજેજો જોવા માંગ્યો. આપણા લોકોએ તે કબુલ કરી "પાવમેહેલ"ની યજશ્નેની પવીત્ર ક્રીયા કરવા માટે સઘળું તૈયાર કરી પાદશાહનાં કપડાં પોતાનાં પાણીથી ધોઇ તેને પેહેરવા આપ્યાં. પછી અગીઆરીનાં ચોકમાં અલ્લાએદો પાદશાહને બેસાડી કહ્યું કે, હવે અમો અમારૂ કામ શરૂ કરીયે છીએ માટે તુંને શું ચમતકાર દેખાય તે જોજે. એમ કહી પહેલે દહાડે "મીનો નાવરની" અને બીજે દહાડે "શરોસ"ની યજશ્ને કીધી. તે વખતે પાદશાહને આસમાન ઉપરથી તરેહવાર પોશાકમાં ફરેસ્તાઓ આવતા નજર પડયા, જે જોઇ પાદશાહ ઘણોજ ખુશી થઇ ગયો. ત્રીજે દીવસે સીરોજાની યજશ્ને કરતી વખતે આસમાન ઉપરથી હાથી ઉપર સવાર થયલું બીહામણું લશકર હાથમાં પથરો પકડી ગોયા પાદશાહને મારવા આવતું હોય તે મીસાલે પાદશાહની નજરે પડયું, જેથી પાદશાહ ઘણોજ દેહસ્તમંદ થયો, અને તુરત કામ બંધ કરાવી તેણે ખુલાસો માંગ્યો. પેલા દસ્તુર મોબેદોએ "આલાત" (યજશ્ને કરવાનાં સામન)ની તપાસ કીધી તો, "બરશમ" ઉપરથી એક બાલ નીકળ્યો. તે લઇને પાદશાહને જરથોસ્તી દીનની ખુબી વીષે ઘણીએક સમજાવટ કીધી, અને કહ્યું કે, હમારી દીનની ક્રીયા કેવી બારીક છે કે, એક બાલ પડવાથી હેરેમંદી બુરી શક્તીઓનું ખેંચાણ થવા પામ્યું છે. તેટલા માટે "બાલ કરતાં બારીક દીન" તે એ હમારી દીન છે. પછી ફરી ચોકસાઇથી યજશ્ને કરી પાદશાહને ખુશી કરી ખાત્રી કીધી.

એ બાલ પડવા વીશેની અસલ ફારસી બેતો આ પ્રમાણે છે:

બ રોજે સીઉમ બેશનો અએ નામદાર, બેબી કુદરતે પાક પરવરદેગાર.
બ સોદ રાસ્પી યસ્તરા સાખત જુદ, કે સીરોજે ખાંદન કુમાં રોજ બુદ.
બે ઉફ્તદ યક મોએ અજ રીશે ઓ, બ અરવીશે બરશમ શની નેક ખો.
ચું બરખાંનદંદ આં જમાં યશતરા, જે બારીકે દીન બી અજાએબ ફરા.
નબુદંદ આગાહ અજાં મોબેદાં, બસેતાં રસાંદ આં બ ખાંદે જીઆં.
નયેહકરદ આં રોજ આં શાહે રાદ, બદીદરા અજાયબ જે બેદાદો દાદ.
અલાંમત સેપાહ બદીદ આં જમાં, હમી પોશતે પીલાં બુદંદ આં રવાં.
બેરૂં આમદંદ આં જે સુએ શમાલ, શેહનશાહ તરસીદ અંજા સુર મલાલ.
ફરેસતાદ મરદે બ નજદીકે શાં, કે આગેહ કુનીદ મોબેદાં જા નીશાં.
બે ગુફતશ કે ઇન ચીસ્ત બર ગોએ રાજ, કે ઇમરોજ જેશતંદ ઇન કોમા બાજ.
સીયાહંદો હંમ તીરેહો ગંદે બોએ, બી યા ઇ જમાં પેશે મંન ઇન બગોએ.

પેલા મોબેદો પેલો બાલ લેઇને પાદશાહને સમજાવે છે તેમાં કહે છે કે—

કે ઇન દીન બયક મોએ ગરદદ ચુનાં, બેદાંની તો અએ શાહે રોશન રવાં.
કે ઇ દીને પાકસ્તો હોકમે ખોદા, કુનમ શુકરે યજદાંન અજી દીને મા.

—નીરંગહાએ કલામકશ ઉપરથી.

આપણી પવીત્ર ક્રીયામાં એક બાલ જેવી મુશ્કાર ચીજ પડવાથી આવી ખરાબી નીપજે છે તો ખાસ કરી પ્રાણીનું માંસ મુકવામાં આવે તો તેથી કેવી રીતની ખરાબી થાય, યાને કેટલી હદ સુધી બુરી અને દરૂજી શક્તિઓ-નું ખેંચાણ થવા પામે, અને તેથી કેવી કેવી ખરાબીઓ ઉત્પન્ન થવાનો સબબ બને, તે વીચારવું મુશ્કેલ નથી. માટે કોઇબી રીતનાં ભણતરની ક્રિયામાં ગોસ્ત મુકવું નારવા છે અને જરથોસ્તી ધર્મની મુલ નેમને ઉલટાવી નાખનારૂં છે, કારણકે મજકુર આપણી સઘળી તપાસ અને સરખામણીથી સાબેત થયું છે કે, જરથોસ્તી ધર્મ ક્રિયાઓમાં ઘી અને દુધ કે જેને "ગોસ્પંદી ખોરાક, અથવા તો ગોસ્પંદની સારી બક્ષેશ" કેહવામાં આવે છે, અને જેને મજકુર તપાસમાં આપણે સાબેત કીધું છે, તે મુકવું સજાવાર છે અને જરથોસ્તી ધર્મની મુળ નેમ અથવા મકસદને અનુસરતું છે, પણ 'ગાઉશ-હુદાઓ" એટલે "માંસ" એવો અર્થ કરી તેના "કવાબ" બનાવી ધર્મ ક્રિયામાં મુકવું નારવા તેમજ જરથોસ્તી ધર્મની મુળ મકસદને અનુસરતું નથી, બલકે તે નેમ અથવા મકસદને ઉંધી વાલે છે. એટલા માટે તે ખોટો ઠરે છે.

બાબ ૭ મો.

ખોરાક તરીકે ગોસ્ત લેવાના અવસ્તાના શક ઉપજાવનારા તરજુમા.

આપણે પહેલા બાબમાં જોઇ ગયા છીયે કે, ગાય ગોસ્પંદો જેવાં નીર્દોષ પ્રાણીઓને જરથોસ્તી ધર્મમાં કલામો મધે જગે જગે યાદ કરી આરાધવામાં આવ્યાં છે, તથા તેઓની પરવરશી કરવાની તથા તેઓને પુરતો ઘાસચારો આપી આસુદાં રાખવાની જગેજગ તાકીદ ફરમાવી છે, તથા ગાય ગોસ્પંદોને દુઃખ તથા આજાર પોંહચાડવાનાં કામથી પરહેજ રહેવાને ખુદ ગોસ્પંદો ઉપરના મવકલ ફરેસ્તા બહેમન અમશાસ્પંદે અશો જરથોસ્તને તાકીદ કરી સમજાવ્યું હતું.

બીજા બાબમાં વાંચી ગયા કે, જીંદગી ગુજારવાના બાબમાં ગોસ્પંદો તેમજ માણુસો એકસરખો હક ધરાવે છે, અને બંનેને એક બીજાથી ફાયદો

થાય છે. એક જરથોસ્તી પોતાની આરાધનામાં જેમ માણુસોની તેમજ ગાય ગોસ્પંદોની વૃદ્ધી માટે દુઆ ગુજારી કરે છે. એક જગા જેમ તે ઉપર માણુસોની વસ્તી હોવાથી ખુશાલ થાય છે, તેમ તે જગામાં ગાય ઢોરો અને પશુઓ વધારે બચ્ચાં સાથે વસે તે જગાને ખુશાલ થતી જરથોસ્તી ધર્મે જણાવી છે. (જુવો **વંદીદાદ,** પર્ગરદ ૩, ફ. ૫-૬.)

ત્રીજા બાબમાં તપાસ કીધી છે કે, ગોસ્પંદોને દુઃખ તથા ઇજા દેવાનુ કામ જરથોસ્તી ધર્મે ગુનાહભર્યું ગણ્યું છે. તેવી રીતે ગોસ્પંદોને ઇજા દેનારા માણુસોને દાદાર હોરમજ્દ પોતે બુરા ગણે છે અને તેવાઓનું સેવટનું રેહેઠાંણુ દોજખનાં મુકામમાં જણાવ્યું છે.

આપણે ચોથા બાબમાં તપાસ્યું છે કે, હોમ યજદની નઇયતે ગોસ્પંદની જીભ અને ડાબી આંખ દરૂન ઉપર મુકી ઇજાવવાનું **યજશને**નાં **૧૧** માં હામાં આવેલું ફરમાન, કોઇ ભેદી અને જુદીજ મતલબ ધરાવનારૂં છે કે, ખરેખર ગોસ્પંદોને હલાક કરી તેનાં ચોકસ ભાગો દરૂન ઉપર મુકી ઇજવા કહેલું છે, તે દાખલા દલીલોથી તપાસ્યું.

હોમ યજદ તથા બીજા ફરેસ્તાઓ ગોસ્પંદની આબાદી ચાહવાવાલા છે કે તેઓની નાબુદી ચાહવાવાલા છે, તે પાંચમાં બાબમાં તપાસ્યું.

દરૂન બાજ ઇજતી વખતે દાદાર હોરમજ્દની ઉંત્તમ પેદાએશના પ્રતીનીધી તરીકે દરેક ઉમદા પેદાએશનો થોડો ભાગ આપણી સનમુખ રાખી દાદાર હોરમજ્દ, અમશાસ્પંદો, અશોનાં ફરોહરોની આરાધનાં કરવાનું આપણાં ધર્મનું ફરમાન છે. તે પ્રમાણે આ ગાય ગોસ્પંદોનાં પ્રતીનીધી તરીકે તેઓનાં દુધ મધેથી ઉત્પન થતું ઘી દરૂન ઉપર મુકી આરાધના કરવાનો આપણામાં કાયદો છે, કે જેને મોબેદી ભાષામાં "ગોશોદો" કરી કહે છે અને તેનો અવસ્તામાં શબ્દ "ગાઉશ હુદાઓ" કરી છે. "ગાઉશ હુદાઓ"નો જેમ ઘીનોજ અર્થ કેટલાક વીદ્વાનોએ કીધો છે તેમ કેટલાકોએ "ઘી અથવા કવાબ" એવો અર્થ કરી દરૂન ઉપર ગોસ્પંદોનું માંસ રાંધી યા ભુજીને મુકે તો તેબી ગોસ્પંદોનાં પ્રતીનીધી તરીકે ઘીને બદલે ચાલી શકે, એમ સમજાવવામાં આવ્યું છે, પણ તે કવાબનો અર્થ જેટલો વાંધા ભરેલો તેટલોજ ગાય ગોસ્પંદો માટે જરથોસ્તી ધર્મમાં આવેલાં ફરમાનોને આડે આવનારો છે, તે સઘળું બાબ છઠામાં આપણે તપાસી આવ્યા છીયે.

હવે આએ સાતમાં બાબમાં તપાસ કરીયે કે, પાક અવસ્તાના કેટલાએક કલામો મધે ખોરાક તરીકે તથા ચોકસ સંજોગો વચ્ચે ગોસ્પંદોનું ગોસ્ત

ખાવા બાબેના જે ઇસારા આવેલા છે, તેમાં શું અને કેટલો ભેદ સમાયલો છે, તે વીશે નીચે પ્રમાણે થોડી તપાસ કરીએ. જેમકે **વંદીદાદની ૪ થી** પગર્દમાં લખે છે કે,—

"ગોસ્ત તથા વસ્ત્રના ચાહનારે ગેરવાજબી બોલવું નહી જોઇએ." (મરહુમ એરવદ સાહેબ કાંગાનો તરજુમો, ફ. ૪૬.)

જ્યારે એક ગરીબ હાજતમંદ શખસ અન-વસ્ત્રને માટે પારકા આગળ હાથ ઓલવા જાય ત્યારે તે ગોસ્તનોજ ખોરાક મેળવવાની તલબગારી કાં કરે? જ્યારે એમજ હોય ત્યારે પેલા બક્ષેસ આપનારને તુરત એક ગોસ્પંદ હલાલ કરાવવું પડે, કે જે કામ બક્ષેસ આપવાથી જેટલું પુન હાંસેલ થાય તે કરતાં વધારે ગુનાહનું કામ જરથોસ્તી ધર્મે ગણેલું છે. માટે એ ફકરાનો કંઇ અક્કલપસંદ તરજુમો થવો જોઇએ અને મરહુમ કાંગા સાહેબ પોતે પોતાની નોટમાં એજ ફકરાનો તરજુમો જુદી રીતે સમજાવે છે કે,—

"ઉપલા ફકરાનો અર્થ આએ રીતેબી થઇ શકે, 'ખોરાક તથા વસ્ત્રની તંગીમાં આવી પડેલા શખસે હરગેજ જુઠું બોલવું નહીં.'"

આ તરજુમો ગોસ્પંદોને હલાકી પોંહચાડવાનાં ગુનાહથી વેગલો તેમજ અક્કલપસંદ લાગે છે અને એવીજ મતલબ ધરાવનારા બીજા વીદ્વાનોના તરજુમા નીચે પ્રમાણે છે:—

"અગરજો કોઇ શખસ પાસે ખોરાક તથા વસ્ત્ર હોય તો લાયક માણસને આપવા માટે તેણે ના પાડવું નહીં જોઇએ." (પ્રોફેસર હારલે.)

"જો કોઇ શખસે પોતાના પડોસી પાસેથી બલદ અથવા વસ્ત્ર લીધાં હોય તો તે લઇને ના પાડવું નહી જોઇએ." (દારમેસટેટે.)

"અગર કોઇ ગોસ્પંદ યા વસ્ત્રનો સવાલ કરે યાને માગે તો અલબતે મકદુર મુવાફક તે માગનારને આપજે, તેને નાઉમેદ રખે કરતો." (ફરામજી અસ્પંદીઆરજી રબાડી.)

ઉપલા તરજુમાઓથી ખુલ્લી રીતે માલમ પડે છે કે, મજકુર ફકરામાં હાજતમંદ શખસ ગોસ્તની માંગણી નથી કરતો, પણ ગાય ઢોર, કે જે અસલના જમાનામાં એક ચલણ તરીકે ગણાતાં હતાં, તથા જેમ આજે ચોકસ કામના બદલામાં યા સખાવતમાં રૂપીઆ પૈસા આપવાનો રવઇઓ છે તેમ પુરાતન ઇરાનમાં ગાય ગોસ્પંદોની બક્ષેશ માંગતા હતા કે જેઓથી તેઓને પોતાનું ગુજરાન કરવાનું સાધન મલતુ હતું. યાને જેમ મરહુમ કાંગા પોતાની નોટમાં બીજી રીતથી સમજાવે છે તેમ ગોસ્પંદનાં

દુધ, ઘી, વીગેરેનાં ખોરાકથી તે હાજતમંદ પોતાનું ગુજરાન કરી શકતો હતો. એવોજ મકસદ ઉપલા અવસ્તાના ફકરાથી માલમ પડી આવે છે. પણ પેલો ગરીબ હાજતમંદ શખસ ગોસ્ત માંગે અને તે આપવા માટે સખી દાતારોને ગોસ્પંદો જેવાં નીર્દોષ પ્રાણીઓને કાપવાં પડે, એ જરથોસ્તી ધર્મનાં ફરમાનોની મુળ મકસદથી જેટલું ઉલટું તેટલુંજ ગુનાહભરેલું દીસે છે.

ગોસ્તનો ખોરાક ખાવાનું જરથોસ્તી ધર્મનું ફરમાન હોય એવા અવસ્તાનાં કોઇ કોઇ ફકરાઓનાં શક ઉપજાવનારા તરજુમાઓમાં આપણું ધ્યાન **વંદીદાદ**ની ૧૬ મી પગર્દના ૭ મા ફકરા ઉપર ખેંચાય છે. જ્યાં પુછવામાં આવ્યું છે કે, દસ્તાંનવાળી ઓરતને કયો અને કેટલો ખોરાક આપવો, તેનાં જવાબમાં જણાવવામાં આવ્યું છે કે,—

"બેદ નરે (ના વજન) જેટલો ગોસ્તને લગતો ખોરાક તથા એકદ નરે (ના વજન) જેટલો અનાજને લગતો (અથવા બીજને લગતો) ખોરાક (તે દસ્તાંનવાલી ઓરતને આપે) અગરજો નહીં તો તે ઓરતને દસ્તાંન વેહયા કરે." (મરહુમ કાંગાનો તરજુમો.)

અવસ્તાનાં ઉપલા ફકરામાં એરવદ સાહેબ કાંગાએ જો કે "ગોસ્તને લગતો ખોરાક" નો અર્થ કીધો છે, તોપણ તેની નીચે નોટમાં જણાવે છે કે, "તાયુરી નામ" બોલનો ખાતરી ભરેલો અર્થ જણાયો નથી. મરઘીનાં પીલાંનો રસ (યુસ્તી), જીવતાં જાનવરોમાંથી નીકલતો ખોરાક, (સ્પીગલ), લાંબી રોટલી (ડારમેસ્ટેટે), રોટલી (હારલે.)

ઉપલી નોટ ઉપરથી દીનદાર જરથોસ્તીઓ જોઇ શકશે કે અવસ્તાના જે ફકરાનો અર્થ મરહુમ કાંગાએ આપ્યો છે તેજ ફકરાનો અર્થ અવસ્તા ભાષાનાં ચાર નામાંકીત વીદ્વાનોએ જુદો જુદો કીધો છે, એટલુંજ નહી પણ તેઓના તરજુમાઓમાં આસમાન જમીન જેટલો તફાવત પડી ગયલો જોવામાં આવે છે. 'યુસ્તી' મરઘીના પીલાંનો ખોરાક કરે છે, ત્યારે સ્પીગલ જીવતા જાનવરોમાંથી નીકલતો ખોરાક કરે છે.

હવે આપણે જાણીએ છીએ કે જીવતાં જાનવરોમાંથી ગોસ્તનો ખોરાક તો નીકલેજ નહી. તેને કાપી પકાવે તોજ ગોસ્તનો ખોરાક ઉત્પન્ન થાય છે. જીવતાં જાનવરોનો ખોરાક તો દુધ અને તેને લગતો પદાર્થ, નહી કે ગોસ્ત.

વળી ડારમેસ્ટેટે અને હારલે મજકુર શબ્દનો અર્થ ફક્ત 'રોટલી' કરીનેજ કરે છે.

ઉપલા ખુલાસા ઉપરથી ખાતરીપુર્વક જણાઇ આવે છે કે, ખોરાક તરીકે ગોસ્તને વાપરવાના અર્થો કેટલા અચોક્કસ અને શક ઉપજાવનારા છે.

હવે ઉપલા ફકરાનાં જુદા જુદા તરજુમાં મધેથી 'સ્પીગલ'નો અર્થ આપણને ખાતરીભરેલો દીસે છે. સબબ કે તે જરથોસ્તી ધર્મની મુલ નેમને અનુસરતો છે. "જીવતાં જાનવરોમાંથી નીકળતો ખોરાક" તે ગોસ્પંદોનાં દુધ, ઘી, વીગેરેનાં ખોરાકની સાબેતી મલે છે, કે જે ખોરાકને જરથોસ્તી ધર્મે જગેજગ વખાણી યાદ કીધો છે, અને વલી એ ખોરાક જરપત થવામાં હલકો, તેથી દસતાંનવાલી ઓરતને અનુસરતો થઇ પડે છે તેમજ મરહુમ કાંગા પણ પોતાની નોટમાં જણાવે છે કે, "એ હાલતમાં ભારી ખોરાક એકદમ જરપત થઇ શકતો નથી."

વળી મજકુર ફકરાનો મરહુમ રબાડીનો તરજુમો પણ ગોસ્પંદને હલાકી પોહોંચાડવાના ગુનાહથી વેગળો દીસે છે. જેમકે—

"કેટલી મરતબે ખાણું લઇ જાય અને કેટલી મરતબે અનાજ લઇ જાય? બે મરતબે જવની રોટલી આપે અને એક મરતબે પાતળી નરમ ખીર આપે."

આ તરજુમા ઉપરથી પણ જીવતાંજ જાનવરોમાંથી મલતા દુધના ખોરાકની ગવાહી મલે છે, કે જેતું ખીર જેવું પક્વાન બનાવી તેણીને આપવું કે જે ખોરાક દસતાંનવાલી ઓરતની હાલતને અનુસરતો અને જરથોસ્તી ધર્મનાં ફરમાન મુજબનો વાજબી ઠરે છે. પણ ગોસ્તનો ભારી ખોરાક તે ઓરતને અનુસરતો થઇ પડે નહી. અને તેટલોજ જરથોસ્તી ધર્મના ફરમાનથી ઉલટો પડે છે. કારણ કે ગોસ્પંદોને હલાકી પોહોંચાડવાના કામને જરથોસ્તી ધર્મે બુરૂ ગણેલું છે.

વંદીદાદની ૭ મી પગર્દમાં આજારી પડેલાં ચઢતી ઉતરતી સ્થીતીનાં માણસો તથા ગાય ઢોરોને સાજાં કરી તંદરોસ્તીમાં લાવનાર હકીમને તેની મહેનતના બદલામાં ચોકસ લવાજમો આપવાનું વર્ણન કરવામાં આવ્યું છે, જ્યાં એકગમ અશો જરથોસ્તનાં સવાલના જવાબમાં દાદાર હોરમજ્દ કહે છે કે,—

"સૌથી નાના કદનાં ઢોરને માફકસર કદનાં પશુની કીમતનાં (બદલામાં) સાજો કરે, માફકસર કદનાં પશુને ગોશ્તનાં ખોરાકની કીમતનાં (બદલામાં) સાજો કરે." (ફ૦ ૪૩, મરહુમ કાંગાનો તરજુમો.)

ઉપલા ફકરામાં "ગોસ્તનાં ખોરાકની કીમત" તે શું તેનો ખુલાસો જોવામાં આવતો નથી. હવે જ્યારે સૌથી નાનાં કદનાં ઢોરને સારૂં કરવા માટે માફકસર કદનાં પશુને બદલા તરીકે આપવા ફરમાવ્યું છે. ત્યારે માફકસર કદનાં પશુને સારૂં કરનાર વૈદને માટે તેનાથી મોટા કદનાં પશુને શું ભોગમાં આપવું જોઇએ? કારણ કે ગોસ્પંદને હલાલ કરવા વીના

તો ગોસ્તનો ખોરાક નીપજે નહીં, અને ગોસ્ત આપવા માટે તો એક ગોસ્પંદને હલાક કરવુંજ પડે. બીજા શબ્દોમાં બોલીએ તો એક નાના પશુને દુઃખમાંથી છોડવી તેનો જાન બચાવવાના બદલામાં એક સુખી પશુને હલાક કરવાનાં કામમાં ગોયા આપણે સામેલગીરી આપીએ છીએ. એકનો જાન બચાવવાની જે વખતે મહેનત કરીએ, તેજ વખતે બીજાનો જાન લેવાની કોશેશ કરવામાં આવે, એ દેખઇતુંજ બેહુંદું અને જરથોસ્તી ધર્મની મકસદથી ઉલટું દીસે છે.

એજ પ્રમાણે નવમી પર્ગદમાં રીમન થયલા ચઢતે ઉતરતે દરજ્જેના શખસોને પાક કરવાના બદલામાં મોબેદને શું આપવું તેનું વર્ણન કરતાં એક જગે કહે છે કે,—

"ઘરધણીની બાયડીને હલ ખેડનારી ગાયના બદલામાં પાક કરે, મોહલ્લેદારની (બાયડીને) તથા માયા પુંજીવાળા શખસની (બાયડીને) ભાર ઉંચકનારી ગાયના બદલામાં પાક કરે, સૌથી નાના બચ્ચાંને માફકસર કદનાં પશુનાં (ગોસ્તના) કટકાના બદલામાં પાક કરે." (ફ૦ ૩૮, મરહુમ કાંગા.)

ઉપલા ફકરાના તરજુમાની સમજાવત એવી છે કે, એક બચ્ચાંને પાક કરવાના બદલામાં તે મોબેદને એક ગોસ્તનો કટકો આપવા ખાતર એક નીર્દોષ પશુને કાપવું પડે છે, તો જો કે એ ફકરામાં કાપવાનો તો શબ્દ નથી, પણ જેમ ચોક્કસ શબ્દનો અર્થ ગોસ્ત કરવામાં આવે છે તે ગોસ્તને લગતો શબ્દ પણ એમાં આવેલો નથી, છતાં તે પાક કરનાર શખસને તેની મહેનતનું દામ આપી ખુશી કરવા માટે એક પશુ જાનવરનો જીવ લેવો પડે તો, તે એક એવી વાત છે કે, એકને રાજી રાખવા ખાતર બીજા નીર્દોષનો જીવ લેવા બરાબર છે. માટે એ ફકરામાં જેમ મોટી ઉમરના માણસને પવીત્ર કરવાનાં બદલામાં જુદી જુદી મેહેનત કરનારાં ગાય ગોસ્પંદ આપવાનું ફરમાન છે, તેમજ નાના બચ્ચાંને માટે પણ તેને લાયકની કીમતવાળું પશુ જાનવર આપવું લાયક અને વાજબી દીસે છે, અને બીજા વીદ્વાનો પણ નીચે પ્રમાણે કહે છે કે—

"ઘરનાં નોકરને એક ભારબરદારી જાનવર માટે પવીત્ર કરે."

"એક નાનાં બાળકને એક નાનાં મેઢાં માટે પવીત્ર કરે" (હાર્લેનો તરજુમો.)

રબાડી પણ એવીજ મતલબ ધરાવનારો તરજુમો કરે છે કે—

"નીચાને યાને ગરીબને યા ગરીબનાં છોકરાંને પાકી આપે તેને મુજદ આપજે, બકરીના દુધની મીઠી ખીર ખાવાની કીંમત આપે." (ફરામજી અ. રબાડી.)

ઉપલા તરજુમામાં હાર્લે જ્યારે નાનાં મેંઢા માટે પવીત્ર કરવા કહે છે ત્યારે રબાડી તેનાં દુધની ખીર બનાવી તેના બદલામાં પવીત્ર કરવા કહે છે. એની પણ મતલબ ગોસ્પંદ આપવાની ઠરે છે. કેમકે જેમ હાર્લે કહે છે તેમ અથવા મરહુમ કાંગાના બીજા વાકયોમાં ગાય, મેઢાં આપવા કહે છે કે જેનાં દુધથી પેલો પાક કરનાર પોતાનું ગુજરાન ચલાવે, તેજ પ્રમાણે રબાડીની સમજાવત ઠરે છે, કે તેને જીવતું જાનવર આપે તો તેનાં દુધની તરેહવાર ચીજો બનાવી પોતાનું ગુજરાન કરી શકે છે, કે જે જરથોસ્તી ધર્મની મૂળ નેમ અને મકસદ સાચવનારૂં ઠરે છે, અને પુરાતન જમાનામાં એવાજ કાયદાઓથી રીવાજ ચાલતો હતો.

વળી આપણું ધ્યાન વંદીદાદની ૧૮ મી પગર્દમાં વધારે ખેંચાય છે. ત્યાં દસ્તાનની હાલતમાં જેઓએ સંબંધ કીધો હોય તેની તોજેસને માટે હજાર પશુ જાનવરોને બેજાન કરવાની વાત આવે છે, કે જે આપણી સાદી અક્કલ પણ કબુલ નહીં કરે. તેમાં જરથોસ્ત સાહેબના સવાલના જવાબમાં દાદાર હોરમજ્દ હજાર પશુને કાપવા ફરમાવતા હોય એવા આકારમાં જોવામાં આવે છે કે--

"તે મરદ ઓરતે માફકસર કદનાં પશુઓમાનાં ૧૦૦૦ (પશુઓને) કતલ કરવાં જોઇએ, (પછી તે તમામ કતલ કીધેલાં) પશુના કટકાને ભલી અશોઇમાં આતશને માટે ભેટ લઇ જવા જોઇએ" (ફકરો ૭૦ મો.)

પેલાં બેઉ જણના ગુનાહ કપાવા માટે બનતાં સુધી તેઓએ સવાબના કામો કરી સખત રીતે પસતાવો કરવો જોઇએ તેને બદલે ઉપલા તરજુમાની સમજાવત પ્રમાણે તો વધારે તોબાહ કરવા જેવો બીજો ગુનાહ કીધેલો તેઓ ઉપર સાબેત થાય છે; કારણ કે તેઓની તોબાહમાં નીર્દોષ પશુઓનાં જીવ લેવા પડે છે. તેબી એક બે નહીં પણ એક હજાર.

એજ ફકરાનો તરજુમો રબાડી નીચે પ્રમાણે સમજાવે છે કે,—

"હજાર બકરાં ઘણી કોશેશથી આતશની ચરબને વાસ્તે લેઇ જાય, આતશ બેહરામની દરગાહમાં, ને પુંજાશને સોંપે કે, તે ઘાસ પાણીથી તેની ખીદમત કરે અને ગોસ્પંદોનાં દુધ, દહીથી જે પેદા થાય તે આતશનાં ખરચમાં લાવે અને તે હજાર બકરાંથી જ્યારે તેની કજા અજલ પહોંચે ત્યારે તેને મોબેહ હલાલ કરે અને તેનો ચરબ આતશને દીએ, ને તે ગોશ્ત ઇંજીને અશો લોકો ખાએ."

એ સમજાવત પ્રમાણે પેલા મરદ ઓરતે પોતાના ગુનાહની તોજેસ લાયક અને વાજબી રીતે કીધેલો ગણાય છે, કારણ કે તે હજાર ગોસ્પંદોની

ઓલાદ જ્યાં સુધી લંબાયા કરે ત્યાં સુધી તેઓનાં દુધ વીગેરેની ઉપજના પૈસા આતશના નીભાવ માટે વાપરે તેનું સવાબ દરરોજનું તેઓને પહોંચે જેથી તેઓના ગુનાહ કપાય છે.

પણ પેલા ગોસ્પંદોમાંથી જેની અજલ પહોંચે તેવું જોઇ પેલો મોબેદ (પુંજારો) તેને હલાલ કરે તો તેને મોબેદ (પુજારા)નો ખેતાબ છાજે નહી પણ "બાગે પારસા" નામની ચોપડી રચનારના સવાલના જવાબમાં એક દસ્તુરનાં મત મુજબ **તેવા મોબેદને વાઘ, વરૂનો એલકાબ વાજબી** ગણાય છે.

તે બીચારૂં ગોસ્પંદ કંઇ ચોકસ બીમારીના સબબથી બેભાનની હાલતે પહોંચી ગયું હોય અને તેને જીંદગી ગુજારવાનું બાકી હોય તો તે પાછું હુશીઆરીમાં આવે, એવી કુદરતની કરામત બને, તે વખતે પેલા મોબેદે જો તેને તુરત હલાલ કીધું હોય તો તે બીચારૂં ફોકટ માર્યું જાય, તો પછી પેલા મોબેદને વાઘ, વરૂના ખેતાબ કરતાંબી કાંઇ ચઢતો ખેતાબ આપવાની જરૂર પડે.

વળી કુદરતની હોનારત અને બનાવ આગળ વીદ્વાનો અને મહા પંડીતો વટીક ખોટા પડે છે. તેમજ અહીંયા એક નહીં પણ પેલાં હજારમાંથી ૫૦૦ બકરાં કુદરતી હોનારતથી એકદમ મરણકાંઠે આવી લાગે તો તેઓને તુરત હલાલ કરવા ખાટકીવાડો કયાં બનાવે?

એવી રીતે તરેહવાર વાંધા ઉપલા તરજુમા ઉપરથી નીકળી શકે છે. પણ વળી (૭૧ થી ૭૪) સુધીના ફકરાઓમાં જે તોજંસો અને પસ્તાવો કરવા ફરમાવ્યું છે તે અકલ પસંદ દીસે છે. જેમકે—

"એક હજાર લાકડાંનાં ભારા આતશ માટે ભેટ લઇ જવા જોઇએ, બરસમને માટે યાને યજશ્નેના આલાતો (સામન) ગોઠવવા માટે ૧૦૦૦ ગાલીચા યાને હીંડોરા આપવા જોઇયે તથા હોમ અને જીવામને લગતી ભેટો યાને હજાર યજશ્ને આવાં યજ્દ ફરેસ્તાને નામની ઇજાવે, પાણી ઉપરથી લોકોને ચાલી જવા માટે ૩૦ પાટીયાં એટલે કે તુલના આકારનું બનાવી આપવું જોઇયે, જેથી લોકોને સહેલ થઇ પડે," વીગેરે.

એ પ્રમાણેનાં ભલાં કામો કરી પસ્તાવો કરવો જોઇએ, કે જેથી તેઓનો ગુનાહ કપાઇ સવાબ હાંસેલ થાય છે, પણ ૭૦ મા ફકરા પ્રમાણે તો ગુનાહ કપાવાને બદલે તેઓને માટે વધારે ગુનાહ લાગુ પાડવા જરથોસ્તી ધર્મની મુલ નેમ આપણને સમજાવે છે, માટે એ હજાર પશુઓને કતલ કરી આતશ માટે ભેટ લઇ જવાની મતલબ એવી નીકળે છે કે, તેઓ

(મરદ ઓરત)માં એટલી હદ સુધી જંગલી જનાવરોના જેવા હવસી ખવાસો પેવસ થયલા કે, એવી હાલતમાંથી તેઓ પોતાના બુરા હવસોને દાબી શકતા નથી, માટે ઘણી સખત રીતે તોબાહ કરી હજાર તરેહના જાનવરી બુરા ખવાસો જે પોતામાં હોય તેને આસ્તે આસ્તે બાહેર કાઢી કાપી તેને બાળી નાંખી પોતામાંથી દુર કરવા, યાને બુરી હવસી ખાસ્યતોને તરક કરવી, અને પોતાની શક્તિ મુજબ આતશબેહેરામ સાહેબના નીભાવ માટે કંઇ ચોકસ નાણું કાઢી આપવું, અથવા તો આતશનો ખોરાક ચરબીનાં જેવો એટલે સખત તથા સોજો ચોકસ પ્રમાણમાં આપી પસ્તાવો કરવો.

એ મીશાલોના કંઇક ભેદી લખાણમાં જાનવરોને કાપવાની વાત જ્યાંબી આવે ત્યાં જાનવરી હવસોને કાપવાની મતલબ સમજવી જોઇએ, નહી કે ખરેખરાં હજાર જાનવરોને બેજાન કરવાં, કે જે જરથોસ્તનાં ફરમાનથી ઉલટું છે.

એજ પ્રમાણે ભેદી લખાણમાં જ્યારે હજાર પશુને કતલ કરી તેના કટકા આતશને ભેટ આપવાની સમજાવત દીસે છે, ત્યારે બેહેરામ યસ્તના અવસ્તામાં એવાજ કાંઇ ભેદી લખાણમાં ખાસ બેહેરામ યજદ ફરેસ્તાને વાસ્તે ગોસ્પંદને પકાવવાની વાત જરથોસ્તના સવાલના જવાબમાં ખુદ દાદાર હોરમજ્દ સમજાવતા માલમ પડે છે, કે જે (૧૭ મા કરદામાં) નીચે પ્રમાણે કહે છે.

"પેગમ્બર જરથોસ્તે તેને (દાદાર હોરમજ્દને) પુછ્યું કે, સૌથી સરસ બેહરામ યજદની યજશ્ને તથા આરાધના કઇ છે. હોરમજ્દે જવાબ આપ્યો કે તેને માટે (યાને બેહરામ યજદને માટે) ક્રીયાની ભેટો લઇ જાય, તેને માટે બરસમ પાંથરે તેને માટે સફેદ રંગના અથવા સારા રંગના અથવા તો રંગોમાંના કોઇબી એકજ રંગના ગોસ્પંદને પકાવે."

"ઉપર જણાવેલી તે (ઇંજેલી ચીજ) અથવા ભેટોને ગુનેહગાર માણસ હાથમાં પકડે નહીં. જો હાથમાં પકડે તો બેહરામ યજદ તંદરોસ્તીના ઉપાયો છીનવી લીએ છે."

"બેહરામ યજદે કહ્યું, અએ માણસો, ડાહપણથી પેદા કીધેલું દુનીયાંનું જોર યાને તમામ કુદરત યજશ્નેની આરાધનાને લાયક નથી, કારણ કે હમણા વીઆબુર (નામના) દેવો તથા દેવની આરાધના કરનારાં માણસો લોહી વહેતું કરે છે, અથવા ખરાબીનો પ્રસાર ફેલાવે છે." (કરદો ૧૭, ફ. ૪૯–૫૦–૫૧–૫૪.)

પાક દાદાર હોરમજ્દ પોતાની પેદાયશ માટે જગેજગ કેવી કાળજીથી બોલે છે, તે તમામ અવસ્તામાં આપણે જોઇએ છીએ. પેગમ્બર અશો

જરથોસ્ત સાહેબ પણ તે મહા જ્ઞાની સાહેબની પેદાયશની પરવરશી કરવા ઉપર કેવા ખંતી છે તે પણ અવસ્તા કલામો ગવાહી આપે છે. વળી તે ખોદાવંદની પેદાયશને કોઇ દુઃખ પહોંચાડે તેને બુરામાં બુરો ગણે છે. આટલું છતાં તે પાક દાદાર પોતાની પેદાયશને પોતેજ હલાક કરવા જરથોસ્ત સાહેબને ફરમાન આપે, એ આપણી અક્કલથી દુર તેમજ જરથોસ્તી ધર્મનાં ફરમાનથી વેગળું છે.

મજકુર ફકરા ઉપરથી એવો વિચાર બાંધવામાં આવે છે કે, "બેહરાંમ યજદની નઇયતે ગોસ્પંદ કપાવી રાંધીને ઇંજાવે." પણ જરથોસ્તના સવાલના જવાબમાં તો દાદાર હોરમજ્દ પવીત્ર ક્રીયાની ભેટો બેહરાંમ યજદ માટે લઇ જવા તથા બરસમ પાંથરવા કહે છે યાને ક્રીયાની ભેટો એટલે કે "પાવ મહેલ"ની યજશ્નેની ક્રીયા તેને માટે તૈયાર કરે, બરસમ પાંથરે, યાને પાવ મહેલમાં પવીત્ર ક્રીયાથી બરસમ બાંધી તે બરસમથી બેહેરામ યજદને આરાધે, અને એ પ્રમાણેની ક્રીયા તૈયાર કરી અવસ્તાના કલામો ભણી બેહેરામ યજદ માટે ભેટો આપવા કહે છે. (નહી કે ગોસ્પંદને હલાક કરી ભેટ કરે) કે જે ભેટોમાં હોમ, જીવાંમ, બરસમ, ગોશેદો (ઘી,) દરૂન, એશમ, બોએ, પરાહોમ, ઉરવરાંમ વીગેરે આવે છે, ત્યારે ગોસ્પંદ કાપી રાંધીને તેને કયાં મુકે?

વળી એની મતલબ એમ પણ કરવામાં આવે છે કે, "બેહેરામ યજદને માટે ગોસ્પંદ પકાવીને સ્તુમ ભણાવવું જોઇએ" પણ એ ફકરામાં સ્તુમની વાત બીલકુલ આવીજ નથી, પણ પાવ મહેલની ક્રીયાથી બેહેરામ યજદને આરાધવાનું બ્યાન કરે છે, કે જેમાં મીનોઇ શક્તિઓ યાને ફરેસ્તાઓને વાસ્તે ક્રીયા અને આરાધનારૂપી ખોરાકની ભેટો અથવા અર્પણ કરવાનું કહે છે, નહીં કે ખાકી ઇનસાન માટે તેઓના લોભને ખાતર ગોસ્પંદ કાપીને પકાવે.

આપણે સારી રીતે જાણીએ છીએ કે આપણા મજદીઅશની જરથોસ્તી ધર્મમાં અગ્રેમેન્યુશને લગતાં કામોને ઠામેઠામ ધીક્કારવામાં આવ્યાં છે, અને ગોસ્પંદોને હલાકી પહોંચાડવાનાં કામને પણ હેરેમનની ઇચ્છા મુજબનું ગણેલું છે, તે કારણે તેવાં કામોને ધીક્કારની નજરથી જોવાં જોઇએ, કારણ કે તેવાં કામો યાને ગોસ્પંદોને કાપવાનું તથા ઇજા પહોંચાડવાનાં કામને **બુન્દેહેશ** વીગેરેની કેતાબો પ્રમાણે પણ હેરેમનની ઇચ્છાને બરનું ગણાય છે. (**બુન્દેહેશ** બાબ ૧૫ મો.)

વળી બેહરામ યજદ પણુ જમીન ઉપર લોહી વેહવાનાં કામોને પસંદ કરતો નથી, કે જે આપણે મજકુર ૫૪ મા ફકરામાં જોઇ ગયા, અને તેજ સબબે એવાં બુરાં કામ કરનારની પોતાની આરાધના કબુલ કરતો નથી, એટલુંજ નહીં પણુ (ફકરા ૫૧) પ્રમાણે બરસમની ક્રીયાને ગુનેહગાર અથવા બદ ચાલનાં માણુસને હાથમાં પકડવા પણુ ના કહે છે યાને નાપાક હેરેમનની ઇચ્છા મુજબની ખાસીયત ધરાવી તેને લગતાં કામો કરે તેવી રીતનો માણુસ પાવ મહેલની ક્રીયાથી બનાવેલી બરસમને હાથમાં પકડી બેહરામ યજદની આરાધના નહી કરે, અગર જો કરે તો બેહરામ યજદ તંદરોસ્તીના ઉપાયો છીનવી લે છે. વળી દાખલા તરીકે જુઓ **મેહેર યસ્ત**, ફ. ૧૨૨, આવાં યસ્ત, ફ. ૯૧ થી ૯૫.

વળી આપણે જાણીએ છીએ કે, પાકી પવિત્રાઇથી જે કોઇ બેહરામ યજદને આરાધે છે તેની મદદે બેહરામ યજદ તરેહવાર જાનવરોનાં રૂપમાં આવે છે, જેવાં કે મેંઢાં, ગાય, બકરાં, ગોધો, ઉંટ, વગેરે. હવે જે જાનવરોને બેહરામ યજદે પસંદ કીધેલાં તેનેજ આપણે હલાકી પહોંચાડીએ તો શું તે બેહરામ યજદ ભણુનારની મદદે આવી શકશે? અને જાનવરોને હલાકી પહોંચાડીએ તો શું તે નીમકહરામી અથવા તો બેઇમાની નહીં કહેવાશે? કે જે ચીજ આપણી મદદે આવે તેનેજ દુ:ખ પહોંચાડીએ. એ બેહરામ યજદે મુખ્ય કરી ગોસ્પંદોની જાતને પસંદ કીધેલાં છે માટેજ (કરદા ૨૦ માં) તેઓની પરવરશી કરવાનું ફરમાન આપે છે.

ઉપલા ખુલાસા ઉપરથી સહેલાઇથી માલમ પડે છે કે, મજકુર ૧૭ મા કરદામાં "બેહરાંમ યજદને માટે ગોસ્પંદ પકાવે" એવા શબ્દો જે આવેલા છે તે કંઇએક ભેદ ધરાવનાર દીસે છે અને તે (ફકરો ૫૧) ઉપરથી માલમ પડી આવે છે કે, "ગોસ્પંદને પકાવે" યાને જેનામાં જંગલી જાનવરી ખાસીયત હોય તેને કાપી પકાવી ખાઇ જવાં એટલે કે, તેવા બુરા ખવાસોને તર્ક કરવા અને જેણે એવા ખવાસો દુર કરી પવીત્રાઇ મેળવી હોય તેજ ધણી બેહરામ યજદની આરાધના પાવ મહેલમાં બરસમની ક્રીયાની ભેટો સાથે કરી શકે, પણુ ઉપર દર્શાવેલા ખવાસવાળો તેની આરાધના નહી કરે. એ પ્રમાણેની સમજાવત ઉપલા ફકરાઓ ઉપરથી જણાઇ આવે છે. બાકી બેહરામ યજદને માટે ખાસ ગોસ્પંદને કાપવું અને તે ઉપર તેને નામે ભણુતર ભણી ક્રીયા કરવી, એ ફરેસ્તાઇ શક્તિઓની ઇચ્છાને દુર કરી તેને બદલે દરૂજી તથા સેહતાનીઅત શક્તિઓની આરાધના કીધા બરાબર છે,

ગોસ્પંદને હલાક કરવા તથા તેનું ગોસ્ત ખોરાક તરીકે લેવાના ફકરાઓ કે જે આપણે આ ગોસ્પંદને લગતી બાબદોમાં વાંચી ગયા તે તથા આપણા ધર્મની બીજી મોતેબર કેતાબો જેવી કે **દીનકર્દ, સદદર,** વીગેરેમાં આવેલા છે તે કોઇ ભેદી મતલબ ધરાવનારાં લખાણો 'દબેસ્તાન' તથા બીજી કેતાબોની શાહદતો ઉપરથી માલમ પડે છે કે, જેઓમાં ઘણાએક દાખલા દલીલો પુરાણી કેતાબોની શાહદતોથી આપે છે જેમાંનો ટુંક સાર નીચે પ્રમાણે દર્શાવું છું:—

"અને લખે છે જે કોઇ મજહબ અને દીનમાં ગોસ્પંદોને આજાર દેવો સજાવાર નથી, અને જે કોઇ હમણાનાં લોકો ગોસ્પંદોને આજાર દેવા તથા કાપી ખાવા રવા રાખે છે, તે કોઇ આગલા દાનાવ લોકોના ભેદને અંદેસો કરી સમજ્યા નથી. જે મીશાલે આગલા દાનાવ અને પેગમ્બર લોકો લખી ગયા છે જે, ગાય તથા ઘોડા કાપી ખાવા સજાવાર છે, તે સર્વે ભેદમાં લખી ગયા છે. તે ભેદનો ખુલાસો એ છે જે, જે કાંઇ પોતાનાં નફસમાં ઘોડા અને જાનવરોની ખસલત હોય તેને કાપીને દુર કરે. એમ નથી લખ્યું જે જાનવરોને કાપી ખાય. હરેક આદમીના વજુદમાં સેંકડો બુરી ખસલતો છે તેને કહાડવી જોઇએ, યા નહી તો કાફર થવું જોઇએ, યાને જે શખસ પોતાની તબીયતમાંથી બુરી ખસલતોને કાઢે નહી તે શખસ પુરો કાફર છે અને એ સેપાસી લોકોની નજદીક મોટું ખોદાને પહોંચવું એ છે જે, ગોસ્પંદો, આદમી તથા જાનવરોને દુઃખ દેતા નહીં." (વગેરે, વગેરેની બાબદો જુવો 'દબેસ્તાન' નજર ૨૧ મી, વગેરે.)

એજ પ્રમાણે ગોસ્પંદોને કાપવાની બાબદોનાં ભેદી લખાણોનો ખુલાસો જે પાદશાહ જમશેદના ઘહંબારની બીનામાં દબેસ્તાન તથા સદદર કેતાબોથી માલમ પડે છે, જેનો ટુક સાર ખાત્રી માટે નીચે પ્રમાણે છે:—

"હેરેમને એક દેવને આદમીની સીકલથી ઇનસાનનો લેબાસ આપીને પાદશાહ જમશેદનાં ઘહંબારનાં ખાણાંમાં મોકલ્યો. તેણે કહ્યું કે હું ઘણો ભુખીઓ છું. પાદશાહે બાવરચીને હુકમ કીધો કે, એને પેટ ભરીને જમાડો. બાવરચીએ તેની નજદીક તરેહવાર ખાણું મેલ્યું, તે ખાઇ ફરી માંગીને ખાવા લાગો, કે એમ કરતાં તમામ ખાણું પકાવેલું હતું તે સર્વે ખાલી થયું, તેથી બાવરચી લાચાર થઇને જમશેદને માટે જે ખાણું પકાવેલું હતું તે પણ તેની આગલ મેલ્યું તેબી તે નાપાક ખાધાથી હરગેજ ધરાયો નહીં. બાવરચીએ બાદશાહને સર્વે બીના કહી. પાદશાહે હુકમ કીધો કે ઘણાએક ગોસ્પંદો હલાલ કરાવી પકાવી તેને ખવાડી ધરાયલો કરે. પાદશાહના હુકમ પ્રમાણે બાવરચીએ કીધું, તોપણ તે દેવ ધરાયો નહીં. દેવ સમજી પાદશાહ જમશેદે

યઝદાનની નજદીક ફરીયાદ કીધી, તેથી બેહમન અમશાસ્પંદ જાહેરમાં આવીને કહેવા લાગો કે, શેતાબ એક લાલ ગાય યઝદાંનાં ફરમાન મુજબ હલાલ કરાવી તેના ગોશ્ત સાથે જુનો સરકો, લસંન, તથા સેદાબ દેગ મધે નંખાવી તથા પકાવીને તે ગોશ્ત સાથેનું ખાણું એની નજદીક મેલાવ, પછી એને તું જો કે તે દેવ ... રવેસે નાબુદ થાય છે. તેજ મીસાલે જમશેદે કરાવીને મુકાવ્યું, ત્યારે તે દેવ તેમાંથી એક નવાલો ખાતાંમાંજ એકાએક તે જગેથી નાબુદ થયો.”

એ ભેદી લખાણનો ખુલાસો એમ સમજાવે છે કે,—

“અને તે ભેદનો ખુલાસો એ છે જે દેવ યાને ઇનસાનનો ભુંડો અને બદકાર નફ્સ, કે તે ખાવું તથા સુવું તથા કાપવું તથા ખુન કરવું, એવાં ભુંડાં અને બદ કામોને ઘણાં પસંદ રાખે છે અને એવાં તમામ બદ કામો કરે છે તોબી તે નફ્સનું પેટ ભરાતું નથી અને જમશેદે ખોદા પાસે આજેજી કીધી અને ખોદાએતાલાએ બેહમન અમશાસ્પંદ પાસે કેવડાવ્યું જે લાલ ગાય કપાય તેની મુરાદ એ જે જ્યારે પેલો ભુંડો નફ્સ એવાં બદ કામ ઘણાં કરવા લાગે ત્યારે (જમશેદે) યાને રવાને ખોદા પાસે ભુંડા નફ્સની બદગુઇ કીધી ત્યારે બેહમન યાને અકલે ખોદાના શીખવ્યાથી રવાનને કહ્યું જે લાલ ગાય યાને તારાં બદનમાં જે કાંઇ જાનવરોની ખસલતનો નફ્સ છે તેને કાપ, યાને તારો નફ્સ જે કાંઇ પોતાની મરજી પ્રમાણે બદ કામ કરવા ચાહે છે અને અંદાજેથી બેઅંદાજે ચાલે છે તેને પોતાના હોકમમાં રાખ, અને જે કાંઇ કહ્યું જે તે ગાયને દેગમાં નાંખીને તેની ઉપર સરકો તથા લસન તથા સેદાબ નાંખીને તેમાંથી એક લુકમો તે દેવને ખવડાવ કે તેથી પેલો નાસી જશે, તેથી મુરાદ એ જે સરકો યાને કમ ખાવું, લસન યાને ઉજાગરો કરવો, સેદાબ યાને મુગ્ રહેવું, એ ત્રણેને કાયા જે દેગની મીશાલ છે તેની અંદર નાંખ, પછી તેમાંથી એક લુકમો ભુંડા સેતાંની નફ્સને ખવાડ જે તેની જે કાંઇ ભુંડી ખસલતો છે તે દુર થાય, જ્યારે રવાંને અકલનાં કહ્યાથી એવું કામ કીધું ત્યારે નફ્સની ભુંડી સેતાની ખસલતોથી પાક થયું અને નફ્સનો અખત્યાર પોતાના હાથમાં રાખ્યો, અને રવાન નફ્શ ઉપર જોરાવર થયું.

“એ વાતને મોગમમાં જરથોશ્તે ગહમ્બારમાં લોકોની આગલ કહી, ત્યારે આલમનાં નાદાન લોકો તે જાહેરનાંજ સખુનો ઉપર ચાલવા લાગા પણ એ ભેદનો ખુલાસો જે ઉપર લખેલો તે નામદાર આબાદી લોકોનો કીધેલો છે, અને એ વીગેરે જરથોસ્તનાં તમામ સખુનો તથા વાતો તથા કેતાબો ભેદ અને બારીકીથી ભરેલી છે.” (દબેસ્તાન નજર ૧૪ મી.)

દીનકર્દમાં પણ જાહેરમાં ગોસ્પંદોને કાપવાનાં લખાણો જોવામાં આવે છે, પણ બાતેનમાં કાંઇ જુદીજ મતલબ ધરાવનારા દીસે છે, જેનો

ખુલાસો નીચે પ્રમાણે થઇ શકે છે. સાતમાં પુસ્તકમાં (સફે ૩૯૯ મે) લખે છે કે,—

"ગોસ્પંદ ચાર વરસની ઉમરે પુગે તેની આગમચ ખોરાકના સામાનને સારૂ તેને નહી મારવું. ચાર વરસ વેર તેને પાલવું પછી તેનો ધટાડો થાય."

"ગોસ્પંદોને દીનનાં મોટાં કામને સારૂ, દેવોને ઇજા કરવા સારૂ, દીનની કીયાથી કાપવા, તે કામને ભલા યજદોને કૌવત મલવાનું સમજવું." (પુ૦ ૮ મું સફે ૪૮૯ મે.)

"ગોસ્પંદોને ઘાસ દાણું આપીને સંભાલ કરવી, અને જ્યારે મોટી ઉમરે પુગે ત્યારે કીયા કરનાર અથોરનાન થકી તથા દેવોને હાની પોંહચાડવા, અને આતશબેહરામ ઉપર ચરબ ચડાવવા કાપવું." (પુ૦ ૯ મું સફે ૫૯૮.)

દીનકર્દનું લખાણ વાંચતાં માલમ પડે છે કે, તેમાં આત્માને લગતી, આત્માને સુધારવાને લગતી બીના, તથા બેહેસ્ત, દોજખ, નીતી, પવીત્રાઇ, મીનો અને ગેતીનો શું સંબંધ, બેહેસ્ત, દોજખ કેમ મેલવી શકાય, આ દુનીયાંને નેક માર્ગે ચલાવવી, આત્માને કોઇબી રીતે દુઃખ નહી દેવું, વીગેરે, વીગેરેની ફીલસુફી ભરેલી બાબદોથી ભરપુર જોવામાં આવે છે, કે જે તુરત વેલા સમજમાં ઉતરવું મુશકેલ થઇ પડે છે. એવાં મીનોઇ લખાણ સાથે મેદીઓમાહ જેવો માહજ્ઞાની પુરૂષ અશો જરથોસ્તની હાજરીમાં ગાય ગોસ્પંદો-ની પરવરશી કરવાના ઉત્તમ ફરમાનો જગે જગ આપે અને વલી તેની વચ્ચે તેઓને ખરેખરાં કાપવાનાં ફરમાનો આપે એ આપણા ખ્યાલમાં કદીબી ઉતરે તેમ નથી, બલકે એવાં ફરમાંનો ખરેખરાં ગોસ્પંદોને કાપવા-નાંજ હોય એમ માનવામાં આવે તો તે **દીનકર્દ**નાં તમામ લખાણોની મુલ નેમને ઉંધી મારવા બરાબર છે. સાદી નજરે જોતાં એવાં ફરમાનો કઢંગાં જેવાં દીસતાં હોય પણ વીચાર કરતાં એ લખાણોની મતલબ ઉમદા ફીલસુફી-થી ભરપુર અને ભેદી માલમ પડે છે, માટે ઉપલા ત્રણ દાખલાઓનો ખુલાસો તવારીખી દાખલાઓથી નીચે પ્રમાણે થઇ શકે છે.

પેહેલા દાખલાની મતલબ એમ નીકલે છે કે, ઇનસાન પોતાની પુર સમજમાં આવે ત્યાંવેર તે સારા નરસા ખવાસો તે શું તે સમજી શકતું નથી, માટે તે સમજમાં આવતું જાય તેમ તેમ જાનવરી બુરા ખવાસો પેવસ થયલા હોય યા થતા હોય તેને કાપતો જાય અને તેનેથી દૂર થતો જાય, યાને નાદાનીમાં તેને સારા નરસા ખવાસની સમજાવત ફોકટ જાય છે. કારણ કે તે સમજી શકતું નથી માટે તેનું પાલન પોશણ કર્યા

કરવું, જે વારે પુર સમજમાં આવે ત્યારે તેને નેકી અને બદી તથા જંગલી જાનવરી બુરા ખવાસો (જેવા કે લોભ, લાલચ, કીનો, કપત, ગુસો, બુરી હવસ, અંતસ, અદેખાઇ, જુઠાઇ, ઠગાઇ, વીગેરેથી) દુર રહેવાનું અથવા કાપી નાંખવાનું ધ્યાન સમજાવવું.

બીજા દાખલાનો ખુલાસો એમ થઇ શકે છે કે, જેણે હર તરેહના બુરા ખવાસો કે જે ઉપર કહ્યા તે તજી સારા ગુણ મેળવેલા હોય યાને પોતાના આત્માને સુધારેલો છે તેજ દીનનાં મોટાં કામ કરવાને લાયક બને છે અને એ પ્રમાણેની લાયકાત મેલવ્યા પછી યજદ અમશાસ્પંદોની આરાધના કરે તો, ખચીત ઓળખાણ પ્રમાણે તેઓ ખુશી થાય છે અને તેઓને એક જાતનું કૌવત મળવા બરોબર છે, નહી કે ગોસ્પંદોને કાપે તેથી તેઓ ખુશી થાય.

ત્રીજા દાખલાની મુલ નેમ એ છે કે, નાપાક આશમોગ તરફથી ઇનસાનોમાં જે બુરી ખાસીયતો પ્રવેશ કરવામાં આવેલી હોય તેને કાપીને દુર કરવી, એટલે દેવોની મુરાદ મુજબનું કામ નહી થયાથી તેઓ ઇજા પામેલા બને છે એમાં કાંઇજ શક નથી અને આતશબેહેરામને ચરબ યાને પુષ્ટીકારક ખોરાક તે સુકી, મજબુત અને બત (પોકલ નહી તે) બાવલની કાઠીનો ખોરાક આતશને આપવો, પણ તે કોણ આપે? ઉપલોજ અથોરનાન કે જેણે મજકુર ખવાસો દુર કરી, પવીત્રાઇ મેળવી, દીનની ક્રીયા કીધેલી હોય એટલે ક્રીયા માર્ગમાં પુરવીન હોય તેજ આતશબેહરામને ખોરાક આપવા માટે તેની નજદીક જવાને લાયક બની શકે છે. નહી કે ખાસ અથોરનાન થકી ગૌસ્પંદ કપાવે કે જેનાં માંસથી તે પોતાનું હોજરૂં ભરે તેથી તે આતશબેહેરામની નજદીક જવાને લાયક બને.

અવસ્તામાં ગોસ્પંદોને હલાક કરી તેનું ગોસ્ત ક્રીયામાં વાપરવા અને તેમ કરી તેને ખોરાકનાં કામમાં લેવા વીશેના ચોક્કસ ફકરાઓ આવ્યા છે જે જાહેરમાં જુદો અને બાતેનમાં કંઇ જુદોજ ભેદ ધરાવનારા જણાય છે તેવા ફકરાઓની આપણે લંબાણથી તપાસ કરી ખુલાસો કરી ગયા કે, ગોસ્પંદો કાપી ખાવાં તેની મતલબ માણસોએ પોતામાં હલકા ખવાસો હોય તેને કાપી દુર કરવા અને પછીજ ધર્મ ક્રીયા કરવામાં આવે તો તેની ધારેલી અસર બરાબર ઉતરી શકે છે. એ પ્રમાણેની સઘળી બાબદોના ખુલાસાને વળી ખુદ ગાથાના કલામો ટેકો આપી સાબેત કરી આપે છે કે જે સૌથી

સરસ મુસતકીમ દાખલો વેહુસ્તોયશત ગાથામાંથી મળે છે, જ્યાં જરથોસ્ત સાહેબ આપણને શીખામણ દઇ સમજાવે છે કે—

"(અએ નર તથા નારીઓ) તમારા બાતેનનો લોભ (અથવા ખરાબ હવસ) (જેણે ગોચા) તળયામાં જડ ઘાલેલું (છે તે) જ્યારે તદન બાહાર નીકળી જશે (તથા) જ્યારે (તમારામાંથી) પાપી વીચાર તદન નાબુદ થઇ જશે ત્યારે તે મોટાં કામનો બદલો તમને મળશે, (યાને ખરાબ હવસોને દુર કરીને, તથા પાપી વીચારોને મનમાંથી કહાડી નાખીને મન તથા દીલ સ્વચ્છ રાખવું,) એ મોટું બલ્કે મુશકેલ કામ છે અને તેવી મુશકેલી ખમવાથી તેનો બદલો મળશે." (**ગાથા**, હા ૫૩, ફ. ૭ મો.)

ઉપલી **ગાથા** વાણીની સમજાવત એવી છે કે જેનામાં હવસી ખવાસો તથા પાપી વીચારોએ ઘર કીધું હોય તેને સદંતર કાઢી નાખવું મુશકેલ છે, તોપણ તેવી મુશકેલી ખમી પાપી વીચારોને દુર કરે, અને પછીજ તે મીનોઇ શક્તિઓને આરાધવાનાં મોટાં કામમાં રોકાય તોજ તે મોટાં કામનો બદલો તેને મલી શકે છે.

ઉપર દર્શાવવામાં આવેલાં અવસ્તાનાં ભેદી લખાણો વીશે એક વિદ્વાન એમ કહે છે કે—

"જરથોસ્તનાં ધર્મ પુસ્તકોની ખોદાઇ વાતોની ખરી ખુબી પરકોમવાળાઓ આંધળાપણાથી સમજેલા છે, એટલુંજ નહીં પણ ખુદ એ જરથોસ્તના સાગેરદો માંહેલા ઘણાકો જરથોસ્તની ખરી ખુબી સમજવાને અશકત હતા." (એડવર્ડ ગીબન નામના વીદ્વાનનું પહેલું પુસ્તક, સફે ૩૨૨. જુઓ જરથોસ્તી ધર્મની મોતેબરી, સફે ૨૪.)

આપણે પહેલા બાબથી તે અહીંયા સુધી ગોસ્પંદોને લગતી બાબદો વાંચી તપાસ કરી ગયા તે ઉપરથી સહેલાઇથી જણાઇ આવે છે કે, જરથોસ્તી ધર્મ ગોસ્પંદોને ઇજા દેવાનાં કામની સખતમાં સખત વીરૂધ છે. એટલુંજ નહી પણ તે પાક પરવરની કોઇબી પેદાએશને દુઃખી નહીં કરવાનાં, બલ્કે તેઓની સંભાળભરી પરવરશી લેવાનાં ફરમાનો જગેજગ અને ઠામેઠામ જોવામાં આવે છે. જો તેઓની પરવરશી કીધામાં આવે તો, તે કામ યજદ અમશાસ્પંદોને રાજી રાખવાને લગતું ગણેલું છે, પણ જો તે સાહેબની પેદાએશને ઇજા કરવામાં આવે તો, તેવાં કામને અંહરેમેન્યુશને લગતું ગણવામાં આવેલું છે અને તેજ પ્રમાણે આપણા વીદ્વાન સાહેબ શેઠ ખુ. રૂ. કામાજીએ પોતાનાં 'જરથોસ્તી અભ્યાસ' નામનાં ચોપાન્યાંમાં સમજાવત

કીધેલી છે, કે જે દાખલા તરીકે આ જગે નોંધવા જોગ છે. શેઠ કામાજી સમજાવે છે કે—

"જરથોસ્તી ધર્મને ચોતરફથી જેમ બારીકીથી તપાસીએ છીયે તેમ તેમાંથી એક ઉમદા કાનુન ઉઘાડો પડતો જાય છે. તે એ કે, સર્વે વસ્તુઓનો માણસ જાતના ફાયદાને કાજે ઉપ્યોગ કરવો અને તેથી ઉલટું કોઇબી વસ્તુ વ્યર્થ તથા બરબાદ જવા દેવી નહી. જેઓ વસ્તુઓનો ઘટતો ઉપ્યોગ કરતા નથી, એટલુંજ નહી પણ તેની જગે તેનો નાશ વટીક કરે છે અને નાશ કરી આબાદાનીમાં ઓર ઘટાડો કરે છે તેઓ અંગ્રેમઇનયુશના કાયદા પ્રમાણે ચાલનારા ગણાય છે. દુનીયાને વાપરી તેને આબાદ તથા સુખી કરવી એ ખરા જરથોસ્તીઓનું કામ છે. દુનીયાને પડતી નાખી તેનો નાશ કરવો તથા દુખી કરવી તેની જ઼રથોસ્તીઓને સખત મનાઇ છે." (જ઼રથોશ્તી અભ્યાસ, ૧૮૬૮ નો અંક ૧૦ મે સફે ૮૦.)

બાબ ૮ મો.

વનસ્પતી તથા અનાજ અને ફળફળાદી, મેવો તથા દુધને ખોરાક તરીકે લેવાનાં જ઼રથોશ્તી ધર્મનાં ફરમાનો.

અવસ્તામાં આવેલા કેટલાક ફકરાઓ કે જેનાં ગોસ્તના ખોરાક તરીકે લેવાના તરજુમા કેટલા શક ઉત્પન કરનારા તથા એકબીજાથી હેરફેર આવેલા છે તે આપણે સાતમા બાબમાં લંબાણથી તપાસ્યા. હવે આ આઠમાં બાબમાં આપણે જોઇયે કે, દાદાર હોરમજ઼્દે દુનીયાંની શરૂઆતથી ઇનસાનો માટે કેવો અને કઇ જાતનો ખોરાક સરજેલો અથવા મુકરર કીધેલો છે અને તે વીષે પાક અવસ્તાના કલામો શું ફરમાન આપે છે?

દલીલ ૧ લી—ગોસ્તનો ખોરાક લેવો એ હેરેમંદી શક્તિ વધવાનો સબબ છે, માટેજ નીચલા અવસ્તામાં ગોસ્પંદોનાં દુધની વખાણુ કરવામાં આવી છે, જેમકે **યજ઼શ્નેના** ૧૬ મા હા મધે કહે છે કે,—

"નાપાક આશમોગની તથા પુર મરકીવાળા જુલમગારની ધસારો કરી આવનારી ખરાબીને દુર કરવા માટે દુધ અને પોષણને, વેહતાં પાણીને, ઉગતાં ઝાડને, હમો વખાણીયે છીએ." (ફ૦ ૮ મો.)

દલીલ ૨ જી—દીનકર્દ કહે છે કે,—

"દેહને દુ:ખી નહી કરનારો નીતિવાન ખોરાક તે ગોસ્પંદોની માદાઓનાં સ્વચ્છ દુધનો નીર્દોષ ખોરાક છે." (ફ. ૯ સફે ૫૯૨.)

દલીલ ૩ જી.—વરસાદ પડવાથી માણુસો માટે અનાજ તથા ગાય ઢોરો માટે ઘાસચારો ઉગી નીકળે છે તે વીષે (વંદીદાદની પરગર્દ ૫ મી માં) દાદાર હોરમજ્દ પોતે કહે છે કે,—

"તે (આડો) તરફ હોરમજ્દ અશો માણુસના ખોરાકને માટે અને સારી પેદાએશનાં ગાય ઢોરના ઘાસચારાને માટે તે (વરસાદ) વરસાવું છું (કે તેથી કરીને) મારાં **માણુસો અનાજ ખાય (અને) પેદાએશના** ગાય ઢોરો ઘાસચારો (ખાય)" (ફ૦ ૨૦ મો.)

ઉપલા દાખલાઓમાં માણુસનો ખોરાક દુધ અને અનાજ છે તે વીષે એવી રીતે ખુલાસાવાર સમજાવત કીધેલી છે કે, તે પર કંઇ શરેહ કરવાની અગત જણાતી નથી.

દલીલ ૪ થી.—ગાથા, હા ૪૮ માં કહે છે કે,—

"શરૂઆતની (અથવા અસલી) દુનીયાંની પેદાએશમાં (દાદાર) હોરમજ્દે તેને (યાને ગાય ઢોરને) માટે અશની મારફતે વનસ્પતી ઉગાડી." (ફ૦ ૬ ઠો.)

દુનીયાંની શરૂઆતથીજ તમામ જાનદારોનો ખોરાક વનસ્પતી બનાવી છે, એવી ગવાહી ઉપલા અવસ્તા આપે છે. પણ આ જગે વાંધો લેવામાં આવે કે, એમાં તો ગાય ઢોરનેજ માટે છે, તો તેનો ખુલાસો પણ એમાંથી મળે છે કે, "ગાય ઢોર" શબ્દ વલાયામાં લીધેલો છે, માટે તે જુદો પાડયે તો, "તેને માટે" યાને દુનીયાંને માટે અથવા દુનીયાંની પેદાયશમાં તમામ જાનદારો માટે વનસ્પતી બનાવી, એમ પુરવાર થાય છે.

દલીલ ૫ મી.—શેહનશાહ જમશેદની પાદશાહીમાં ચોકસ આફત પડવા વીષે દાદાર હોરમજ્દ જમશેદને ચેતવણી આપી તમામ પેદાયશને ચોકસ જગાએ લઇ જવા કહે છે. ત્યાં વનસ્પતીનાંજ ખોરાકની વાત માલમ પડે છે કે,—

"તે (ગોફા)માં તમામ ઉરવરોનાં તોખમ તું લઇ જા, તે (ગોફા)માં તમામ ખોરાકના તોખમ તું લઇ જા, જે આ જમીનમાં ઘણુંજ ખાવા લાયક તથા ઘણુંજ ખુશબોદાર છે." (વંદીદાદ, પરગર્દ ૨, ફ૦ ૨૮.)

દલીલ ૬ ઠી.—જે જગાપર અશો માણુસો ઘેર બાંધે અને તેમાં શું શું ચીજ આબાદ હોય જેથી તે ઘેરની જમીન ખુશાલ છે, તે વીશે દાદાર હોરમજ્દ જરથોસ્તને કહે છે કે—

"જે (જગા)ની ઉપર ખચીત અશો માણુસો ઘેર બાંધે (તે ઘેર કેવું હોવું જોઇયે તે વારો નીચે જણાવે છે,) આતશવાળું, ગાયને લગતી ચીજોવાળું, (જેમકે

દુધ, ઘી, માખણ, ઇત્યાદી) બાયડીવાલું, બચ્ચાં છોકરાંવાલું, સારા ચાકર નફરવાલું. તે જમીન ખુશાલ છે. ત્યાર પછી તે ઘરમાં ગાય ઢોર ભરપુર, આટો (યાને ખોરાક) ભરપુર, ઘાસચારો પુષ્કળ, બચ્ચાં આબાદ."—**વંદીદાદ,** પ. ૩, ફ. ૨–૩.

ઉપલા અવસ્તા પ્રમાણે પહેલાં તો પેલા અશો માણસનું કુટુંબ તંદરેસ્ત રહેવા માટે ગોસ્પંદોનાં દુધની તરેહવાર ચીજો પણ હાજર રહેવી જોઇએ. વલી તે ચીજો હમેશ મળે તે માટે ગાય ઢોર આબાદ અને સુખી હાલતમાં રહેવાં જોઇએ, અને તેઓને માટે ઘાસચારો તથા માણસો માટે આટો એટલે કે અનાજનો ખોરાક હોવો જોઇએ, એવી રીતની સઘળી ચીજો હાજર હોવી જોઇએ, કે જેથી પેલાં અશો માણસનું કુટુંબ આબાદ રહે અને તે જમીન પણ ખુશાલ થાય છે, અને નહી કે, ગોસ્પંદને કાપી તેનું માંસ હાજર કરે તેથી સઘલાં આબાદ અને જમીન ખુશાલ થાય.

દલીલ ૭ મી.—દાદાર હોરમજદ કહે છે કે, અએ સ્પેંતમાન જરથોસ્ત, (જ્યારે) કોઇ શખસ આ જમીનને ખેડે છે, ત્યારે આ જમીન (તે શખસને) કહે છે કે,—

"એ માણસ (તું) કે જે મને ખેડે છે તો ખચીત અહીં (તારા) દેશમાં હું આવીશ, (એટલે ફળ ઉત્પન્ન કરીશ) (તથા) તમામ મેવા સાથનો તથા અનાજનો ખોરાક લઇ જઇશ."

વંદીદાદ, પ. ૩, ફ. ૨૬–૨૭.

દલીલ ૮ મી.—"ત્રીજી કઇ (જગા) ઘણીજ ખુશાલ (છે.) ત્યારે હોરમજદે જવાબ આપ્યો કે, એ સ્પેંતમાન જરથોસ્ત, જે (જમીન) ઉપર ખચીત (જે માણસ) અનાજની તથા ઘાસચારાની, તથા ખોરાક આપનારાં (એટલે કે મેવો ઉત્પન્ન કરનારાં) ઝાડપાનાની સારી પેઠે ખેતી કરે તે જમીન ઘણીજ ખુશાલ છે."

વંદીદાદ, પ. ૩, ફ. ૩.

દલીલ ૯ મી.—"અએ દાદાર, માજદીઆસ્નાની દીનની વૃદ્ધિ શું છે? ત્યારે હોરમજદે કહ્યું કે, સારી પેઠે અનાજની ખેતી એ માજદીઅસ્ની દીન-ની વૃદ્ધિ છે."

વંદીદાદ, પ. ૩, ફ ૩૦.

દલીલ ૧૦ મી.—"જે (શખસ) અનાજની ખેતી કરે છે તે શખસ યજશ્નેનાં કામોમાંનાં દશ હજાર ઘણી યજશ્ને કરવાથી આબાદ કરે છે."

વંદીદાદ, પ. ૩, ફ. ૩૧.

ઉપલા ચાર ફકરા જમીનમાંથી ઉગતા અનાજ અને ફળફળાદીનાં ખોરાકની પુરવારી આપે છે. વળી તે અનાજ તથા ફળફળાદીનાં ઝાડો

ખોરાકને માટે ઉત્પન્ન કરે તેને માટે એમ કહે છે કે, તેણે તેવું કામ કીધાથી દશ હજાર ઘણી યજશ્નેનાં કામ કીધા બરાબર છે. પણ એમ નથી કહેવામાં આવતું કે ખોરાકને માટે ગોસ્ત ઉત્પન્ન કરે તે માજદયસ્ની દીનની વૃદ્ધિ છે તથા તેથી જમીન ખુશાલ થાય છે, અને તે શખસે યજશ્નેનાં કામ કીધા બરાબર છે.

દલીલ ૧૧ મી.—વધારે મુસ્તકીમ દલીલ તીર યસ્ત તથા ફરવરદીન યસ્તના અવસ્તા આપે છે કે--

"હવે પછી પુષ્કળ પાણીથી ઉગતા અનાજનો તથા થોડાં પાણીથી ઉગતી ભાજી તરકારી (અથવા વનસ્પતી)નો તથા તમામ હાડમંદ મુલકનો ખોરાક વગર અડચણે ઉગી નીકળશે." તીર યસ્ત, કરદો ૬, ફ. ૨૯.

દલીલ ૧૨ મી—"જે (પૃથ્વી) ઉપર વહેતાં ઝરાનાં (તથા) નદીનાં પાણી વહે છે, જે ઉપર પુષ્કળ જાતનાં ઓરવર, પશુ તથા માણસોનાં પોષણને માટે, ઇરાની દેશોનાં પોષણને માટે, પાંચ જાતનાં જાનવરોનાં પોષણને માટે જમીનમાંથી ઉગે છે." ફરવરદીન યસ્ત, ફ. ૧૦ મો.

આ તીર અને ફરવરદીન યશ્તનાં અવસ્તા આપણને ખુલ્લી રીતે સમજાવી સાબેત કરી આપે છે કે, તમામ જાનદારનો ખોરાક વનસ્પતી યાને જમીનમાંથી ઉગી નીકળતા અનાજ, ભાજી તરકારી, ફળફળાદી, મેવો તથા ઘાસચારો, વગેરે, વગેરે, દાદાર હોરમજ્દે મુકરર કીધેલો છે.

દલીલ ૧૩ મી.--પરવરદેગારે ઇનસાનનું જે બદન બનાવ્યું છે તેને માફક આવે તેવો ખોરાક પાણી, વનસ્પતી અને ફળફળાદી મેવો બનાવેલો છે કે જે વીશે **દીનકર્દ**માં લખે છે કે--

"હૈયાતીને લગતો ખોરાક હાજતને લાયકનો, પવીત્ર, સારૂં રૂપ આપવાને માટેનો, દરેક કામનાં પ્રમાણવાળો, દુનીયાને ફાયદો કરનાર હોય તે છે, અને તેમાં બદનની ઇચ્છા મુજબનો ખોરાક પાણી, વનસ્પતી અને ખાવાના ફળને લગતો છે."—પુ૦ ૯ મું, સફે ૫૯૩.

દલીલ ૧૪ મી.—"જ્યારે બદન ખોરદાદ અને અમરદાદનાં ખાણાં, પીણાના હીસાથી બંધ પડે છે ત્યારે તે વગર તેજનું થાય છે."

દીનકર્દ પ્ર. ૭ મું, સફે ૪૨૩.

આ દાખલો વનસ્પતીના ખોરાકની પુરવારી એમ આપે છે કે, ખોરદાદ યાને પાણી, અમરદાદ યાને ઝાડપાન અથવા વનસ્પતી યાને ઝાડપાન અથવા વનસ્પતી અને પાણી ઉપર એ બેઉ ફરેસ્તાઓ મવકલ છે અને એ બેઉને હરતકની જે ચં;જો તે માણસનાં બદનનો ખોરાક સાબેત થાય છે યાને

અનાજ, મેવો તથા ફળો અને પાણી કે જેના વગર ઇનસાનનું બદન વગર તેજનું બની જાય છે અથવા મુરદાર જેવું બને છે.

દલીલ ૧૫ મી.—ખોરદાદ તથા અમરદાદ ફરેસ્તાઓની સરદારી નીચેની જે ચીજો છે તે આપણો ખોરાક છે, તે ખાતી વખતે ખોદાનો આભાર નહી માને તથા તે ખાણાના સરદારની વખાણ કાયદાસર નહી કરે (યાને અવસ્તાના કલામો ભણી બાજ નહી ધરે) તો તેઓ (ફરેસ્તાઓ) રંજીદેહ થાય છે, કે જે વીશે "મીનો ખેરદ" નામની કેતાબમાં એમ સમજાવ્યું છે કે—

દરાંઆન જોએશની ના કર, યાને "જમતી વખત બાજ ભાંજીને ના બોલ કે તારેથી ખોરદાદ, અને અમરદાદ અમશાસ્પંદને ભારી રંજ નહી પહોંચે." (બાબ ૨ જો.)

દલીલ ૧૬ મી.—આપણા જરથોસ્તીઓ ગહમબારનાં વખત ઉપર જે જે ક્રીયાઓ કરે છે, તેમાંની એક ક્રીયા જેને ધહંબારની પાવી કરી કહે છે, તેનાં ભણતરમાં માણુસોને જોરેમંદ હાલતમાં રહેવા માટે ઝાડનાં ફળ તથા ગોસ્પંદોના દુધની કાયમી અથવા આબાદી ચાહી છે, કે- જે બીજા બાબમાં આપણે વાંચી ગયા.

મજકુર ભણતરમાં એવી ખુબી સમાવવામાં આવેલી છે કે, પેહેલા તો પાણીની આબાદી ચાહી છે કે, જેથી વનસ્પતી ઉગી નીકળે અને સર્વે જાનવરોને તનદરોસ્તી મળે. પછી ઝાડનાં ફળફળાદીની તથા ગોસ્પંદોનાં દુધની કાયમી ચાહી છે, જેથી માણુસો તે ખોરાક તરીકે લેઇ શક્તિ મેળવે અને પછી તે શક્તી કાયમ અથવા આબાદ હાલતમાં રહે એવી દુઆ ચાહવામાં આવી છે; નહી કે જાનવરોનાં ગોસ્તની આબાદી ચાહી તે ગોસ્તના ખોરાકની શક્તિ કાયમ રહેવા કહે છે, માટે એ દાખલો ઘણી સહેલાઇથી વનસ્પતીનો ખોરાક પુરવાર કરે છે.

દલીલ ૧૭ મી.—શહેનશાહ ગુસ્તાસ્પના છોકરા અસ્પંદીઆર જરથોસ્તી ધર્મની સમજાવત કરે છે તેમાં એમ બોલે છે કે,—

નીસ્ત જન્દ ખુરો ને જાનવર જુ, ચનીન અસ્ત દીને જરદુસ્ત નેકું.

યાને "નથી ગોસ્પંદોને કાપી ખાવાનું, કે નથી તેઓનો શેકાર કરવાનું, એવો જરથોસ્તી ધર્મ નેક છે."

દલીલ ૧૮ મી.—"સારસ્તાને ચેહાર ચમન" નામની ફારસી કેતાબનો બનાવનાર કંઇ હજાર વરસના તવારીખી દાખલાઓથી શહેનશાહ શાહપુર બીન અરદેશરની બીના લખે છે તેમાં ખીજન નામના એક

આરબ સરદારની એક છોકરી સાથની વાતચીતમાં, શાહપુરે પુછ્યું કે, "તારે ઘેર તું શું ખાતી હતી કે તું આટલી બધી નાજુક બની છે" ત્યારે તેણીએ ઉત્તર વાળ્યો કે, "મારો ખોરાક ગોસ્પંદોનાં હાડકાંની ગુર અને પીવાનું મેસરી શાકરનું શરબત હતું." શાહપુરે કહ્યું કે, "જ્યારે મારા ધર્મમાં ગોસ્ત ખાવાનું તથા ગોસ્પંદોને કાપવાનુંજ હરામ છે, ત્યારે તુને ગોસ્ત ક્યાંથી આપું." (જુઓ કયસરે હીંદ, ૧૩ મી મારચ ૧૮૮૭.)

દલીલ ૧૯ મી.—દીનકર્દમાં કહે છે કે—

"જાણવું જે આ જે આત્માનો બખશનારો દાદાર પોતાની પેદાએશને લગતા દરેક આત્માનો સંભાળનાર છે." (પુ૦ ૭ મું, સફે ૪૬૦.)

આ દાખલામાં આપણને એમ સમજાવે છે કે, જ્યારે આત્માનો બખશનારો તે સાહેબ છે અને તેનો સંભાળનાર પણ તેજ માલેક છે ત્યારે આ ખાકી ઇનસાન કે જે આત્માને પેદા કરવામાં એક તણખાં સમાન પણ વજન ધરાવી શકતું નથી તેને શું હક છે કે, તે આત્માનો પોતે નાશ કરી મોજ મેળવે.

દલીલ ૨૦ મી.—આપણા ફીલસુફી ભરેલા જરથોસ્તી ધર્મ પ્રમાણે, માંસ એ એક જાતનો "નસો" સાબેત થાય છે, જેમકે માણુસ યા જાનવર પોતાનાં મોતે યા કોઇના હાથે માર્યાં ગયાં હોય તોપણ તેઓના મુરદાર કાલબુદ યાને લાસમાં જે તફાવત થાય છે તે બંનેમાં એકસરખોજ થાય છે. જીવતું પ્રાણી અને મુવેલું પ્રાણી એ બેઉની સરખામણી થઇ શકતી નથી, સબબ કે, એકમાં જીવ અને બીજામાં નથી, જીવતું કાલબુદ તનદરોસ્ત બનતું જાય છે, ત્યારે વગર જીવવાળું કાલબુદ કોહવા માંડે છે, યાતો કોહવાની શરૂઆત થઇ ચુકી હોય તેને આપણા પાક અવસ્તામાં "દરૂજે નશસ" નામ આપવામાં આવયું છે. દાખલા તરીકે કુવામાંથી પાણી કાહડવા સારૂ હાથમાં દોરડું અને વાસણ પકડયું એટલે કુવામાંથીં પાણી કાહાડી ઘેરે લાવવાની શરૂઆત કીધી અથવા તો એક ઇમારત બાંધવાને વાસ્તે પહેલાં મીસ્ત્રીઓની સલાહ લેવી એટલે તે ઇમારત બાંધી તૈયાર કરવાની શરૂઆત કીધેલી ગણાય છે. માટે જાનવરને કાપ્યું એટલે તેજ ઘડીએ તેનાં કાલબુદમાં કોહવાની શરૂઆત થઇ ચુકેલી અવસ્તા પ્રમાણે સાબેત થાય છે, કે જે વીશેનું બ્યાન અવસ્તામાં ઘણી બારીકીથી કરવામાં આવ્યું છે. ત્યારે જાનવરને કાપ્યા પછી કલાકોના કલાકો સુધી પડી રહે છે તેટલા વખતમાં તે કોહવાની કેટલી હદ સુધી પોંહચ્યું હોય તે વીચારવું મુશકેલ

નથી અને એવાં માંસને આપણો પવીત્ર ધર્મ "દરૂજે નશસ" યાને કોહતી ચીજ કહે છે. તેનેજ આપણી પવિત્ર ધર્મ ક્રીયાઓમાં મુકી શકાય કે નહી તે પણ વીચારવું કંઇ મુશકેલ નથી.

એવાં ઘણાંએક કારણોસર એવી નસાવાલી ચીજ ગોસ્પદોના ખાધામાં આવી હોય તેવાં ગોસ્પંદોનું 'જીવામ' યાને દુધ વટીક આપણી પવીત્ર ક્રીયાઓમાં લેવાને અવસ્તામાં મનાઈ કીધેલી છે. (જુવો **વંદીદાદ**, ૫૦ ૭ ફ૦ ૭૬-૭૭) તેમજ નસો પાણીમાં આમેજ કરવા માટે પણ સમજવું. (જુઓ **વંદીદાદ**, ૫. ૬, ફ૦ ૩૫.)

અવસ્તાના મજકુર મુસ્તકીમ દાખલાઓ આપણને એવી પુરવારી અને સાબેતી આપે છે કે, તે પાક પરવરદેગારે ઇનસાન બલકે તમામ જાનદારોનો ખોરાક જમીનમાંથી ઉગતા ઝાડોનો યાને અનાજ, વનસ્પતી, દુધ, ફળફળાદી, અને મેવો મુકરર કીધેલો છે. માટે દુરંદેશ વાંચનારા જોઇ શકશે કે, એક જાનદાર પોતે બીજા જાનદારને હલાકી પહોંચાડી તેને તે પોતે ખોરાક તરીકે વાપરે એવી મતલબનો એક શબ્દ પણ ઉપલાં ફરમાનોમાં જોવામાં આવતો નથી, માટે ઇનસાનોનો ખોરાક વનસ્પતી અને દુધને લગતો છે, નહી કે જાનદાર ગોસ્પંદો કાપી તેનું ગોસ્ત ખોરાક તરીકે વાપરે.

બાબ ૯ મો.

ગોસ્પંદની પરવરશી કરવા વીશે તથા ગોસ્તનાં ખોરાક વીશે તવારીખનાં મહા વીદ્વાન ફીલસુફોનાં મતનો તથા ખ્રીસ્તી, હીંદુ, અને ઈસલામી ધર્મમાં ગોસ્પંદ વીશેના ફરમાંનોનો ટુંક સાર.

આપણે ઉપલા આઠમાં બાબમાં જોઇ ગયા કે, ઇનસાનો માટે વનસ્પતી તથા દુધનો ખોરાક જરથોસ્તી ધર્મ ફરમાવે છે. આએ નવમાં યાને છેલ્લા બાબમાં તપાસીએ કે, જરથોસ્તી ધર્મ ઉપરથી પુરાણા ફીલસુફો, મહા વીદ્વાનો ગોસ્તનાં ખોરાક વીશે તથા ગોસ્પંદોની પરવરશી તથા તેઓની

આરાધના કરવાના બાબમાં શું કહે છે, તથા જાનદારોને હલાકી પોંહચાડવા વીશેના તેઓના તથા બીજા ધર્મોનાં કેવાં મતો છે તે ટુંકમાં આપણે જોઇએ.

આપણી ધર્મ ક્રીયાઓમાં જો કે ઘાતકીપણું સમાયલું નથી, તોપણ આપણી ખાત્રી માટે પહેલાં ખુલાસો થવો અગત્યનો છે, અને તે એ કે, હોમ યજદ પોતાને નામે ઇજાતી ક્રીયામાં ગોસ્તનો કટકો માંગે છે તે આપણે ચોથા બાબમાં તપાસ્યું, તથા દફન ઉપર ગોસ્તનો કબાબ મુકવા બાબદ પણ ૬ ઠા બાબમાં જોઇ ગયા. તે ગોસ્તનો કટકો મુકવા તથા તેનો કબાબ બનાવવા માટે પહેલાં એક ગોસ્પંદને કપાવવું પડે છે, કે જેપરથી એવું સાબેત થાય છે કે, જે ધર્મની ક્રીયામાં ઘાતકીપણું સમાયલું હોય તેજ ધર્મ એવું ફરમાન આપી શકે છે, પણ આપણા પાક જરથોસ્તી ધર્મમાં તો તેવું કોઇ પણ ફરમાન નથીજ; કારણ કે, એક છેડેથી બીજે છેડે સુધી આપણે તપાસીશું તો તેમાંથી રહેમદીલી, દયાળુપણું, પરવરશી, પાસબાની વીગેરેની બાબદોથી જરથોસ્તી ધર્મ ભરપુર જણાશે. પણ દયાહીન, અને ઘાતકીપણાનો એક પણ શબ્દ આપણી નજરે પડતો નથી.

એવા આપણા દયા અને માયાવાળા જરથોસ્તી ધર્મ માટે એક વીદ્વાને પોતાનાં ભાષણમાં આપણને એમ સમજાવ્યું છે કે, "અવસ્તામાં ઘણેક ઠેકાણે ખુદરતી વસ્તુઓની પરસ્તેશ કીધેલી છે ખરી, તોપણ તે કુદરતી વસ્તુઓને અથવા તે ઉપરનાં મવકલ કીધેલા ફરેસ્તાઓને કોઇબી દુર્ગુણો લાગુ પાડયા નથી. બીજું કોઇબી અનીતિવાન કામને પરસ્તેશનાં એક ભાગ તરીકે અવસ્તામાં બાહલ રાખ્યું નથી. ત્રીજું પરસ્તેશની ઠરાવેલી ક્રીયાઓમાં ઘાતકીપણાની કશી નીશાન નથી."—રેવરંડ ડાકટર મરેમીચલે તારીખ ૨૨ મી માર્ચ ૧૮૬૧ ને દીને પુણા મધે કીધેલું ભાષણ.

ગોસ્પંદોને ઇજા દેવાનું કામ હેરેમનની ઉશ્કેરણીથી નીપજવા પામ્યું છે તે, આપણે અવસ્તા, બુન્દેહેશ, અને બેહમન યસ્ત ઉપરથી બાબ પેહલા તથા ત્રીજામાં વાંચી ગયા. જેને મલતો એક વધુ દાખલો મી૦ ઇઝરાયલ સ્મીથ કલેર નામનો વીદ્વાન જે પોતાનાં "ધી અનરાઇવલ્ડ હીસ્ટરી ઓફ ધી વરલડ" નામના પુસ્તકમાં પેહેલા વાલમમાં સફે ૨૪૮ મે જણાવે છે કે, "અંગ્રેમેન્યુશ જે સઘળાં બુરા કામોનો કરનાર હતો તેણે હોરમઝ્દે પેદા કીધેલી ભલી ચીજોનો બગાડ તથા નાશ કીધો હતો, તેણે વળી જાદુગરી, ખુન અને નાસ્તીકપણું અને માણસોમાં એક બીજાનું માંસાહાર કરવાનું દાખલ કર્યું."

મજકુર આઠે બાબમાં આપણે અનેક વખત વાંચ્યું છે કે, દુનિયાંની ભલી પેદાયશો જેવી કે, માણુસ, ગોસ્પંદ, આતશ, ધાતુ, જમીન, પાણી અને ઝાડપાન વીગેરેની વખાણ કરવી તે, ગોયા તેઓ ઉપરનાં મવકલ ફરેસ્તાઓની વખાણ ગાવા બરાબર છે અને ફરેસ્તાઇ શક્તિઓની સેફ્ત અને વખાણ ગાઇ તે ખુદ ખુદાની વખાણ ગાવા બરાબર છે, કે જે વીશે વીદ્વાન એરવદ જીવનજી જમશેદજી મોદી પોતાની "ઇરાની વીશય" નામની ચોપડીનાં બીજા ભાગમાં આપણને ઘણી ખુલાસાવાર સમજ આપે છે.

તેજ મીસાલે "બામદાદ" નામનાં ચોપાન્યાનાં અધીપતીએ પ્રોફેસર ડોકટર હાઉગને પુછાવેલા સવાલના જવાબમાં તે પ્રોફેસર લખે છે કે, "હોરમજ્દના બેટા વોહુમનો યાને તેની નેક શક્તિ સઘળાં કામમાં અને ભલાં પ્રાણીઓ જેવાં કે, ગાય, બકરાં, વગેરેમાં છે. તેઓની આરાધનાં કીધી તો તેઓની અંદર આવેલી ઇશ્વરી શક્તિની આરાધના થાય છે. ઝાડ અને પાણીની અંદર ઉરવરતાત અને અમેરેતાત છે, જેથી એ ચીજોને ઝળકાટ અને ખુબસુરતી મળે છે. અગર જો એ ચીજોની આરાધના કીધી તો, હોરમજ્દની પેદા કરનાર શક્તિ જે એ ચીજોની અંદરથી દેખાઇ આવે છે તે શક્તિની આરાધનાં થાય છે."

આપણા અશો જરથોસ્ત પેગમ્બર સાહેબના જમાનામાં એટલે પેગમ્બર સાહેબ જરથોસ્તી ધર્મની સમજાવટ કરતા હતા તે વખતમાં કોઇ પણ પ્રાણીને હલાક કરવામાં નહી આવતું હતું, પણ જરથોસ્ત સાહેબના વખત પછી પ્રાણીઓના જાન લેવાનું ફેલાયું હતું કે જે એડવર્ડ કલોડ નામના એક ઇંગ્રેજ વીદ્વાનના લખાણ ઉપરથી જણાય છે. તે ગ્રંથકાર એમ જણાવે છે કે, આપણી જીંદગી હોરમજ્દ તરફની બક્ષેશ હોવાથી અને તેટલા માટે તેને તે વહાલી હોવાને લીધે તે ધર્મ ફેલાયો ત્યાર પછીનાં પેહેલા સૈકાઓમાં કોઈ પણ પ્રાણીનો ભોગ આપી તેનું લોહી રેડવામાં આવતું ન હતું અને તે પછી એશીયા ખંડના સઘળા ધર્મોમાં એક વખત સૌથી નીર્મળ અને સૌથી ઉમદા ગણાતા એ જરથોસ્તી ધર્મની નેમ બગડતી ચાલી હતી."

સર વીલીયમ જોન્સ નામના મહા કાબેલ વીદ્વાંને પોતાનાં એક ભાષણમાં જરથોસ્તી ધર્મ વીષે બોલતાં એમ સમજાવ્યું હતું કે, "તેઓ (યાને જરથોસ્તીઓ) રહેમ નજર અને દયાળુપણાની ખાસીયત ધરાવતા હતા, તે એટલાં સુધી કે, વગર વાચાવાળાં પ્રાણીઓ ઉપર પણ રહેમદીલી રાખતા હતા."

પ્રોફેસર મોનીયર વીલીયમ્સ નામનો વીદ્વાંન કહે છે કે, "સઘળાં જાનવરો જેમાં મુખ્ય કરી ગાય, ગોસ્પંદ, મરઘાં અને કુતરાં જે સ્પેનતામઇન્યુશની ભલી પેદાયશથી છે તેઓને માન આપવું જોઇએ."

મી૰ આરથર હેનરી બ્લીક નામનો કાબેલ વીદ્વાંન લખે છે કે, "એ ધર્મના માનનારાઓને બેદરકારપણાંથી જાનવરોને વટીક મારવાની મના ફરમાવેલી છે અને તેબી જે વેળા ફ્રેંચ અને ઇંગ્રેજોના વડવાઓ પોતાનાં દેવતાઓને માણુસોનો ભોગ આપતા હતા તેવે વખતે. ત્યારે તો આવો અશો બુજોર્ગ ધર્મ આવી સુધરેલી દુનીયાંમાં માન પામનારો છે, કે જેને માટે પારસીઓને મગરૂર રેહવું જોઇએ છે."

આપણે આગળ દાખલા દલીલોથી વાંચી ગયા કે, ગાય ગોસ્પંદની પરવરશી કરવી, તેઓને પુરતો ખોરાક આપવો, તેઓને ઇજા પહોંચાડી હલાલ કરે તેની ઉપર ગુનાહ લાગુ પાડવામાં આવ્યો છે. એ પ્રમાણેની સઘળી તપાસને મી૰ સેમ્યુઅલ લૅંગ નામનો વીદ્વાંન ટેકો આપી લખે છે કે, "વળી આ ધર્મના કાનુનો જીંદગીના વપરાસમાં કેવી રીતે લાગુ પડયાં છે તે જરથોસ્તી ધર્મની એક બીજી વીખ્યાતીભરેલી ખુબી છે, જેવી કે, જાનવરો તરફની માયા ખાસ કરીને ફરમાવી છે, અને ભલી પેદાએશના જીવજંતુઓ જેવાં કે, મેંઢાં, ઘોડા અથવા કુતરાંને મારથી, ભુખમરાથી યા બીનજરૂરી કતલથી ક્રુરતા બતાવવાને પાપ ગણ્યું છે."

એમ. પી. ડોકલીસ નામનો એક વિદ્વાંન માણુસ જાતને એમ સમજાવે છે કે, "શરમભરેલી આ કતલનો છેડો તમો નહીં લાવશો? આત્મજ્ઞાનની ગેરહાજરીમાં તમો તમારો પોતાનો નાશ કરો છો તે તમો જાણુતા નથી."

એક વીદ્વાંન એમ કહી ગયો છે કે, "કાંઇ હજારો વર્ષ ઉપર કાસ્પીયન સમુદ્ર આગળ ઇરાની લોકો વસ્તા હતા, તેઓ જરથોસ્ત નામના પેગમ્બરનો ઉંચો ધર્મ પાળતા હતા, અને જાનવરોનાં સુખ માટે ઘણી કાળજી રાખતા હતા, જે બંદગી હજારો વરસપર થતી હતી તેજ આજે પણુ તે પેગમ્બરને માનનારાંઓ હીંદુસ્તાનમાં કરે છે, પણ્ તેઓ એક બાજુ તે બંદગી કરે છે, અને બીજી બાજુ જાનવરોની કતલ પોતાના પેટને માટે આંખ વીચી કરાવ્યા જાય છે."—હેરલ્ડ ઓવ ધી ગોલ્ડન એજ.

પાઇથાગોરસ કે જેના હાથ નીચે યુનાનના મોટા દાનાવ ફીલસુફોએ તાલીમ લીધી હતી-તે એમ સમજાવી ગયો છે કે, નીર્દોષ પશુઓને ઇજા

નહી દેવી, તથા તેઓને કાપવાં નહીં. માંસ ખાવાથી માણુસમાં 'હેરેમંદીનું જોર' વધે છે, અને રૂહાની શક્તી ખીલી શક્તિ નથી.

મહાત્મા ગૌતમ બુધ એમ કેહતો હતો કે, "જીંદગી ધરાવનાર દરેક પ્રાણીએ ઇનસાફ અને દયાની નજરથી જોવું."

સીસરો નામનો વીદ્વાંન પોતાના એવા વીચારો જાહેર કરે છે કે, "જેમાં ઘાતકીપણું સમાયલાં હોય તેમાં લાયકાત કે ઉપયોગીપણું હોયજ નહીં."

મશોનીસ નામનો રોમંન ગ્રંથકાર સાફ લખી ગયો છે કે, "જીવ ધરાવનાર ભાઇબંધોને કોઇએબી દુઃખ દેવું નહીં. પ્રાણીઓનું બંધારણ એવું છે કે, કુદરતે નેમી આપેલા કાયદા મુજબ તેઓ દરેક પોતપોતાની જાતને સંપુર્ણ બનાવવા માટે જીવે."

સર જોન માલકમ કહે છે કે, "ઘણા કદીમ જમાનામાં ઇરાનીઓ પોતાનાં ગુજરાનને સારૂ ખેતીવાડી કરતાં ગોસ્પંદો ઉપર વધારે આધાર રાખતા હતા, કેમકે જેઓ માંસ ખાતા હતા તેઓ તરફ લાંબો વખત સુધી ધીકકારની રાહે તેઓ જોતા હતા. આગલ જણાવ્યા મુજબ જોહાક પાદશાહે સૌથી પેહલીવાર એ (ગોસ્ત ખાવાની) રસમ દાખલ કરી હતી, પણ કેટલાએક ઉંચે વાંધેના પુરૂશો અથવા ધર્મના ઉપાધ્યાઓ માત્ર (જેમકે હીંદુઓમાં છે તેવા) દુધ અને ભાજી તરકારી ઉપર પોતાનું ગુજરાન કરતા હતા."

આપણા પેગમ્બર અશો જરથોસ્ત સાહેબ પોતે કેવો ખોરાક લેતા હતા તે વીશેની સમજાવટમાં "પ્લુટાર્ક" ફીલસુફ લખી ગયો છે કે, "જરથોસ્ત જે ખોરાક હંમેશ લેતા હતા તે દુધનોજ હતો."

એ ઉપરથી આંકવીટીલ દુપેરો એમ કહી ગયો છે કે, પ્લુટાર્ક કહે છે કે, જરથોસ્ત જે ખોરાક હમેશ લેતા હતા તે દુધનોજ હતો. પ્લુટાર્કના વખતથી કહેવાતું આવ્યું છે, તે જો ખરૂં હોય તો જે ખોરાક તેવણ (જરથોસ્ત) હમેશ લેતા હતા તે દુધજ હતું.

રોમન ફીલસુફ પ્લીની પોતાના ૧૧ માં પુસ્તકમાં લખે છે કે, "જરથોસ્ત અલબરોજ કોહના ગુફામાં ખોદાતાલાની બંદગી અને મોનાજાતને સારૂ વીસ વરસ સુધી ગુંથાયલા હતા, અને પોતાનું ગુજરાન માત્ર દુધના ખોરાક ઉપરજ કરતા હતા."

યુનાની ફીલસુફ ડાયોજીનીસ લેસીઅરસ પોતાની "ફીલસુફોની જીંદગી" નામની કેતાબમાં લખે છે કે, "મોબેદ અથવા માજદયશનાન લોકોનો મુળ પુરૂષ જરથોસ્ત થઇ ગયો છે. તેઓ યજદ અમશાસ્પંદોને આરાધવામાં તથા તેઓની યજશ્ને કરી જશન કરવામાં ગુંથાયલા રહે છે. તેઓ પોતાના ખોરાકમાં તરકારી, પનીર તથા જાડી રોટી ખાય છે."

હીંદુ ધર્મ પુસ્તક "શ્રીમદ ભગવત" માં લખે છેકે, "પશુને તેં નાહક દુઃખ આપી મારી નાખ્યાં છે, તેથી તેઓ ઉપલી દુનીયાંમાં તારી રાહ જુવે છે. અને તારા કીધેલાં કટકા મને યાદ કરી તારી ઉપર ક્રોધ લાવી તું મરશે ત્યારે પોતાનાં લોઢા સરખાં શીંગડાંથી પરલોકમાં છુંદી નાંખશે."

"સઘળા ગાય ઢોર અને પશુઓને પોતાના ફરજંદની માફક ગણવાં, કારણ કે, જાનવરોનાં અને ફરજંદોના જીવમાં કશો ફરક નથી. વાસ્તે જેમ પોતાના ફરજંદોને મારતા નથી, તેમ તેઓને પણ મારવા નહીં જોઇએ."

"શ્રી મારકંદ પુરાન" નામની કેતાબમાં કહે છે કે, જે માણસો પોતાનાં પેટ ભરવા સારૂ ઘાતકીપણું કરે છે, અને ઘણાજ ગરીબ નહી દુખ દેનારાં પશુઓને મારે છે, તેવા શખસોને દુનિયામાં જીવતા જીવત મુએલાં જાણવાં."

"વીશ્ણું પુરાણ"નાં "દાન" નામનાં પુસ્તકમાં એમ લખે છે કે, "કોઇ-બી જીવજંતુને દુઃખ નહી દેવું, એ મોટો ધર્મ છે. તેમજ તેઓની ઉપર દયા કરવી એ મોટું તપ છે અને વળી તેઓ ઉપર રહેમભરેલી નજરથી જોવું એ ભારે જ્ઞાન છે, અને દુનિયાંમાં સર્વ જાનદારોને જીવની માફક ગણ્યાથી મોટાઇ પણ છે."

ખ્રીસ્તી ધર્મ પુસ્તકમાં "જીનીસીસ"નાં પેહલા બાબના ૨૯ માં ફકરામાં એવી સમજાવટ કીધેલી છે કે, "પાક પરવરદેગારે કહ્યું છે કે, જુવો તમામ જમીન ઉપરનો બીજદાર ભાજીપાલો તથા તમામ મેવાદાર ઝાડો એ તમારે વાસ્તે પેદા કર્યા છે તે તમો તમારા ખોરાક દાખલ વાપરજો."

જેમ્સ બીજુ પરવમાં કહે છે કે, "જે ધણી આ જેહાનમાં કોઇબી પ્રાણી ઉપર દયા નહી લાવશે તો, કયામતને દીને તેની ઉપર રેહમ નહી થશે."

ઇસલામી ધર્મ કેતાબોમાંથી પણ ગોસ્પંદોના પરવરશી કરવાનાં ફરમાનો મળે છે. ત્યાં એવી સમજાવટ કીધેલી છે કે, "દુધનાં દોહનારને લાજમ

છે કે, ગાય તથા ગોસ્પંદો એ વગેરે બીજાં જાનવરોનાં બચ્ચાંઓએ દુધ ધાવ્યા બાદ જેટલાંનો બચાવ થયો હોય તેટલુંજ દુધ દોહે, કારણ કે પેલાં મુગાં પશુઓનાં બચ્ચાં ભુખે નહીં મરે, અને વળી તે દુધનાં દોહનારને ઘટે છે કે, દુધ દોહવાની આગમચ પોતાનાં હાથનાં નખ ઉતારે કે, નાહક તે બીચારાં ગરીબ જાનવરને નખ લાગવાથી કંઇ ઇજા થાય."

"કીફા" નામની કેતાબમાં મહમદ પેગમ્બર ફરમાવે છે કે, "હજ કરનારા ધણીને ખુશકી ઉપર શેકાર કરવું, તથા કોઈ શેકાર કરતું હોય તેને શેકાર દેખાડી આપવો તથા તે તરફ લઇ જવું એ સર્વે હરામ છે."

આપણા કદીમ ઇરાન દેશને આગલા હોકમાઓ "ઇરાન, મીનો નીશાન" એવા નેકી ભરેલાં નામથી ઓળખાવી ગયા છે. અને તેનો સબબ એમ જણાવે કે, "જ્યાં (ઇરાનમાં,) ગોસ્પંદોના દુધ, દહીની વૃદ્ધિ, ભાત-ભાતની વનસ્પતીની પેદાયશ કે જે આદમીનો સાદામાં સાદો ખોરાક હતો." (એજહારે શીહાતે ઇરાન.)

અવલથી તે આખેર સુધીની આ ગોસ્પંદોને લગતી બાબદોની તપાસ કે જે નવ ભાગમાં આપણે મુસ્તકીમ અને સતાદાર દાખલા દલીલોથી કરી ગયા, તે નવ ભાગની એકેક સાથે સરખામણી કરતાં સાબેત થાય છે કે, ગોસ્પંદોની પરવરશી કરવી, તેઓને ઇજા નહી દેવી, તેઓને આજાબ પોંહચાડવામાં આવે તો તેનું સેવટનું મુકામ દોજખ ગણેલું છે. વળી મજકુર સરખામણીથી એવું પણ સાબેત થયું છે કે, અવસ્તામાં ચોકસ વાકય અથવા ફકરાઓ કે જેમાં જાહેરમાં એક અર્થ તો બાતેનમાં કંઇ જુદોજ અર્થ અને ભેદ જરથોસ્ત સાહેબે સમાવેલા દીસે છે, એટલુંજ નહીં પણ સાધારણ વાતચીતમાં પણ અલંકારીક અને ભેદી સખુનો વાપરતા હતા, કે જે "રમજરતાને જરથોસ્ત" યાને જરથોસ્તના ભેદી સખુનોનું રહેઠાણ એવે નામની ચોપડી ઉપરથી જણાય છે. જેમ કે એક જગે એમ લખે છે કે:—

"હવે શાહનશાહ બેહમંન બીન અસ્પંદીયાર બીન ગુશતાસ્પ શાહે કહેલું છે કે, હજરત જરથોસ્ત પેગમ્બર સાહેબ મારી આગળ કેહતો હતો કે મારાં માબાપે મને પોતાનાં શેહેરથી ઘણોએક દુર દાઇઓ પાસે મોકલ્યો. ત્યારે હું ઘણુંએક વરસ સુધી તે જગોપર દાઇઓ પાસે રહ્યો તેથી કરી હું પોતાનાં માબાપને વીસરી ગયો. ત્યારે એકાએક મારા દીલમાં આવ્યુ જે મારા માબાપ કોણ છે અને કયાં હશે અને મારૂ વતન કયું હશે ત્યારે

હું ઘણીએક મેહનતથી માબાપ તથા વતનનો પતો શોધીને જે રસ્તે આવ્યો હતો તેજ રસ્તે નાગો માદરજાદ પાછો ગયો, ત્યારે પોતાનાં વતનમાં પોંહોચ્યો અને મારે ઘર જઇ મેં માબાપને જોયાં. પછી વળી પાછો ત્યાંથી પેલી દાઇઓ હતી ત્યાં ગયો, શા વાસ્તે કે તે લોકોનાં કપડાં મારી પાસે હતાં. તે લોકો એમ નહી કહે કે ચાકરી તો નહી કરી શકયો પણ ઉલટાં અમારાં કપડાંને ખાર યાને બારેવાત કર્યાં અને નાસી ગયો. તે વાસ્તે જ્યાં સુધી એ કપડાં ફાટશે ત્યાં સુધી તે દાઇઓની પાસે રેહવશ. તે કપડાં ફાટ્યાં પછી હમારા વતનમાં મારાં માય બાપની પાસે જવશ.''

"શેહનશાહ બહમન બીન અસ્પંદીઆર કેહે છે કે, હજરત જરથોસ્તે જે કાંઇ મારી આગળ વાત કીધી તે ભેદમાં કહી છે. તેનો ભેદ એ છે કે, શહેર તથા ઘેર યાને આસમાની દુનીયાં બાપ યાને પેહલી અકલ કે જેને આપણે બહમન અમશાસ્પંદ કહીયે છીયે. માયે યાને રવાન, બોદ યાને નવમા આસમાનનું રવાન, દાઇ યાને આએ જેહાંનમાં રવાનનું તનમાં આવવું. પોતાનાં વતન તથા માબાપને વીસરી જવું યાને તબીયતની કાયાની ખાસીયત પકડવી. યાદ આવવું વતન તથા માબાપનું યાને આસમાનની દુનીયાંની ખાહેશ કરવી. નાગું માદરજાદ યાને રવાનને તપ તથા બંદગીનાં જોરથી કાયાને આએ દુનીયાંમાં મુકીને આસમાન ઉપર જવું. વળી પાછું દાઇઓ પાસે જવું યાને તે રવાનને આસમાન ઉપરથી પાછું આવી તનમાં ભરાવું, અને તે લોકો એમ નહી કહે કે ચાકરી તો નહી કરી શકયો પણ કપડાંનેબી ખાર અને બારેવાત નાંખીને નાસી ગયો કે, યાને એમ કહે કે કાયાની ચાકરી નહી કરી શકયો તે વાસ્તે કાયાને આએ દુનીયાંમાં બારેવાત નાંખીને નાસી ગયો. જ્યાં સુધી એ કપડાં ફાટે નહીં ત્યાં સુધી હું તે દાઇની પાસે રહેવશ યાને જ્યાં સુધી એ કાયા મરે નહીં ત્યાં સુધી હું એ કાયાને મુકીને દુનીયાંમાં જનાર નથી. દાઇની ચાકરી કરવી યાને રવાનને કાયામાં ભરાઇને નેક કરણી તથા નેક કામની પુંજી એકઠી કરવી અને કપડાનું ફાટવું યાને કાયાનું મરવું યાને જ્યાં સુધી કાયા છે ત્યાં સુધી આ દુનીયાંમાં રેહવશ. જ્યારે કાયા પડશે એટલે મરશે ત્યારે હું પોતાનાં આસમાની વતનમાં જવશ. હવે એ ઉપરથી એ સાર નીકળે છે કે, હજરત જરથોસ્ત સાહેબે બહમન પાદશાહને કહ્યું કે, બાપ યાને પેહલી અકલ (એટલે બહમન અમશાસ્પંદ), માએ યાને રવાન બોદ (એટલે નવમા આસમાનનું રવાન) એ બેઉ જણાએ (એટલે અકલ તથા રવાન બોદે) મારાં રવાનને આસમાની આલમમાં આએ ગેતીની દુનીયાંમાં કાયા પાસે

મોકલ્યું ત્યારે મારૂં રવાન કેટલાંએક વરસ સુધી કાયામાં રહ્યું તેથી ફરી પલાં આસમાની પોતાનાં માબાપને તથા આસમાની શેહેરને વીસરી ગયું. ત્યાર પછી એકાએક મારાં રવાને વીચાર કીધો કે, મારાં માબાપ કોણ હશે, મારૂ વતન ક્યાં હશે? એમ વીચાર કરી પાછાં પોતાનાં આસમાની શેહેર તથા માબાપ યાદ કીધાં, ત્યારે મારૂં રવાન રીયાજત તપનાં જોરથી કાયાને આએ દુનીયાંમાં અનામત મુકીને પોતાના આસમાની વતનમાં જઇ પોતાનાં માબાપ જે બેહમન અમશાસ્પંદ તથા રવાન ઓદ છે તેને મળીને પાછું ફરી આએ દુનીયાંમાં પોતાની કાયામાં આવી ભરાયું. અગરજો કદાચ મારૂં રવાન આસમાન ઉપરથી પાછું આએ દુનીયાંમાં પોતાની કાયામાં નહીં આવતે તો, એમ કેહવાતે કે એનું રવાન કાયાની તદબીર તથા પરવરેશ કરી શક્યું નહી. તે વાસ્તે કાયાને એકદમ અનામત નાખીને નાસી ગયો. તે વાસ્તે જ્યાં સુધી કાયા મરે નહીં ત્યાં સુધી મારૂં રવાન કાયાને મુકીને જનાર નહીં. જ્યારે એ કાયા મરશે ત્યારે મારૂં રવાન આસમાની આલમમાં પોતાની કરણી તથા ફેલ ફરેબની પુંજી સાથે પોતાના માબાપ જે બેહમન અમશાસ્પંદ તથા રવાન ઓદ તેની પાસે જશે."

ઉપર પ્રમાણેની જ્યારે જરથોસ્ત સાહેબની ફકત દુનીયાંનાં કારોબારમાં આ ખાકી ઇનસાન સાથની સાધારણ વાતચીતમાં બારીક ભેદો અને ખુબી સમાયલી છે, ત્યારે જે અશો પેગમ્બર કાંઇક વર્ષોની લાંગી મુદત સુધી તે સાહેબની "રીઆજત"માં બેસી સંપુર્ણ ખોદાઇ જ્ઞાન મેલવ્યા પછીજ તે પાક દાદારે પોતાની "હરવેસ્પ આગાહી" તે પાક પેગમ્બરને બક્ષી, તે આગાહીનાં જોરે યાને તે આગાહીનાં ભાનમાં ગરકાવ થઇ જઇ દાદાર સાથની વાતચીતનાં જોરે પવીત્ર અવસ્તાનાં કલામો બનાવ્યા. તેજ પાક અને પવીત્ર અવસ્તામાં કેટલી હદ સુધી એવા બારીક ભેદો સમાવેલા હશે તે આપણને સેહલાઇથી જણાઇ આવે છે. માટે જરથોસ્તી ધર્મની પવીત્ર ક્રીયાઓમાં અથવા કોઇબી ભણતરમાં ગોસ્પંદોનું દુધ, ઘી તથા વનસ્પતીનો ખોરાક વાપરવો સજાવાર છે, જેથી મીનોઇ શક્તિઓનું તે જગે ઉતરવું થાય છે. પણ જરથોસ્તી ધર્મની કોઇબી ક્રીયામાં અથવા ભણતરમાં ગોસ્પંદોનું માંસ (ગોસ્ત) ભણવા માટે મુકવું સજાવાર નથી, કારણ કે તે હેરેમંદી શક્તિઓનું પોષણ સમાન છે. વાસ્તે ક્રીયાની જગે મીનોઇ શક્તિઓ અને અશો ફરોહરોને બદલે હેરેમંદી બુરી શક્તિઓનું ખેંચાણ થાય છે, માટે દુધ તથા ઘી વાપરવું એ ખુદ ખુદાને ખુશી કરવા બરાબર છે અને જાહેરના અર્થો ઉપરથી ગોસ્પંદને કપાવી તેનું ગોસ્ત ક્રીયા કામમાં વાપરવું અને

તેવે કારણે તેને ખાવું એ ખુદ ગનાગીનો હેરેમંદને ખુશી કરવા બરાબર છે, માટે જો દીનદાર જરથોસ્તીઓ હવે પોતાનાં ઘરમાં "સ્તુમ" અને "દરૂનબાજ" વીગેરેનાં ભણતરોની પાક અને પવીત્ર ક્રીયાઓમાં ગોસ્તને બદલે જો "વનસ્પતીનો સ્વચ્છ ખોરાક" વાપરવામાં લે તો આ અદનાની કીધેલી મેહેનતનો બદલો મળી ચુકો એમ હું સમજીશ.

મજકુર ગોસ્પંદોની બાબતો લખવામાં, જે જે સાહેબોની ચોપડી ચોપાન્યાંઓ અને ન્યુસપેપરોની મેં મદદ લીધી છે તે માટે તે સાહેબોનો અદના તરફથી મોટો ઉપકાર માનવામાં આવે છે.

આ લખાણ સમાપ્ત કરતી વખતે મારા અંતઃકરણે એ બોલ બોલવાને મને ફરજ પાડી છે અને તે એ છે કે, જરથોસ્તીઓ પોતાના ગુજર પામેલાં વાહલાંઓનું પોતપોતાના એકીન મુજબનું ક્રીયા કામ કરે છે તેની સામે રાહનુમા માઝદીયસ્નાન સભાનાં વીદ્વાન ગ્રહસ્થો આજ પચાસથી વધુ વરસોની મુદતથી જેવી રીતની લડત ચલાવે છે તેવીજ રીતની લડત ગોસ્પંદોની બાબદ કે જે આ અદનાએ લખી છે, તેવી બાબદો ઉપર ચલાવી હતે તો, કંઇજ નહી તો, સેંકડો જરથોસ્તીઓ જાનવરોને ઇજા દેવાનાં જેવાં કામથી હાથ ઉઠાવી દુર થયા હતે, કે જેથી દાદારની દરગાહના મીનોઇ ચોપડા એ રાહનુમા માઝદીયસ્નાન સભા માટેનાં પુનથી ભરપુર થયા હતે, એટલુંજ નહી, પણ આ ખાકી ઇનસાન તરફથી કંઇને કંઇ શાબાશી અને જશ મળ્યો હતે, એવું મારા અંતઃકરણનું મત છે.

[સમાપ્ત.]

જરથોશતી ભાઇબંધોની મંડળી.

સ્થાપના—સને ૧૨૬૧ યજદેજરદી, ઇ. સ. ૧૮૯૨.

મુદ્રાલેખ— { **હુમત, હુખત, હુવરશત,**
નેક વિચાર, નેક સખુન, નેક કામો.

મંડળીની મુખ્ય નેમો.

૧. જરથોસ્તીઓમાં ભાઇબંધી અને એકદિલીનો વધારો કરવો.
૨. દર અરદીબહેસ્ત રોજે તથા બીજા ખાશ જશનોને દીવસે જશનની પવિત્ર ક્રીયા કરવી.
૩. વાએઝો તથા ભાષણોની મારફતે જરથોસ્તી ધર્મ, જ્ઞાન, નિતી, ક્રીયા તવારીખ અને ફીલસુફી સમજાવવી.
ચોપાન્યાંઓ મારફતે જરથોસ્તી ધર્મ જ્ઞાનને લગતા રેસાલાઓ છપાવી જરથોસ્તીઓમાં વહેંચવા.

મંડળીની ફી—વારશીક રૂપીઓ ૧) એક.

મંડળીના હાલના ઓધ્ધેદારો તથા કારોબારીઓનાં નામો નીચે મ છે:—

દસ્તુરજી કેખશરૂ દસ્તુર જામાસ્પજી જામાસ્પ આશાના, જે.પી. (પેટ્રન તથા ટ્રસ્તી.)
શેઠ રૂસ્તમજી કાવસજી પારખ (સરનશીન તથા ટ્રસ્તી.)
શેઠ દાદાભાઇ ધનજીભાઇ જસાવાલા (નાયબે સરનશીન તથા ટ્રસ્તી.)
શેઠ મંચેરજી હોશંગજી જાગોશ (ટ્રસ્તી તથા કારોબારી.)
નાયબે દસ્તુરજી મીનોચેહેરજી જામાસ્પજી જામાસ્પ આશાના (કારોબારી)
એરવદ ફરામરોઝ દસ્તુર ખુરશેદજી થાણેવાલા. ,,
શેઠ ફરામજી રતનજી સરવેઅર ,,
,, દીનશાહ ધનજીભાઇ કાબરા. ,,
,, હોરમજી ખરશેદજી ખાંન. ,,
,, હોરમજી એદલજી ઉમરીગર. ,,
,, જહાંગીર રૂસ્તમજી ધોંડી. ,,
,, રૂસ્તમજી નસરવાનજી બીસની. (સેક્રેટરી.)

ઉપલી મંડળીમાં જે જરથોસ્તી સાહેબો સરઅવસરે નાણાની રકમ "ડોનેશન" તરીકે ભરવાની મહેરબાની કરશે તે ઉપકાર સહીત સ્વીકારવામાં આવશેજી. તેમજ જે જરથોસ્તી સાહેબો મંડળીમાં જોડાવાની ખાહેશ રાખતા હોય તેઓએ મંડળીના સેક્રેટરી મી. રૂસ્તમજી નસરવાનજી બીસનીને ધોબી તલાવ-મુસની ચહેલી, નં. ૬૬ના સરનામે લખવાની મહેરબાની કરવી.